RNI No. GUJGUJ/2009/30906
RNI TITLE CODE NO. GUJGUJ12914

રાજકોટ મિરર

RAJKOT MIRROR DAILY MORNING NEWS PAPER

Year : 15 Issue : 353 Dt. 28-06-2026 Page : 08 Price : Rs 3

Editor : PRATIPALSINH NARENDRASINH JADEJA, Publisher, Printer & Owner : YASHPALSINH JAYCHANDRASINH JADEJA

Place of Publication and Printing : 201-SAGAR APPARTMENT, C-WING, OPP. SHREEJI HOTEL, NEAR MILESTONE APPARTMENT, ROYAL PARK STREET NO. 10, KALAWAD ROAD, RAJKOT

અમેરિકાની એરસ્ટ્રાઈકના જવાબમાં ઈરાનનો બહેરીન પર ભયંકર ડ્રોન એટેક

મિડલ ઈસ્ટમાં યુદ્ધના ભણકારા

નવી દિલ્હી, તા.૨૭

સ્ટ્રેટ ઓફ હોર્મુઝમાં માલવાહક જહાજ પર હુમલા બાદ અમેરિકાએ ઈરાન પર એરસ્ટ્રાઈક કરી હતી. તેના જવાબમાં ઈરાને બહેરીન પર ડ્રોન હુમલા કર્યા છે. ઈરાનનો દાવો છે કે, તેણે બહેરીનમાં આવેલા અમેરિકી સૈન્ય ઠેકાણાઓને નિશાન બનાવ્યા છે. આ સૈન્ય એક્શનથી મિડલ ઈસ્ટમાં સ્થિતિ ફરી બેકાબૂ બને તેવા સંકેતો છે.

સ્ટ્રેટ ઓફ હોર્મુઝમાં માલવાહક જહાજ પર થયેલા હુમલા બાદ અમેરિકાએ ઈરાન પર કરેલી એરસ્ટ્રાઈકના જવાબમાં ઈરાને હવે બહેરીન પર જવાબી ડ્રોન હુમલા કર્યા છે. ઈરાનનો દાવો છે કે, તેણે આ હુમલાઓ દ્વારા બહેરીનમાં આવેલા અમેરિકી સૈન્ય ઠેકાણાઓને નિશાન બનાવ્યા છે. અમેરિકા અને ઈરાન વચ્ચે રાતભર ચાલેલા આ સૈન્ય એક્શનના કારણે મિડલ ઈસ્ટમાં (મધ્ય પૂર્વ) પરિસ્થિતિ ફરી એકવાર બેકાબૂ બને તેવા સંકેતો દેખાઈ રહ્યા છે. તાજેતરમાં જ બંને દેશો વચ્ચે સંઘર્ષ સમાપ્ત કરવા માટે બનેલી વચગાળાની સહમતિ અને સીઝફાયરની સ્થિતિ હવે જોખમમાં મુકાઈ ગઈ છે.

અમેરિકાએ ગુરુવારે હોર્મુઝમાંથી પસાર થઈ રહેલા એક જહાજ પર થયેલા ઈરાની ડ્રોન હુમલાના જવાબમાં શુક્રવારે ઈરાન પર હવાઈ હુમલા કર્યા હતા. આના પ્રત્યાઘાત રૂપે શનિવારે ઈરાનના ઈસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડ કોર્પ્સ (ઈછ્ઝ્ઈ) દ્વારા બહેરીન તરફ આત્મઘાતી ડ્રોન મોકલવામાં આવ્યા હતા. ઈરાનની સરકારી ન્યૂઝ એજન્સી ઈછ્ઝ્ઈ દ્વારા જાહેર કરાયેલા નિવેદનમાં જણાવાયું છે કે, તેમણે આ વિસ્તારમાં સક્રિય 'અમેરિકી આતંકવાદી સેનાના અનેક ઠેકાણાઓ' પર સચોટ નિશાન સાધ્યું છે.

બહેરીન પર ઈરાનનો આ હુમલો કોઈ સંયોગ નથી. બહેરીન પહેલેથી જ ઈરાનનું કટ્ટર વિરોધી રહ્યું છે, અને સૌથી મહત્વની વાત એ છે કે, બહેરીનમાં અમેરિકી નૌસેનાના પાંચમા બેડા (ઝજ ગફદુ'ત ઋશ્વરવિં ઋહયયર્ાિ)નું મુખ્ય મથક આવેલું છે. તાજેતરમાં જ બહેરીને અમેરિકી વિદેશ મંત્રી માર્કો રુબિયોની યજમાની કરી હતી, જ્યાં ખાડી સહયોગ પરિષદ (ઋઈઈ)ની બેઠકમાં ઈરાનના હુમલા રોકવા અને હોર્મુઝ સ્ટ્રેટને મુક્ત રાખવાની માંગ કરાઈ હતી. બહેરીનના વિદેશ મંત્રાલયે આ હુમલાને નાગરિકોની સુરક્ષા માટે ખુલ્લો પડકાર ગણાવીને તેની આકરી નિંદા કરી છે.

હોર્મુઝમાં વધુ એક જહાજ પર હુમલો, સમુદ્રી માર્ગ બદલાયો બ્રિટિશ સેનાના યુનાઈટેડ કિંગડમ મેરીટાઈમ ટ્રેડ ઓપરેશન્સ (ઝઊંખઝઘ)ના જણાવ્યા અનુસાર, શનિવારે હોર્મુઝ સ્ટ્રેટમાં વધુ એક ઓઈલ ટેન્કર જહાજ પર હુમલો થયો હતો, જોકે સદનસીબે તેનો ચાલક દળ સુરક્ષિત છે. આ ઘટના બાદ અમેરિકી નૌસેનાની દેખરેખ હેઠળ કામ કરતા જોઈન્ટ મેરીટાઈમ ઈન્ફોર્મેશન સેન્ટરે, ઓમાનના દરિયાકાંઠા નજીક સમુદ્રી માર્ગનો વિસ્તાર કરવાની જાહેરાત કરી છે, જેથી જહાજોની અવરજવર સુરક્ષિત રીતે થઈ શકે.

કરાચીમાં આત્મઘાતી હુમલો

પાકિસ્તાન રેન્જર્સના મુખ્યાલય પાસે બ્લાસ્ટ અને ફાયરિંગ, ચારના મોત

નવી દિલ્હી, તા.૨૭

પાકિસ્તાનના કરાચીમાં રેન્જર્સ હેડક્વાર્ટર નજીક આત્મઘાતી હુમલો થયો છે. ગુલિસ્તાન-એ-જૌહર વિસ્તારમાં આવેલા બ્લોક-૬ સ્થિત રેન્જર્સ મુખ્યાલય પાસે જોરદાર બ્લાસ્ટ સાથે ગોળીબાર થયો. એક આત્મઘાતી હુમલાખોરે વિસ્ફોટ કર્યો, જ્યારે તેના સાથીઓએ સુરક્ષા દળો પર ગોળીબાર ચાલુ રાખ્યો. અડધા કલાક સુધી ચાલેલી અથડામણ બાદ સુરક્ષા દળોએ વિસ્તારને ઘેરી સર્ચ ઓપરેશન શરૂ કર્યું છે.પાકિસ્તાનના કરાચીમાં આત્મઘાતી હુમલાના સમાચાર સામે આવ્યા છે. માહિતી મુજબ ગુલિસ્તાન-એ-જૌહર વિસ્તારના બ્લોક-૬ સ્થિત રેન્જર્સ હેડક્વાર્ટર (પાકિસ્તાન રેન્જર્સનું મુખ્યાલય) નજીક જોરદાર બ્લાસ્ટ અને ભારે ગોળીબાર થયો છે. અહેવાલો અનુસાર, એક આત્મઘાતી હુમલાખોરે રેન્જર્સ કમ્પાઉન્ડને નિશાન બનાવીને વિસ્ફોટ કર્યો, જ્યારે તેના અન્ય સાથીઓએ સુરક્ષા દળો પર ગોળીબાર શરૂ કરી દીધો, જેના પછી વિસ્તારમાં ભીષણ અથડામણ ફાટી નીકળી હતી.

સૂત્રોનું કહેવું છે કે પહેલો ધમાકો અત્યંત શક્તિશાળી હતો, જેના પછી બે નાના વિસ્ફોટો પણ થયા. એવું જણાવવામાં આવી રહ્યું છે કે સુરક્ષા દળો અને હુમલાખોરો વચ્ચે આશરે અડધા કલાક સુધી ગોળીબાર ચાલતો રહ્યો. સ્થાનિક મીડિયા અહેવાલો અનુસાર, આ હુમલો ગુલિસ્તાન-એ-જૌહર વિસ્તારના એક મુખ્ય રોડ પર થયો, જે કરાચી યુનિવર્સિટી અને શહેરમાં આવેલી અન્ય કેટલીય યુનિવર્સિટીઓને જોડે છે અને પાકિસ્તાન હવામાન વિભાગ તરફ જાય છે.

હુમલા બાદ વિસ્તારમાં ભારે સુરક્ષા બળ તૈનાત કરી દેવામાં આવ્યું છે અને સમગ્ર વિસ્તારને ઘેરીને સર્ચ ઓપરેશન ચલાવવામાં આવી રહ્યું છે. હાલમાં કોઈ સંગઠને આ હુમલાની જવાબદારી લીધી નથી. પાકિસ્તાન રેન્જર્સ એક અર્ધલશ્કરી દળ છે, જેનું મુખ્ય કાર્ય દેશની સરહદોની સુરક્ષા, આંતરિક સુરક્ષા અને આતંકવાદ વિરોધી અભિયાનોને અંજામ આપવાનું છે. આ સિવાય રેન્જર્સ રમખાણો અને હિંસા પર નિયંત્રણ, સંવેદનશીલ વિસ્તારોમાં સુરક્ષા વ્યવસ્થા, મોટા આયોજનો અને વીઆઈપી સુરક્ષામાં પણ મદદ કરે છે.

આ દળ પાકિસ્તાનના ગૃહ મંત્રાલય હેઠળ કામ કરે છે, પરંતુ જરૂર પડયે પાકિસ્તાની સેના સાથે મળીને પણ ઓપરેશન કરે છે. પાકિસ્તાન રેન્જર્સ બે મુખ્ય ભાગોમાં વહેંચાયેલું છે.

૧- પંજાબ રેન્જર્સ, જે પંજાબ પ્રાંત અને ભારત-પાકિસ્તાન આંતરરાષ્ટ્રીય સરહદ નજીક પંજાબ સેક્ટરની દેખરેખ રાખે છે. ૨- સિંધ રેન્જર્સ, જે સિંધ પ્રાંત, ખાસ કરીને કરાચી અને આસપાસના વિસ્તારોમાં સુરક્ષા અને કાયદો-વ્યવસ્થા સંભાળે છે. કરાચીમાં અવારનવાર કાયદો-વ્યવસ્થા અને આતંકવાદ વિરોધી અભિયાનોમાં પાકિસ્તાન રેન્જર્સની તૈનાતી રહે છે. આ જ કારણ છે કે ગુલિસ્તાન-એ-જૌહર સ્થિત રેન્જર્સ મુખ્યાલયને હાઈ-સિક્યોરિટી ક્ષેત્ર માનવામાં આવે છે.

ચોરી-કૌભાંડ પર પ્રશ્નો કરવા આસ્થા પર હુમલો નથીઃ કોંગ્રેસ

રામ મંદિર દાનમાં ગેરરીતિ મુદ્દે કોંગ્રેસ આક્રમક મૂડમાંઃ 'શ્રદ્ધાનો ઉપયોગ શસ્ત્ર કે ઢાલ તરીકે ન થવો જોઈએ': પ્રિયંકા

નવી દિલ્હી, તા.૨૭

રામ મંદિરના દાનના કથિત દુરુપયોગની તપાસ અંગે કોંગ્રેસે શનિવારે ભાજપ, રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (છ્જ્જ) અને કેન્દ્ર પર પ્રહાર કર્યો અને તેના વરિષ્ઠ નેતાઓ પવન ખેરા અને પ્રિયંકા ગાંધી વાડ્રાએ મંદિરના વહીવટ પર પ્રશ્નો ઉઠાવ્યા અને નિષ્પક્ષ તપાસની માંગ કરી છે.પત્રકારોને સંબોધતા કોંગ્રેસના નેતા પવન ખેરાએ રામ મંદિર પ્રોજેક્ટની વહીવટી દેખરેખ પર સવાલ ઉઠાવ્યા અને આરોપ લગાવ્યો કે મંદિર ટ્રસ્ટની રચના વડાપ્રધાન નરેન્દ્ર મોદીની નજીકના વ્યક્તિઓ સાથે કરવામાં આવી હતી. અયોધ્યા પ્રોજેક્ટ, તેની શરૂઆતથી, આરએસએસની દેખરેખ હેઠળ અને પીએમઓની સીધી દેખરેખ હેઠળ છે. ટ્રસ્ટની રચના વડા પ્રધાનની નજીકની વ્યક્તિઓ સાથે કરવામાં આવી હતી, જેમ કે નૃપેન્દ્ર મિશ્રા અને ચંપત રાય, ભૂતપૂર્વ આરએસએસ પ્રચારક. હવે, નાણાકીય વિસંગતતાઓના આરોપો સામે આવ્યા છે. અને મંદિરની અંદરથી જ કોઈએ આની જાણ કરી હતી, જે મહીપ સિંહે, મહાપાલિકાની અંદર આની જાણ કરી હતી.તેમણે મંદિરના પ્રોજેક્ટની દેખરેખ રાખનારાઓની જવાબદારી પર પણ સવાલ ઉઠાવતા કહ્યું કે, આ પૈસા ક્યાં જઈ રહ્યા છે અને ખરેખર કોણ સામેલ છે, દિલ્હી અને નાગપુર સુધી પહોંચે છે. અમે હિંદુ આસ્થાને ઠેસ પહોંચાડનારા નથી, આ ચોરી કરનારાઓ છે. ચોરી પર સવાલ ઉઠાવવો એ ધર્મ પર હુમલો નથી. તેઓ તેમના ખોટા કાર્યો માટે આસ્થાનો ઢાલ તરીકે ઉપયોગ કરે છે. ખેરાએ આક્ષેપ કર્યો હતો કે ધર્મનો ઉપયોગ ખોટા કાર્યોને બચાવવા માટે કરવામાં આવી રહ્યો છે. તેઓએ હુલ્લડો ભડકાવવા માટે અને હવે ચોરીને ઢાંકવા માટે ધર્મનો ઉપયોગ કર્યો છે. ધર્મનો ઉપયોગ હથિયાર કે ઢાલ તરીકે થવો જોઈએ નહીં. જો કોઈએ દાન કે આસ્થા સાથે છેડછાડ કરી હોય તો તે નાગપુરમાં અને ખુદ વડાપ્રધાન છે. કોંગ્રેસના મહાસચિવ અને વાયનાડના સાંસદ પ્રિયંકા ગાંધી વાડ્રાએ પણ રામ મંદિરમાં મળેલા દાનની કથિત ઉચાપત અંગે પ્રશ્ન ઉઠાવ્યો હતો, અને સૂચવ્યું હતું કે આવી ગેરરીતિઓ માત્ર નીચલા સ્તરના કર્મચારીઓ દ્વારા કરવામાં આવી ન હતી અને સંભવિત ''મોટા માથાઓની સંડોવણી'' નો સંકેત આપ્યો હતો. તેણીએ આ મામલાને દબાવવાના કોઈપણ પ્રયાસ સામે સાવચેતી સાથે નિષ્પક્ષ તપાસ અને દોષિતો સામે કડક કાર્યવાહી કરવા હાકલ કરી હતી.

ટ્રમ્પ આવશે ભારત : માર્કો રુબીયો

ટ્રમ્પ અને વડા પ્રધાન નરેન્દ્ર મોદી વચ્ચેના મજબૂત વ્યક્તિગત સંબંધો

નવી દિલ્હી, તા.૨૭

યુનાઈટેડ સ્ટેટ્સના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ ૨૦૨૭ ની શરૂઆતમાં ભારતની મુલાકાત લેશે. ભારતમાં યુએસ રાજદૂત સર્જિયો ગોરે પુષ્ટિ આપી છે કે નવી દિલ્હી અને વોશિંગ્ટન લાંબા સમયથી પડતર દ્વિપક્ષીય વેપાર કરાર પૂર્ણ કરવા અને ઊર્જા, સંરક્ષણ અને ટેકનોલોજીમાં સહયોગને વધુ ગાઢ બનાવવા માટે આગળ વધી રહ્યા છે, આ મુલાકાતની તૈયારીઓ પહેલાથી જ ચાલી રહી છે. અમેરિકા દ્વારા ભારતીય આયાત પર ૫૦ ટકાથી વધુ ટેરિફ લાદવાના નિર્ણય બાદ દ્વિપક્ષીય સંબંધોમાં તણાવ આવ્યા બાદ ટ્રમ્પની આ પહેલી ભારત મુલાકાત હશે.

ગોરે કહ્યું કે તેઓ રાષ્ટ્રપતિની મુલાકાતની તૈયારીઓને અંતિમ સ્વરૂપ આપવા માટે ભારતની યાત્રા કરી રહ્યા છે, જે નવી દિલ્હી સાથેના સંબંધોને વોશિંગ્ટન કેટલું મહત્વ આપે છે તે દર્શાવે છે. તેમણે કહ્યું કે ભાગીદારી ટ્રમ્પ અને વડા પ્રધાન નરેન્દ્ર મોદી વચ્ચેના વ્યક્તિગત સંબંધો છે, જ્યારે વિદેશ સચિવ માર્કો રુબિયો પણ દ્વિપક્ષીય કાર્યસૂચિને આગળ વધારવામાં સામેલ હતા.

ફ્રાન્સમાં ઋ૭ સમિટમાં ટ્રમ્પ અને મોદીએ ''વ્યાપક'' બેઠક યોજ્યાના અઠવાડિયા પછી આ જાહેરાત કરવામાં આવી છે. રાજદૂતના જણાવ્યા અનુસાર, નેતાઓ એક કલાકથી વધુ સમય સુધી મળ્યા અને વેપાર, સંરક્ષણ અને દ્વિપક્ષીય સંબંધોના અન્ય પાસાઓ પર ચર્ચા કરી, જેના કેટલાક પરિણામો આગામી અઠવાડિયામાં જાહેર થવાની અપેક્ષા છે.

ગોરે કહ્યું કે પ્રસ્તાવિત ભારત-અમેરિકા વેપાર કરાર પર વાટાઘાટો અંતિમ તબક્કામાં પ્રવેશી ગઈ છે, બંને પક્ષો હવે કરારના ચોક્કસ પાસા પર કામ કરી રહ્યા છે. તેમણે કહ્યું કે તેઓ ૪૮ કલાક પહેલા નવી દિલ્હીમાં વાણિજ્ય મંત્રી પિયુષ ગોયલ અને અન્ય વરિષ્ઠ ભારતીય અધિકારીઓને મળ્યા હતા. ફક્ત થોડા જ મુદ્દાઓ વણઉકેલાયેલા છે અને હવે સમગ્ર ધ્યાન કરારની ભાષાને અંતિમ સ્વરૂપ આપવા પર કેન્દ્રિત થયું છે. તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો કે આ સોદો આગામી થોડા અઠવાડિયા કે મહિનામાં પૂર્ણ થઈ જશે.

વાટાઘાટોની ગતિનો બચાવ કરતા, ગોરે નોંધ્યું કે પ્રસ્તાવિત ભારત-અમેરિકા કરાર લગભગ દોઢ વર્ષથી ચર્ચા હેઠળ હતો, જે યુરોપિયન યુનિયનની વેપાર વાટાઘાટો સાથે વિપરીત હતો, જે તેમણે કહ્યું હતું કે બે દાયકાથી વણઉકેલાયેલ રહ્યો હતો. અંતિમ કરારની વિગતો જાહેર કર્યા વિના, તેમણે કહ્યું કે બંને દેશો પરિણામથી સંતુષ્ટ થશે, અને સામાન્ય મુદ્દાઓ ઓળખવામાં આવે અને પરસ્પર હિતોને સંબોધવામાં આવે ત્યારે સફળ વેપાર સોદા શક્ય છે. ઊર્જા સહયોગ અંગે, ગોરે યુનાઈટેડ સ્ટેટ્સ, ભારતના સંભવિત વ્યવસ્થાની રૂપરેખા આપી, જેમાં ભારત વેનેઝુએલાના ભારે ક્રૂડ ઓઈલને રિફાઈન કરવાની ક્ષમતાને કારણે મુખ્ય ભૂમિકા ભજવશે તેવી અપેક્ષા છે. તેમણે કહ્યું કે વોશિંગ્ટન પુરવઠો વધારવા માટે નવી દિલ્હી સાથે કામ કરી રહ્યું છે અને આવી વ્યવસ્થાને સરળ બનાવશે.

રાજદૂતે એ પણ સંકેત આપ્યો કે હોર્મુઝ સ્ટ્રેટમાં વધતા તણાવ અને વૈશ્વિક ઊર્જા સુરક્ષા અંગે વ્યાપક ચિંતાઓએ સપ્લાય ચેઈનને વૈવિધ્યીકરણ કરવાની તાકીદ છે, જેના કારણે ભારતની રિફાઈનિંગ ક્ષમતા યુનાઈટેડ સ્ટેટ્સ માટે વ્યૂહાત્મક રીતે મહત્વપૂર્ણ બની છે.

'ભારત ટેક્સી'ના માધ્યમથી ઐતિહાસિક ક્રાંતિનો પ્રારંભ

અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ સહિત ગુજરાતનાં ૧૪ પ્રમુખ શહેરોમાં 'ભારત ટેક્સીનો શુભારંભઃ ગુજરાત સહિત દેશના ટ્રાન્સપોર્ટેશન અને મોબિલિટી માટે ભારત ટેક્ષી શરુ કરાવતા કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહઃ આવી પહેલથી ડ્રાઈવર ''સારથિ'' કહેવાશે, જે આત્મનિર્ભરતા, આદર અને આત્મસન્માનનું પ્રતીક બનશેઃ મુખ્યમંત્રી

ગાંધીનગર, તા.૨૭

'ભારત ટેક્સી'ના માધ્યમથી ગુજરાત સહિત દેશના ટ્રાન્સપોર્ટેશન અને મોબિલિટી ક્ષેત્રે ઐતિહાસિક ક્રાંતિની શરૂઆત થઈ છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના 'સહકાર સે સમૃદ્ધિ' ના મંત્રને સાકાર કરતાં, સહકારી ધોરણે દેશની સર્વપ્રથમ ટેક્સી સેવા 'ભારત ટેક્સી' નો આજે ગાંધીનગરથી ગુજરાતના તમામ પ્રમુખ શહેરોમાં સત્તાવાર પ્રારંભ કરવામાં આવ્યો છે. અમૂલ અને ઇફકોના સફળ સહકારી મોડેલ પર આધારિત આ નવીન પહેલથી ટૂ-વ્હીલર, ઓટો રિક્ષા અને ફોર-વ્હીલર ચલાવતા દેશના લાખો વાહનચાલકોને ખાનગી એપ-આધારિત કંપનીઓના શોષણમાંથી મુક્તિ મળશે. આ પહેલથી ટેક્સી ચાલકો ડ્રાઇવર નહીં, પરંતુ 'સારથિ' અને 'માલિક' છે, તેમ કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહે જણાવ્યું હતું.

મંદિર, ગાંધીનગર ખાતેથી વિશ્વની સૌથી મોટી અને ચાલકોની માલિકી ધરાવતી સહકારી મોબિલિટી સંસ્થા 'ભારત ટેક્સી'નો કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહના હસ્તે આજે મહાત્મા ગુજરાતમાં ભવ્ય શુભારંભ કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી, કૃષિ અને સહકાર મંત્રી જીતુભાઈ વઘાણી તેમજ રાજ્ય મંત્રી રમેશભાઈ કટારા વિશેષ ઉપસ્થિત રહ્યા હતા.

ખાનગી કંપનીઓ વાહનચાલકોને માત્ર ડ્રાઇવર ગણીને તેમનું શોષણ કરતી હતી, કમિશનના નામે કમાણી પડાવી લેતી હતી અને કોઈ સુનાવણી વગર રજીસ્ટ્રેશન બ્લોક કરી દેતી હતી. પરંતુ 'ભારત ટેક્સી'માં આ વાહનચાલકો માત્ર ડ્રાઇવર નથી, પણ 'સારથિ' તરીકે ઓળખાય છે. આજે દેશભરના ૭ લાખથી વધુ સારથિઓ રૂ. ૧૦૦ના શેર સાથે 'ભારત ટેક્સી'ના સહ માલિક-શેરહોલ્ડર બન્યા છે. આ મોડેલ માત્ર ગ્રાહકોને વ્યાજબી ભાવે સુરક્ષિત સવારી જ નથી આપતું, પરંતુ સારથિઓને સન્માન, સુરક્ષા અને સમૃદ્ધિની ગેરંટી આપે છે. કેન્દ્રીય મંત્રીએ ભારપૂર્વક કહ્યું હતું કે, આજે, એક મહિલા પશુપાલક કે જેમણે માત્ર રૂ. ૧૦૦ના શેરથી શરૂઆત કરી હતી, તે એક સિસ્ટમ એટલે કે અમૂલનો ભાગ છે, જે રૂ. ૧.૨૫ લાખ કરોડનું ટર્નઓવર ધરાવે છે. જેના પરિણામે અમૂલ વિશ્વની સૌથી વિશ્વસનીય ફૂડ બ્રાન્ડ તરીકે ઉભરી આવી છે.

અમિતભાઈ શાહે દેશના પ્રથમ સહકાર મંત્રી તરીકે સહકાર ક્ષેત્રને અમુક સેક્ટર સુધી સિમીત ન રાખીને સહકારી મંડળીઓને પણ એક નાની કોર્પોરેટ કંપનીમાં બદલવાના સફળ પ્રયાસો હાથ ધર્યા છે. આવી જ એક અભિનવ પહેલ ભારત ટેક્સી સેવાનો ગુજરાતમાં આજે ગાંધીનગરથી અમિતભાઈ શાહે શુભારંભ કરાવ્યો હોવાનું મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતું . ભારતની ૮ મોટી સહકારી સંસ્થાઓના માધ્યમથી શરૂ થયેલી ભારત ટેક્સી એ સારથિની માલિકી ધરાવતું વિશ્વનું સૌથી મોટું સહકારી માળખું બન્યું છે. અમિતભાઈ શાહે ફેબ્રુઆરી ૨૦૨૬માં આ મોડેલની શરૂઆત કરાવી ત્યારથી આજ સુધીમાં ભારત ટેક્સીના ૭ લાખ સભ્યો થયાં છે અને ૩૭ લાખ ગ્રાહકોએ ટેક્સી સેવાનો લાભ લીધો છે. સહકારનું આ એક એવું મોડેલ છે, જેમાં વિકાસનું કેન્દ્ર માત્ર મૂડી નહિં, પરંતુ માનવી છે તેમ તેમણે ઉમેર્યું હતું.આ કાર્યક્રમમાં કેન્દ્રીય સહકાર મંત્રી અમિત શાહની ઉપસ્થિતિમાં ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશન, ગુજરાત રાજ્ય સહકારી બેંક, અદાણી એરપોર્ટ, અમદાવાદ પશ્ચિમ રેલવે, એરપોર્ટ ઓથોરિટી ઓફ ઈન્ડિયા-સુરત, રાજકોટ અને વડોદરા, અમદાવાદ મ્યુનિસિપલ કમિશનર-ઇછ્ઝ્ઝ, ગુજરાત ટ્રાફિક પોલીસ સાથે વિવિધ સમજૂતી કરાર-ખઞઝ કરવામાં આવ્યા હતા.

ગુજરાતમાં દુષ્કાળનો ઈતિહાસ ઘણો લાંબો અને પીડાદાયક

સાત દુષ્કાળે પશુપાલકોને રડાવ્યા'તા

વરસાદ ખેંચાતા પશુપાલકોને યાદ આવ્યા દુષ્કાળના ડાકલાઃ કેટલ કેમ્પો શરૂ કરવા સરકારે સહવી પડી નોબત

રાજકોટ, તા.૨૭

ચાલુ વર્ષમાં વરસાદ ખેંચાઈ રહ્યો છે. અથવા તો ઝાપટા સ્વરૂપે વરસીને ખેડૂતોને ચિંતિત બનાવી દીધા છે. ત્યારે ભૂતકાળમાં અપૂરતા વરસાદ કે, અછત જેવી પરિસ્થિતિ વચ્ચે સૌરાષ્ટ્ર-ગુજરાતમાં પડેલા દુશ્કારનો ચિતાર આજની તારીખે પણ ધ્રુજાવી જાય છે. છેલ્લા ૫૦ વર્ષમાં (૧૯૭૬ થી ૨૦૨૬ દરમિયાન) ગુજરાતમાં નાના-મોટા અંદાજે ૭ થી ૮ વખત વ્યાપક દુષ્કાળ કે અછતની સ્થિતિ સર્જાઈ છે.

૧૯૮૫-૧૯૮૭માં સતત ત્રણ વર્ષ સુધી પડેલો ભયંકર ત્રિકાળ (૧૯૮૭માં સૌથી વધુ પ્રકોપ) જોવા મળ્યો હતો.). ૧૯૯૯-૨૦૦૦ઃ સદીનો છેલ્લો મોટો દુષ્કાળ જેણે અડધાથી વધુ ગુજરાતને પ્રભાવિત કર્યું હતું.૨૦૦૨-૨૦૦૩ઃ નબળા ચોમાસાને કારણે અછત સર્જાઈ હતી. ૨૦૧૨ અને ૨૦૧૫ દરમિયાન સૌરાષ્ટ્ર-કચ્છ અને ઉત્તર ગુજરાતના કેટલાક વિસ્તારોમાં ઘણાખરા અંશે અછત જેવી સ્થિતિ પેદા થઇ હતી. ૨૦૧૮માં પશ્ચિમ કચ્છ અને સૌરાષ્ટ્રના અમુક તાલુકાઓમાં તીવ્ર ઘાસચારાની અછત વર્તાઈ હતી.

ખાસ કરીને છેલ્લા ૫૦ વર્ષના ગાળામાં સૌથી ભયંકર અને વિનાશક દુષ્કાળ વર્ષ ૧૯૮૭ નો હતો (જે '૮૭નો દુષ્કાળ' તરીકે આજે પણ લોકમાનસમાં જાણીતો હોવાનું કહેવાય અને મનાય છે. જો કે, આ આખા ગાળાને ૧૯૮૫ થી ૧૯૮૭નો સતત ત્રિકાળ કહેવામાં આવે છે, જેમાં ૧૯૮૭માં ચોમાસું તદ્દન નિષ્ફળ ગયું હતું.ગુજરાતના તત્કાલીન ૧૯ જિલ્લાઓમાંથી ૧૬ જિલ્લા (ખાસ કરીને આખું સૌરાષ્ટ્ર અને કચ્છ) આ દુષ્કાળની ચપેટમાં આવી ગયાનું મનાતું હતું.

ભૂગર્ભ જળ સાવ તળિયે બેસી ગયા હતા, અને આર્થિક રીતે સૌરાષ્ટ્રનો કમરતોડ ફટકો પડ્યો હતો. મહત્તમ મગફળીના પાક અને ઓઇલ મિલોને અસર પહોચી હતી.અત્રે એ ઉલ્લેખનીય છે કે, જો ૫૦ વર્ષની મર્યાદા બહાર જઈએ, તો ૧૯૦૦ની સાલનો 'છપ્પનિયો દુકાળ' - વિક્રમ સંવત ૧૯૫૬ ગુજરાતના ઈતિહાસનો સૌથી કાળમુખો દુષ્કાળ ગણાય મનાય છે. ૧૯૮૭ અને તે પછી ૧૯૯૯-૨૦૦૦ના મોટા દુષ્કાળ વખતે મૂગા પશુધનને બચાવવા માટે સરકારે મોટા પાયે અભૂતપૂર્વ વ્યવસ્થાઓ ઉભી કરવી પડી હતી, કારણ કે ઘાસચારા વિના લાખો પશુઓના જીવ જોખમમાં હતા.પશુ રાહત કેમ્પ અને પાંજરાપોળ (કેટલ કેમ્પ): અસરગ્રસ્ત વિસ્તારોમાં સરકારી સંવર્ધન કેન્દ્રો અને સેવાભાવી સંસ્થાઓના સહયોગથી સેંકડો 'ઢોરવાડા' (પશુ કેમ્પ) શરૂ કરાયા હતા. જ્યાં માલધારીઓ પોતાના પશુઓ લાવીને રાખી શકતા અને તેમના માટે મફત કે સબસિડીવાળા ઘાસ અને પાણીની વ્યવસ્થા થતી.ખાસ 'ગ્રીન લાઇન' ઘાસચારો ટ્રેન (ઋફિતત ઝફિશક્ષત): ગુજરાતમાં ઘાસની ભારે અછત સર્જાતા તત્કાલીન સરકારે દક્ષિણ ગુજરાત (વલસાડ, નવસારી) તેમજ પડોશી રાજ્યોમાંથી રેલવે વેગનો ભરી ભરીને લીલો અને સૂકો ઘાસચારો સૌરાષ્ટ્ર અને કચ્છના ડેપો સુધી મફત પહોંચાડ્યો હતો.પશુપાલકો અને ખેડૂતોને પશુ દીઠ દૈનિક કેશ સબસિડી આપવામાં આવતી જેથી પશુપાલકો ચારો ખરીદી શકે તેવી વ્યવસ્થા ગોઠવાઈ હતી.

માત્ર પશુઓ અને ગ્રામીણ વસ્તી માટે પાણી પહોંચાડવા રેલવે દ્વારા વોટર ટેન્કરો (વોટર ટ્રેન) દોડાવવામાં આવી હતી. રાજકોટ અને જામનગર જેવા શહેરો-જિલ્લાઓમાં આ વ્યવસ્થા જીવાદોરી બની હતી.રાહત કામો. પશુપાલકો સ્થળાંતર ન કરે તે માટે સ્થાનિક સ્તરે જ તળાવો ઊંડા કરવાના કે રસ્તા બનાવવાના 'રાહત કામો' શરૂ કરાયા, જેથી લોકોને રોજગારી મળે અને એ પૈસાથી તેઓ પશુઓનું પાલન કરી શકે.

૧૯૮૭ના દુષ્કાળમાં પશુ રાહતની આંકડાકીય વિગતો જોઈએ તો તે સમયે રાજ્ય સરકાર દ્વારા પશુધનના સંરક્ષણ માટે યુદ્ધના ધોરણે બજેટ અને સંસાધનો ફાળવવામાં આવ્યા હતા. સમગ્ર ગુજરાતમાં (ખાસ કરીને સૌરાષ્ટ્ર-કચ્છમાં) અંદાજે ૧,૫૦૦ થી વધુ સરકારી અને અર્ધ-સરકારી પશુ રાહત કેમ્પો શરૂ કરવામાં આવ્યા હતા. આશ્રિત પશુઓનો આંકડોઃ આ કેમ્પોમાં એક સમયે ૨૦ લાખથી વધુ પશુઓને આશ્રય આપીને તેમનું જતન કરવામાં આવ્યું હતું. ઈતિહાસમાં પશુઓ માટે આટલા મોટા પાયે આયોજન આ વન-ડે પ્રક્રિયા નહોતી, પણ મહિનાઓ સુધી ચાલ્યું હતું.

સરકાર દ્વારા કેમ્પ ચલાવતી સંસ્થાઓને પશુ દીઠ દૈનિક ધોરણે (તે સમયના ચલણ મુજબ) આર્થિક સહાય અપાતી હતી, જેથી મોટા અને નાના પશુઓ માટે પૂરતો ખોરાક મળી રહેતો હતો. મોટા પાયે ઘાસચારાનું પરિવહનઃ દક્ષિણ ગુજરાતના વલસાડ, ડાંગ અને સુરતના જંગલો તેમજ મધ્યપ્રદેશ જેવા પડોશી રાજ્યોમાંથી અંદાજે ૨૦ કરોડ કિલો (૨ લાખ ટનથી વધુ) સૂકો અને લીલો ઘાસચારો ટ્રેનો અને ટ્રકો મારફતે સૌરાષ્ટ્ર-કચ્છના ડેપોમાં ઠાલવવામાં આવ્યો હતો.

ઐતિહાસિક સરકારી નિર્ણયો

દુષ્કાળની ભયાનકતા જોતાં સરકારે નિયમો હળવા કરીને 'ઇમરજન્સી પ્રોટોકોલ' હેઠળ કામ કર્યું હતુંઃ 'રિલીફ કમિશનર' (રાહત કમિશનર) ની વિશેષ સત્તા અંતર્ગત સચિવાલય સ્તરે રાહત કમિશનરની ઓફિસને સીધી સત્તા સોંપાઈ હતી. કલેક્ટરોને જિલ્લા સ્તરે ઘાસચારાની હેરફેર માટે કોઈપણ ખાનગી વાહન 'રિક્વિઝિશન' (કબજે) કરવાની કાનૂની સત્તા અપાઈ હતી. જે ગામોમાં આનાવારી (પાકની ટકાવારી) ૪ આના કે તેથી ઓછી હોય, તેને તાત્કાલિક અછતગ્રસ્ત જાહેર કરી ત્યાં પશુઓ માટે સબસિડી વાળું ઘાસ આપવાનું સરકારી ઠરાવ દ્વારા ફરજિયાત કરાયું હતું.સરકારે વિશેષ ઠરાવ કરીને વન વિભાગના અનામત જંગલો માલધારીઓના પશુઓ ચરવા માટે ખુલ્લા મૂકી દીધા હતા અને જંગલમાંથી મફત ઘાસ કાપવાની મંજૂરી આપી હતી. કેન્દ્ર સરકાર અને રેલવે મંત્રાલય સાથે સંકલન સાધીને ઘાસચારા ટ્રેનને પ્રાયોરિટી ગ્રીન કોરિડોર આપવામાં આવ્યો હતો.

પાણીની વ્યવસ્થા માટે લેવાયેલા અસાધારણ પગલાં

પશુઓ અને લોકો માટે પાણી એ સૌથી મોટો સવાલ હતો, જેના માટે આ નિર્ણયો લેવાયા હતા.જેમાં વોટર ટ્રેન રાજકોટ જેવા શહેરો અને આસપાસના પશુ કેમ્પો માટે ટ્રેનના વેગનો દ્વારા પાણી લાવવામાં આવતું હતું.સરકારે મિલિટરી અને ઓઇલ કંપનીઓના હેવી ડ્રિલિંગ મશીનો બોલાવીને પાતાળ કૂવા બનાવ્યા હતા જેથી પશુઓ માટે હવાડા(અવેડા) ભરી શકાય.આખોય વહીવટી પુરુષાર્થ એ વાતનું ઉદાહરણ છે કે ટેકનોલોજી ઓછી હોવા છતાં, ૧૯૮૭માં માત્ર વહીવટી કુશળતા અને લોકભાગીદારીથી લાખો મૂગા પશુઓનો જીવ બચાવી શકાયો હતો.

દુષ્કાળમાં ક્યાં જીલ્લામાં કેવી વ્યવસ્થા?

૧૯૮૭ના એ ઐતિહાસિક ત્રિકાળ દરમિયાન સૌરાષ્ટ્ર અને કચ્છના જુદા જુદા જિલ્લાઓમાં પશુધનની વસ્તી, ભૌગોલિક પરિસ્થિતિ અને પાણીની અછત અલગ-અલગ હોવાને કારણે તંત્ર દ્વારા જિલ્લાવાર વિશેષ વહીવટી મોડલ ઊભા કરવામાં આવ્યા હતા. કચ્છ જિલ્લામાં સૌથી મોટું સ્થળાંતર અને 'બન્ની'નું સંકટ અનુભવાયું હતું. કચ્છની ભૌગોલિક સ્થિતિ અને વિશાળ પશુધનને કારણે અહીં સૌથી મોટું સંકટ હતું.કચ્છના એશિયાના સૌથી મોટા ગણાયતા 'બન્ની'ના ઘાસના મેદાનો સાવ સુકાઈ ગયા હતા. આથી સરકારે ઈતિહાસનું સૌથી મોટું પશુ સ્થળાંતર રોકવા માટે ૪૦૦થી વધુ મોટા કેટલ કેમ્પ માત્ર કચ્છ જિલ્લામાં જ શરૂ કર્યા હતા.સિંધુ નદીના કાંઠાના વિસ્તારો કે પડોશી વિસ્તારોમાંથી પણ ઘાસ મંગાવવાની વ્યવસ્થા કરાઈ હતી. રાપર, ભચાઉ અને ભુજ તાલુકામાં મોટા ડેપો બનાવી મિલિટરીના ટ્રકો દ્વારા અંતરિયાળ વાંઢો (માલધારી વસાહતો) સુધી ઘાસ અને પાણીના ટેન્કર પહોંચાડાયા હતા. રાજકોટ જિલ્લામાં વોટર ટ્રેન અને અર્બન-રૂરલ સંકલન અંતર્ગત રાજકોટ આખા સૌરાષ્ટ્રનું કેન્દ્ર હોવાથી વહીવટી દબાણ સૌથી વધુ અહીં હતું. રાજકોટ જિલ્લાના ગામડાઓ અને પશુઓ માટે પાણી મુખ્ય સમસ્યા હતી. આથી ઈતિહાસમાં પહેલીવાર વોટર ટ્રેન (પાણીની સ્પેશિયલ ટ્રેન) દોડાવીને રાજકોટ રેલવે સ્ટેશને પાણી ઠાલવવામાં આવતું અને ત્યાંથી પશુ કેમ્પો સુધી સપ્લાય થતું.રાજકોટ, ગોંડલ અને જેતપુર આસપાસ સેવાભાવી સંસ્થાઓ (જેમ કે લોકભારતી અને અન્ય ટ્રસ્ટો) ના સહયોગથી વિશાળ ઢોરવાડા શરૂ કરાયા, જ્યાં એક-એક કેમ્પમાં ૫,૦૦૦થી વધુ પશુઓ રાખવામાં આવ્યા હતા.

વરસાદી ઝાપટા છતાં બફારો યથાવત

વાતાવરણમાં એકસાથે ૩ શક્તિશાળી હવામાન સિસ્ટમ સક્રિય થતાં ભારેથી અતિભારે વરસાદની વકી

રાજકોટ, તા. ૨૭

ચોમાસાની શરૂઆત તો થઈ ચૂકી છે પરંતુ મેઘરાજા હજુ પણ રાજકોટ પર મન મૂકીને વરસ્યા નથી. રાજકોટના ઘણાખરા વિસ્તારોમાં આકરા તાપની અનેભૂતિ લોકોએ કરી તો ઘણા ખરા વિસ્તારોમાં હળવાથી મધ્યમ ઝાપટા પણ પડ્યા પરંતુ હજુ સુધી જે બફારામાંથી મુક્તિ મળવી જોઈએ તે રાજકોટ વાસીઓને મળી નથી અને છૂટાછવાયા વિસ્તારમાં વરસાદી ઝાપટા પડ્યા હતા. મહાનગરપાલિકાની પ્રિમોન્સૂન કામગીરીની પણ પુલ ખુલ્લી.

ચોમાસાનો સમયગાળો શરૂ થઈ જવા છતા હજુ રાજકોટ શહેરમાં આકરો તાપ અને બફારાથી લોકો ત્રસ્ત થઈ રહ્યા છે. શનિવારે રાજકોટનું તાપમાન ૪૦ ડિગ્રી સુધી પહોંચી ગયું હતું. જોકે સાંજનાં પાંચ વાગ્યા બાદ હવામાન પલ્ટાયુ હતું અને વાદળો ઘેરાયા હતા.અને શહેરના અમુક વિસ્તારોમાં છુટાછવાયા ઝાપટા વરસ્યા હતા. આથી રોડ-રસ્તા પર પાણી ફરી વળ્યા હતા. રાજકોટ ફાયરબ્રિગેડનાં ચોપડે ઈસ્ટઝોનમાં માત્ર ૧ મી.મી. અને સેન્ટ્રલ ઝોનમાં ૩ મી.મી. વરસાદ નોંધાયો હતો. જોકે વેસ્ટ ઝોનમાં કોઈ જ વરસાદ નોંધાયો નહતો.

દરમ્યાન ગઈકાલે પણ સવારથી આકરા તાપ વચ્ચે વાદળો આકાશમાં ક્યારેક ક્યારેક નજરે ચડતા હતા. હવામાન વિભાગના સૂત્રો અનુસાર હજુ પણ આવતા બે ત્રણ દિવસ દરમ્યાન નોંધપાત્ર વરસાદની શકયતા નથી.

ગુજરાતના વાતાવરણમાં આવેલા મોટા ફેરફારને કારણે વિવિધ જિલ્લાઓમાં ગાજવીજ અને પ્રચંડ તોફાન સાથે વરસાદની આકરી આગાહી કરવામાં આવી છે. હવામાન નિષ્ણાતોના મતે, આ પ્રિ-મોન્સૂન એક્ટિવિટી દરમિયાન પવનની ગતિ સામાન્ય કરતાં ઘણી વધારે એટલે કે કલાકના ૫૦ થી ૬૦ કિલોમીટર પ્રતિ કલાકની તીવ્ર ઝડપે ફૂંકાઈ શકે છે, જે કાચા મકાનો, હોર્ડિંગ્સ અને વૃક્ષો માટે જોખમી સાબિત થઈ શકે છે. આ સિવાય સૌરાષ્ટ્ર પંથકમાં પણ મેઘરાજા રૌદ્ર સ્વરૂપ ધારણ કરે તેવી ગંભીર આગાહી કરવામાં આવી છે.

દરિયાકાંઠાના વિસ્તારોમાં ઊંચા મોજા ઉછળવાની શક્યતાને જોતા માછીમારોને પણ દરિયો ન ખેડવા કહી દેવાયું છે. આગામી ૪૮ કલાક રાજ્ય માટે ભારે હોવાથી લોકોને બિનજરૂરી બહાર ન નીકળવા વહીવટી તંત્ર દ્વારા અપીલ કરવામાં આવી છે. વાતાવરણમાં એકસાથે ૩ શક્તિશાળી હવામાન સિસ્ટમ સક્રિય થતાં સમગ્ર રાજ્યમાં ભારેથી અતિભારે વરસાદી માહોલ સર્જાવાની પ્રબળ સંભાવના છે. આ આકાશી પલટાને પગલે હવામાન વિભાગ દ્વારા તંત્ર અને નાગરિકોને અત્યંત સાવચેત રહેવા અને કડક સાવચેતી રાખવા માટે સ્પષ્ટ સૂચના આપી દેવામાં આવી છે.

જ્યારે મોત પણ હારી ગયું !! વેનેઝુએલાના કાટમાળમાંથી ખીલ્યું જિંદગીનું ફૂલ!

ભૂકંપની તબાહી વચ્ચે ૧૮ દિવસના નવજાત શિશુને બચાવ્યું!

નવી દિલ્હી, તા.૨૭

જ્યારે કુદરત પોતાનું રૌદ્ર સ્વરૂપ બતાવે છે, ત્યારે માણસની તમામ તાકાત વામણી પુરવાર થાય છે. પત્તાના મહેલની જેમ ધરાશાયી થતી ઈમારતો અને ચારેબાજુ સંભળાતી ચીચીયારીઓ વચ્ચે માત્ર ને માત્ર મોત અને નિરાશા જ દેખાતી હોય છે. પરંતુ, કહેવાય છે ને કે 'જેને રામ રાખે તેને કોણ ચાખે!' વેનેઝુએલાના વિનાશક ભૂકંપ વચ્ચે એક એવો ચમત્કાર સર્જાયો છે, જેણે આખી દુનિયાની આંખો ભીની કરી દીધી છે અને જિંદગી પરનો વિશ્વાસ વધુ અતૂટ બનાવ્યો છે. વેનેઝુએલામાં ૨૦૨૬ના શક્તિશાળી ભૂકંપે ભારે તબાહી મચાવી. વિશાળ ઈમારતો કાટમાળના ઢગલામાં ફેરવાઈ ગઈ હતી. બચાવ કામગીરી ચાલી રહી હતી, અને દરેક પથ્થર હટાવતી વખતે એ જ ડર હતો કે નીચે કોઈ મૃતદેહ ન હોય. પરંતુ, એક જગ્યાએ કાટમાળ હટાવતા બચાવ ટુકડીના સભ્યો પણ અવાક રહી ગયા. સિમેન્ટ અને કોંક્રિટના ભારેખમ પથ્થરો વચ્ચે એક માત્ર ૧૮ દિવસનું નવજાત બાળક શ્વાસ લઈ રહ્યું હતું! આસપાસ મોતનું તાંડવ હતું, પણ આ નાનકડો જીવ મોતને માત આપીને હળવેથી શ્વાસ લઈ રહ્યો હતો. બચાવ ટીમે ભારે જહેમત અને અત્યંત સાવચેતીપૂર્વક આ માસૂમ ફૂલને કાટમાળમાંથી બહાર કાઢ્યું. જ્યારે ધૂળથી ખરડાયેલા આ બાળકને તેના લાચાર અને આશા ગુમાવી ચૂકેલા પિતાના હાથમાં સોંપવામાં આવ્યું, ત્યારે ત્યાં હાજર દરેક વ્યક્તિની આંખોમાંથી ચોધાર આંસુ વહી નીકળ્યા. પિતાએ પોતાના બાળકને ધ્રુજતા હાથે છાતી સરસો ચાંપી દીધો... એ દ્રશ્ય એટલું કરુણ અને સાથે સાથે આશાથી ભરેલું હતું કે, સોશિયલ મીડિયા પર આ વાયરલ વીડિયો જોઈને દુનિયાભરના કરોડો લોકો રડી પડ્યા.

કુદરતની કૃપા અહી જ પૂરી નહોતી થઈ. એક જિંદગી પાછી આપીને ઈશ્વર જાણે રોકાયો ન હતો. બાળક મળ્યા બાદ બચાવ ટુકડીનો ઉત્સાહ હવે બેવડાઈ ગયો હતો. તેમણે આશા ગુમાવ્યા વિના તે જ જગ્યાએ ફરીથી સર્ચ ઓપરેશન ચાલુ રાખ્યું. અને સમય જાણે થંભી ગયો... બરાબર ૯૦ મિનિટ પછી, તે જ કાટમાળના ઊંડાણમાંથી એક બીજો ચમત્કાર બહાર આવ્યો. બચાવ ટુકડીએ બાળકની માતાને પણ હેમખેમ જીવતી બહાર કાઢી લીધી!

આશા અને હિંમતની જીત

કાટમાળ નીચે દટાયેલી એ માતાએ કદાચ પોતાના બાળકના જીવ માટે જ મોત સામે લડીને પોતાના શ્વાસ ટકાવી રાખ્યા હશે. આજે આખો પરિવાર મોતની ખીણમાંથી પાછો ફરીને એક થઈ ગયો હતો. આ માત્ર એક બચાવ કામગીરી ન હતી, આ માનવતા, આશા, માતૃત્વ અને ઈશ્વરીય શક્તિનું એક જીવંત ઉદાહરણ હતું. વેનેઝુએલાની આ ઘટના દુનિયાને એ જ સંદેશો આપે છે કે ગમે તેટલો ગાઢ અંધકાર કેમ ન હોય, આશાનું એક નાનકડું કિરણ અને અતૂટ હિંમત ગમે તેવા તોફાન સામે પણ ટકી શકે છે. જિંદગી ખરેખર ખૂબ જ સુંદર અને અકલ્પનીય ચમત્કારોથી ભરેલી છે.

ધો. ૧૧-૧૨ના વિદ્યાર્થીઓ પુસ્તકોથી વંચિત

સરકારી- ગ્રાન્ટેડ શાળાની હાલત દયનિય : તાકીદે પગલાં લેવા સરકારને રજૂઆત, ત્રણ સપ્તાહનો સમય વીત્યો છતાં નથી આવ્યા પુસ્તકો

રાજકોટ, તા. ૨૭

એક તરફ સરકાર ભાર વગરના ભણતરને વેગ આપવા માટે વિવિધ યોજનાઓની અમલવારી કરી રહ્યું છે પરંતુ તેની સામે ખરા અર્થમાં વિદ્યાર્થીઓનો શૈક્ષણિક ભાર ઘટ્યો છે કે કેમ તે અંગે સરકાર અથવા તો કહી શકાય કે શિક્ષણ વિભાગ દરકાર લેતું નથી. નવું શૈક્ષણિક ક્ષેત્ર શરૂ થઈ ચૂક્યું છે અને તેને પણ ત્રણ સપ્તાહ જેટલો સમય વીતી ગયો છે છતાં પણ સરકારી તથા ગ્રાન્ટેડ શાળામાં ધોરણ ૧૧ અને ૧૨ ના વિદ્યાર્થીઓને જે પાઠ્યપુસ્તકો મળવા જોઈએ તે હજુ સુધી મળ્યા નથી. જેને લઈને વિદ્યાર્થીઓનું શૈક્ષણિક કાર્ય પણ અસરગ્રસ્ત થયું છે.

ક્યા કારણોસર કામગીરીમાં મોડું થાય છે તેનો કોઈ પ્રતિ ઉત્તર આપવામાં આવ્યો નથી પરંતુ એ વાત સ્પષ્ટ છે કે તંત્રની ઢીલી નીતિના કારણે વિદ્યાર્થીઓએ હેરાનગતિ વેઠવી પડી છે. હાલ આ અંગે શિક્ષણ મંત્રાલય તાકીદે પગલાલીયે તે ખૂબ જરૂરી છે અને આવનારા દિવસોમાં જો આ અંગે યોગ્ય વ્યવસ્થા ઉભી કરવામાં ન આવી તો હજુ પણ ઘણા ખરા પ્રશ્નો ઊભા થઈ શકશે.

રાજય સરકાર દ્વારા સરકારી અને ગ્રાન્ટેડ શાળાઓના વિદ્યાર્થીઓ માટે પ્રતિવર્ષ ઉનાળુ વેકેશન દરમિયાન જ પાઠ્ય પુસ્તકો મોકલી આપવામાં આવે છે. જેથી કરીને નવું શૈક્ષણિક સત્ર શરૂ થતા જ વિદ્યાર્થીઓ પાઠ્ય પુસ્તકો સાથે અભ્યાસ કરી શકે છે.

પરંતુ આ વખતે નવું શૈક્ષણિક સત્ર શરૂ થવાના ૨૦ દિવસ પછી પણ પાઠ્ય પુસ્તકો હજુ વિદ્યાર્થીઓ સુધી પહોંચેલ નથી જેથી કરીને શિક્ષકોને પણ વર્ગખંડોમાં વિદ્યાર્થીઓને શિક્ષણ આપવામાં મુસીબત ઉભી થયેલ છે.

રાજકોટ શહેર-જિલ્લામાં સરકારી અને ગ્રાન્ટેડ શૈક્ષણિક સંસ્થાઓની સંખ્યા ૩૫૦થી વધુ છે. પરંતુ સરકારની પાઠ્ય પુસ્તકોની યોજનાના લાભથી સરકારી અને ગ્રાન્ટેડ શાળાઓના ધો.૧૧ અને ૧૨ના વિદ્યાર્થીઓ હજુ વંચીત રહ્યા છે.

અહીં એ ઉલ્લેખનીય છે કે ડ્રોપ આઉટ રેસીયો ઘટાડવા અને વિદ્યાર્થીઓને ગુણવત્તાયુકત શિક્ષણ મળી રહે તે માટે રાજય સરકાર દ્વારા વિદ્યાર્થીઓ માટે અનેકવિધ પ્રોત્સાહક યોજનાઓ અમલમાં મૂકવામાં આવી રહી છે.

રાજ્ય સરકાર દ્વારા શાળા પ્રવેશોત્સવ અંતર્ગત અનેક મોટા તાઈફા કરવામાં આવ્યા જેમાં ક્લાસ વન અધિકારી જેમ કે આઈએએસ તથા આઈપીએસ દ્વારા બાળકોને શાળા પ્રવેશ કરાવવામાં આવ્યો તો બીજી તરફ ધોરણ ૧૧ અને ધોરણ ૧૨ ના વિદ્યાર્થીઓ હજુ પણ પુસ્તકોથી વંચિત રહ્યા છે તે અંગે હજુ સુધી કોઈ પણ નિર્ણય અથવા તો પગલા લેવામાં આવ્યા નથી આ પ્રકારની ઢીલી નીતિ પાછળ શું કારણ હોઈ શકે તે અંગે હજુ સુધી કોઈ સ્પષ્ટતા થઈ નથી. ત્યારે સરકાર સમક્ષ માત્ર એક જ માંગણી થઈ રહી છે કે તાકીદે આ અંગે નિવારણ લાવવામાં આવે જેથી વિદ્યાર્થીઓનું શિક્ષણ કાર્ય શું ચારુ રૂપથી આગળ વધી શકે અને કોઈપણ અડચણ વગર તેઓ શિક્ષણ મેળવી શકે.

રાજકોટવાસીઓ 'સૌની' પર નિર્ભર

મુખ્ય જીવાદોરી સમાન આજી ૧માં છેલ્લા એક સપ્તાહમાં ૯૦ MCFT પાણી ઠલવાયું

રાજકોટ, તા. ૨૭

હવામાન વિભાગની આગાહી અનુસાર જૂન મહિનામાં વરસાદ ન વરશે તેવી આગાહી કરવામાં આવી હતી પરિણામ સ્વરૂપે પીવાના પાણીની અછત ન સર્જાય તે હેતુસર હાલ સરકારે રાજકોટના મુખ્ય જીવાદોરી સમાન જળાશયોમાં પાણી ઠલવવાનું કાર્ય શરૂ કર્યું છે. જો વરસાદ સમયસર ન આવે તો રાજકોટ વાસીઓને પીવાના પાણીની તકલીફ ન થાય તે હેતુસર આ નિર્ણય લેવાયો છે. હાલ રાજકોટના લોકો માટે જો કોઈ આધાર હોય તો તે સૌની યોજના જ છે. અત્યાર સુધી વરસાદના વરસતા ભવિષ્યની સ્થિતિને ધ્યાને લઈ મહાનગરપાલિકા દ્વારા અગાઉ સરકારને રજૂઆત કરવામાં આવી હતી જેના ભાગરૂપે હાલ સૌની યોજના મારફતે પાણી ઠલવવાનું શરૂ કર્યું છે. ખાસ કરીને રાજકોટવાસીઓ માટે છેલ્લા કેટલાક વર્ષોથી આશિર્વાદરૂપ બનેલી સૌની યોજનાનાં નર્મદા નિર આજી-૧ અને ન્યારી-૧ ડેમમાં અનેકવાર છોડાયા છે. જેથી લોકોને પીવાના પાણીની તંગીનો સામનો કરવો પડતો નથી.

તાજેતરમાં જ રાજકોટનાં આજી-૧ અને ન્યારી-૧ જળાશયને સિંચાઈ વિભાગે પૂરતા ભરી દીધા હતા. પરંતુ આરએમસીના દૈનિક ૮થી ૯ એમસીએફટીનાં ઉપાડના કારણે સપ્તાહ અગાઉ જ ફરી પાણીની જરૂરત ઉભી થતા આરએમસીની ડિમાન્ડ મુજબ સિંચાઈ વિભાગે આજી-૧માં નર્મદા નિર ઠાલવવાનું શરૂ કરી દીધુ હતું અને આજ સુધીમાં આજી-૧માં ૯૦ એમસીએફટી નર્મદાનિર ઠલવાઈ ગયા છે. આથી ફરી ૨૯ ફૂટે છલકાતો આજી ડેમની સપાટી ૧૯.૩૯ ફૂટ સુધી પહોંચી ગઈ છે વધુમાં રાજકોટ સિંચાઈ વિભાગનાં ઈજનેરી સૂત્રોના જણાવ્યા મુજબ આજે સાંજથી ફરી ન્યારી-૧ ડેમમાં પણ નર્મદાનિર છોડવાનું શરૂ કરાશે. આજની સ્થિતિએ ન્યારી-૧ જળાશયમાં ૧૨.૪૧ ફૂટ પાણીનો સંગ્રહ હતો. સિંચાઈ વિભાગના જણાવ્યા મુજબ ત્યાં સુધી મહાનગર પાલિકાની ડિમાન્ડ હશે ત્યાં સુધી બન્ને ડેમોમાં સૌની યોજનાના પાણી છોડવાનું ચાલુ રાખવામાં આવશે.

ચોમાસા દરમિયાન વિદ્યાર્થીઓની સુરક્ષા સુનિશ્ચિત કરવા માર્ગદર્શિકા

સરકારે ૩૨ મુદ્દાઓનો કર્યો સમાવેશ : વરસાદ અને ભારે વરસાદની સ્થિતિમાં શાળા સંચાલકો તથા પ્રિન્સિપાલે વિવેક બુદ્ધિપૂર્ણ રજા જાહેર કરવા આદેશ

રાજકોટ, તા. ૨૭

ચોમાસાની સિઝન શરૂ થઈ ચૂકી છે પરંતુ મેઘરાજાએ હજુ સટાસટી બોલાવી નથી પરંતુ શિક્ષણ વિભાગ દ્વારા ખાસ માર્ગદર્શિકા જાહેર કરી દેવામાં આવી છે જેમાં ૩૨ મુદ્દાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. સૂત્રોના જણાવ્યા અનુસાર હાલ રાજ્યમાં ચોમાસાનું આગમન થઈ ચૂક્યું છે ત્યારે શાળાઓ અને હોસ્ટેલમાં સલામતીના જરૂરી પગલાં લેવામાં આવે તે પ્રકારે આદેશ પણ કરી દેવાયો છે. ચોમાસાની ઋતુને ધ્યાનમાં રાખી વરસાદ સમયે છત ઉપર જૂના ફર્નિચર કે અન્ય બિનજરૂરી સામાનને સુરક્ષિત સ્થળ ઉપર ખસેડવા માટે પણ તાકીદ કરવામાં આવી છે એટલું જ નહીં શાળાના મેદાનમાં અથવા તો વૃક્ષો ક્ષતિગ્રસ્ત થયા હોય તો તેને વહેલી તકે દૂર કરવા માટે પણ જણાવાયું છે.

સાથોસાથ એ વાત ઉપર પણ ધ્યાન કેન્દ્રિત કરતા શિક્ષણ વિભાગે જણાવ્યું છે કે જે શાળાઓ કે જે પણ જગ્યાએ ખુલા વીજવાયરો લટકતા હોય અથવા તો અન્ય કોઈ સમસ્યા હોય તો વીજ ઉપકરણોનું રીપેરીંગ તાકીદે કરાવવું અને ખાસ ગુણવત્તાયુક્ત વાયરનો જ ઉપયોગ કરવા જણાવ્યું છે. શાળામાં લગાવેલા એમસીબી, ઇએલસીબી અને અર્થિંગ યોગ્ય રીતે કાર્યરત છે કે નહીં ચોમાસા પહેલા ચકાસણી કરવા સુચના અપાઇ છે. વિદ્યાર્થીઓની સુરક્ષા સુનિશ્ચિત કરવા કોઇ જર્જરિત ઓરડામાં બાળકોને ન બેસાડવા જણાવાયું છે તેમજ આવા ઓરડા પાસે ભયજનક સુચક સાઇન બોર્ડ લગાવવાના રહેશે.

ડિમોલિશન કરવા પાત્ર ઓરડા, ટોયલેટ, સેપ્ટિક ટેન્ક કે ખાળવાની ફરતે બેરિકેડ અથવા આડશ ફરજિયાત ઉભી કરવા તેમજ અંડરગ્રાઉન્ડ વોટર ટેન્ક હોય તો તેની ફરતે વાડ કે ફેન્સિંગ કરવા અને તેને હંમેશા લોક મારીને ઢાંકેલી રાખવા તાકિદ કરવામાં આવી છે. રેઇનવોટર હાર્વેસ્ટિંગ સિસ્ટમ, સેપ્ટિક ટેન્ક અને ખાળકુવા નજીક બાળકોને ન જવા દેવા અને ત્યાં ચેતવણી બોર્ડ મૂકવા, અતિવૃષ્ટિ કે પૂર જેવા સંજોગોમાં શાળાને સજજ રહેવા આદેશ અપાયો છે.

પૂર સંભવિત વિસ્તારમાં શાળાના અગત્યના રેકોર્ડ અને ફાઇલોને શાળાના જ કોઇ સુરક્ષિત અને ઉંચા સ્થળે રાખવા, દવા, ફાનસ, ટોર્ચ, કપડા, પેક ખાદ્ય પદાર્થ સહિતની ઇમજરન્સી કીટ અને ફર્સ્ટ એઇડ બોક્સ હાથવગા રાખવા. ભારે વરસાદ કે પૂરની સ્થિતિમાં બાળકોને રજા આપવાનો નિર્ણય મુખ્ય શિક્ષકે પોતાની વિવેકબુદ્ધિ અનુસાર લેવાનો રહેશે. ઇમરજન્સીના સમયે ઉપયોગી એવા સ્થાનિક તલાટી-મંત્રી, ડોક્ટર, તરવૈયા, ફાયરબ્રિગેડ અને એમ્બ્યુલન્સ વગેરેના ફોન નંબર નોટિસ બોર્ડ પર પ્રદર્શિત કરવા જણાવાયું છે.ચોમાસાની સીઝન દરમિયાન મુખ્ય શિક્ષક તથા અન્ય શિક્ષકોએ તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીની પૂર્વ મંજુરી વિના હેડ કવાર્ટર છોડવાનું રહેશે નહીં. ગત ચોમાસામાં શૈક્ષણિક કાર્યને લઈને ઘણા ખરા પ્રશ્નો ઊભા થયા હતા ત્યારે સાવચેતીના ભાગરૂપે હાલ આ નિર્ણય લેવામાં આવ્યો હોવાનું જણાવ્યું છે.

PUBLIC ANNOUNCEMENT

THIS IS A PUBLIC ANNOUNCEMENT FOR INFORMATION PURPOSES ONLY AND IS NOT A PROSPECTUS ANNOUNCEMENT AND DOES NOT CONSTITUTE AN INVITATION OR OFFER TO ACQUIRE, PURCHASE OR SUBSCRIBE TO SECURITIES. NOT FOR RELEASE, PUBLICATION OR DISTRIBUTION DIRECTLY OR INDIRECTLY, OUTSIDE INDIA. INITIAL PUBLIC OFFERING OF EQUITY SHARES ON THE SME PLATFORM OF BSE (BSE SME) IN COMPLIANCE WITH CHAPTER IX OF THE SECURITIES AND EXCHANGE BOARD OF INDIA (ISSUE OF CAPITAL AND DISCLOSURE REQUIREMENTS) REGULATIONS, 2018, AS AMENDED ("SEBI ICDR REGULATIONS").

INFRAX RENEWABLE LTD.

(Please scan this QR Code to view the Draft Prospectus and Draft Abridged Prospectus)

INFRAX RENEWABLE LIMITED

Our Company was originally formed as a partnership firm under the name of "Infrax International" pursuant to a deed of partnership dated April 27, 2019, as amended from time to time. Further, Infrax International was converted into a public limited company "Infrax Renewable Limited" and a fresh Certificate of Incorporation dated September 23, 2024 was issued by Registrar of Companies, Central Registration Centre. The Corporate Identification Number of our Company is U43222GJ2024PLC155272. For further details on Incorporation and Registered Office of our Company, see *"History and Certain Corporate Matters"* beginning on page 165 of this Draft Prospectus ("DP").

Registered Office: 402-403, R K Prime 2, Mahapuja Dham Chok, 150 Feet Road, Malviyanagar, Rajkot, Gujarat, India, 360004.
Telephone: +917874074000 | **Email:** investor@infraxrenewable.com | **Website:** https://infraxrenewable.com
Contact Person: Ms. Shreya Siddhartha Mehta, Company Secretary and Compliance Officer

THE PROMOTERS OF OUR COMPANY ARE MR. BHARGV ASHVINBHAI VACHHANI, MR. GANDHI BHAVIK TARUNKUMAR AND MS. KHUSHBOO BHARGAV VACHHANI

INITIAL PUBLIC OFFER OF UP TO 39,31,200 EQUITY SHARES OF FACE VALUE OF ₹10/- EACH (THE "EQUITY SHARES") OF INFRAX RENEWABLE LIMITED ("OUR COMPANY" OR "INFRAX" OR "THE ISSUER") AT AN OFFER PRICE OF ₹ [●] PER EQUITY SHARE FOR CASH, AGGREGATING UP TO ₹ [●] LAKHS COMPRISING OF FRESH ISSUE OF UP TO 32,50,800 EQUITY SHARES AGGREGATING TO ₹ [●] LAKHS ("FRESH ISSUE") AND AN OFFER FOR SALE OF UP TO 6,80,400 EQUITY SHARES BY PROMOTERS ("SELLING SHAREHOLDERS") AGGREGATING TO ₹ [●] LAKHS ("OFFER FOR SALE") ("PUBLIC OFFER"). THE OFFER INCLUDES A RESERVATION OF UP TO [●] EQUITY SHARES OF FACE VALUE OF ₹10/- EACH, AT AN OFFER PRICE OF ₹ [●] PER EQUITY SHARE FOR CASH, AGGREGATING ₹ [●] LAKHS WILL BE RESERVED FOR SUBSCRIPTION BY THE MARKET MAKER TO THE OFFER (THE "MARKET MAKER RESERVATION PORTION"). THE PUBLIC OFFER LESS MARKET MAKER RESERVATION PORTION I.E. NET OFFER OF UP TO [●] EQUITY SHARES OF FACE VALUE OF ₹10/- EACH, AT AN OFFER PRICE OF ₹ [●] PER EQUITY SHARE FOR CASH, AGGREGATING UPTO ₹ [●] LAKHS IS HEREIN AFTER REFERRED TO AS THE "NET OFFER". THE PUBLIC OFFER AND NET OFFER WILL CONSTITUTE [●]% AND [●]% RESPECTIVELY OF THE POST-OFFER PAID-UP EQUITY SHARE CAPITAL OF OUR COMPANY.

This offer is being made through the Fixed Price process, in terms of Rule 19(2)(b)(i) of the Securities Contracts (Regulation) Rules, 1957, as amended (the "SCRR") read with Regulation 229(2) of the SEBI ICDR Regulations and in compliance with Regulation 253(3) of the SEBI ICDR Regulations 2018 and as amended, wherein a minimum 50% of the Net Offer is allocated for Individual Investors who applies for minimum application size and the balance shall be offered to individual applicants other than Individual Investors who applies more than minimum application size and other investors including corporate bodies or institutions, QIBs and Non-Institutional Investors. However, if the aggregate demand from the Individual Investors is less than 50%, then the balance Equity Shares in that portion will be added to the other than Individual Investors portion offered to the remaining investors including QIBs and NIIs and vice-versa subject to valid applications being received from them at or above the Offer Price. Additionally, if the Individual Investors category is entitled to more than 50% on proportionate basis, the Individual Investors shall be allocated that higher percentage. All potential investors shall participate in the Offer only through an Application Supported by Blocked Amount ("ASBA") process including through UPI mode (as applicable) by providing details of the respective bank accounts and / or UPI IDs, in case of UPI Applicants, if applicable, which will be blocked by the Self Certified Syndicate Banks ("SCSBs") for the same. For details, please refer to the chapter titled "Offer Procedure" on page 295 of this Draft Prospectus.

This public announcement is made in compliance with Regulation 247(2) of SEBI (ICDR) Regulations, 2018, the DP filed with the SME platform of BSE Limited (BSE SME) shall be made available to the public for comments, if any, for a period of at least 21 days, from the date of such filing by hosting it along with draft abridged prospectus on the website of the BSE at www.bseindia.com, and the website of the Company at https://infraxrenewable.com, and at the website of LM i.e. Smart Horizon Capital Advisors Private Limited at www.shcapl.com. Our Company hereby invites the members of the public to give their comments to Stock Exchange, to Company Secretary and Compliance Officer of our Company and / or the LM at their respective addresses mentioned below. All comments must be received by BSE SME and/or our Company and/or LM in relation to the offer on or before 5 p.m. on the 21st day from the aforesaid date of filing the DP with BSE SME.

Investments in equity and equity-related securities involve a degree of risk and Applicants should not invest any funds in the Offer unless they can afford to take the risk of losing their investment. Applicants are advised to read the risk factors carefully before taking an investment decision in the Offer. For taking an investment decision, Applicants must rely on their own examination of our Company and the Offer, including the risks involved. The Equity Shares in the Offer have not been recommended or approved by the Securities and Exchange Board of India ("SEBI"), nor does SEBI guarantee the accuracy or adequacy of the contents of this Draft Prospectus. Specific attention of the investors is invited to *"Risk Factors"* on page 21 of this Draft Prospectus.

The Equity Shares, when offered, through the Prospectus, are proposed to be listed on SME platform of BSE Limited.

For details of the main objects of the Company as contained in its Memorandum of Association, see *"History and Certain Corporate Matters"* on page 165 of the Draft Prospectus. The liability of the members of the Company is limited. For details of the share capital and capital structure of the Company and the names of the signatories to the Memorandum of Association and the number of shares subscribed by them see *"Capital Structure"* on page 71 of the Draft Prospectus.

LEAD MANAGER TO THE OFFER	REGISTRAR TO THE OFFER	COMPANY SECRETARY AND COMPLIANCE OFFICER
SMART HORIZON CAPITAL ADVISORS PVT. LTD. **SMART HORIZON CAPITAL ADVISORS PRIVATE LIMITED** B/908, Western Edge II, Kanakia Space, Behind Metro Mall, Off Western Express Highway, Magathane, Borivali East, Mumbai – 400066, Maharashtra, India. **Tel No:** 022-28706822 **Investors Grievance e-mail:** investor@shcapl.com **Email:** director@shcapl.com **Website:** www.shcapl.com **Contact Person:** Mr. Parth Shah **SEBI Registration Number:** INM000013183	**BIGSHARE SERVICES PRIVATE LIMITED** Office No. S6-2, 6th Floor, Pinnacle Business Park, Next to Ahura Centre, Mahakali Caves Road, Andheri East, Mumbai – 400 093, Maharashtra, India **Tel:** 022 - 6263 8200 **E-mail:** ipo@bigshareonline.com **Investor grievance e-mail:** investor@bigshareonline.com **Website:** www.bigshareonline.com **Contact Person:** Mr. Babu Rapheal C. **SEBI Registration No.:** INR000001385	INFRAX RENEWABLE LTD. **Ms. Shreya Siddhartha Mehta** 402-403, R K Prime 2, Mahapuja Dham Chok, 150 Feet Road, Malviyanagar, Rajkot, Gujarat, India, 360004 **Tel. No.:** +91 7874074000 **Email:** investor@infraxrenewable.com **Website:** https://infraxrenewable.com Investors can contact our Company Secretary and Compliance Officer, Lead Managers or Registrar to the Offer, in case of any pre offer or post offer related problems, such as non- receipt of letter of allotment, non- credit of allotted Equity shares in the respective beneficiary account, non-receipt of refund orders and non-receipt of funds by electronic mode etc.

All capitalized terms used herein and not specifically defined shall have the same meaning as ascribed to them in the DP.

For INFRAX RENEWABLE LIMITED
On behalf of the Board of Directors
Sd/-
Mr. Bhargv Ashvinbhai Vachhani
Chairman & Managing Director
DIN: 09108501

Place: Rajkot
Date: June 27, 2026

INFRAX RENEWABLE LIMITED is proposing, subject to applicable statutory and regulatory requirements, receipt of requisite approvals, market conditions and other considerations, to undertake an initial public offer of its Equity Shares and has filed the DP dated June 26, 2026 with BSE SME. The DP is available on the website of BSE at www.bseindia.com and on the website of the LM, i.e., Smart Horizon Capital Advisors Private Limited at www.shcapl.com and the website of our Company https://infraxrenewable.com at Potential investors should note that investment in equity shares involves a high degree of risk and for details relating to such risk, see the section titled *"Risk Factors"* beginning on page 21 of the Draft Prospectus. Potential investors should not rely on the Draft Prospectus filed with BSE SME for making any investment decision.

The Equity Shares offered in the Offer have not been and will not be registered under the U.S. Securities Act of 1933 (the **"U.S. Securities Act"**) or any state securities laws in the United States, and unless so registered, and may not be offered or sold within the United States, except pursuant to an exemption from, or in a transaction not subject to, the registration requirements of the U.S. Securities Act and applicable U.S. state securities laws. Accordingly, the Equity Shares are being offered and sold only outside the United States in offshore transactions in reliance on Regulation S and the applicable laws of the jurisdictions where those offers and sales are made. There will be no public offering of the Equity Shares in the United States.

AdBaaz

રાજકોટ મિરર
તંત્રીની કલમે

નરમ ગરમ

રામ મંદિર વિવાદ ગરમ પણ વિપક્ષ તકનો લાભ લેવામાં નરમ - અક્ષમ

અયોધ્યા રામ મંદિરમાં કરોડો રૂપિયાના દાનની ચોરી લાંબા સમયથી ચાલતી હોવાનો ઘટસ્ફોટ થતાં જ સમગ્ર દેશભરમાં ભારે સનસનાટી મચી ગઈ છે. દેશ અને વિદેશમાં વસતા કરોડો રામભક્તો માટે આ અતિ આઘાતજનક અને આક્રોશ પેદા કરનારી ઘટના છે. ધાર્મિક આસ્થાની સાથે રાજકીય દ્રષ્ટિએ પણ આ ઘટનાનું ખૂબ મોટું મહત્વ જોવા મળી રહ્યું છે. શાસક પક્ષ ભાજપ માટે રામ મંદિર હંમેશાં ચૂંટણી પ્રચારમાં અગ્રસ્થાને રહ્યું છે.

ભાજપના પ્રચંડ હિન્દુત્વનો મુખ્ય આધાર રામ મંદિર છે. આ મંદિરના આંદોલન માટે અનેક લોકોએ પોતાના બલિદાનો આપ્યા છે. વડાપ્રધાન મોદી અને મુખ્યમંત્રી યોગીના શાસનમાં આ ભવ્ય મંદિરનું નિર્માણ થયું, તેને પક્ષ દ્વારા પોતાની સૌથી મોટી ગૌરવગાથા તરીકે દેશ અને દુનિયા સામે ઉજાગર કરવામાં આવે છે. પરંતુ, હવે આ ગૌરવના મુદ્દે જ શાસક પક્ષે ભારે શરમમાં મૂકાઈ જવું પડે તેવી ગંભીર સ્થિતિનું નિર્માણ થયું છે.

મંદિરમાં કરોડોની દાન ચોરીનો આ વિષય હાલમાં અતિ ગરમ મુદ્દો બની ચૂક્યો છે. રાજકીય રીતે ભાજપને ઘેરવાની અને બેકફૂટ પર લાવવાની વિપક્ષ પાસે આ સૌથી મોટી અને સુવર્ણ તક છે. પરંતુ, આશ્ચર્યની વાત એ છે કે વિપક્ષના નેતાઓ માત્ર સામાન્ય નિવેદનો આપવાથી વિશેષ કંઈ કરી શકતા નથી.

વિરોધ પ્રદર્શનના મામલે ભાજપની રણનીતિ હંમેશાં આક્રમક અને સચોટ રહી છે. તે રાતોરાત દેશભરમાં ખૂણે ખૂણે મોટા પાયે દેખાવો કરીને પ્રતિકૂળ સ્થિતિને પણ પોતાના લાભની બનાવી લે છે. તેની સામે કોંગ્રેસ સહિતના વિપક્ષી દળો પાસે અનેક તક આવી હોવા છતાં, જનતાની વચ્ચે જવાની તેમની આવડત અને તાકાત ઓછી પડી રહી છે.વિપક્ષના અગ્રણી નેતા રાહુલ ગાંધી અવારનવાર સાવ બિનજરૂરી અને નકામા જેવા મુદ્દાઓ પર મોટો દેકારો કર્યે રાખે છે, પરંતુ જ્યારે આવો જનભાવનાઓ સાથે જોડાયેલો વાસ્તવિક અને રિયલ મુદ્દો સામે આવ્યો છે, ત્યારે તેઓ સાવ નિસ્તેજ અને શાંત દેખાય છે. દેશમાં લોકશાહીને મજબૂત રાખવા માટે સક્ષમ વિપક્ષ જરૂરી છે, પણ અહીં વિપક્ષ મુદ્દાઓનું રાજકીય મૂડીકરણ કરવામાં સતત નિષ્ફળ સાબિત થઈ રહ્યો છે. જનતાના સેન્ટિમેન્ટને આંદોલનમાં બદલવાની રાજકીય શક્તિ અને આક્રમકતાનો અભાવ જ આ નબળા વિપક્ષનું મુખ્ય કારણ દર્શાવે છે. વિપક્ષી નેતાઓની આ ઢીલી નીતિથી જનતા પણ હવે નિરાશ થઈ રહી છે.

બાંગ્લાદેશનો મોંગલા બંદર પ્રોજેક્ટ ચીનને સોંપાયો

ભારત માટે ખતરે કી ઘંટી કે મોટો વ્યૂહાત્મક ફટકો?

નવીદિલ્હી, તા. ૨૭

ભારત અને બાંગ્લાદેશ વચ્ચેના ઐતિહાસિક સંબંધો પર તાજેતરના તણાવ વચ્ચે, ચીને એક મોટી રાજદ્વારી સફળતા મેળવી છે. બાંગ્લાદેશે તેના બીજા સૌથી મોટા મોંગલા બંદરના આધુનિકીકરણ અને ત્યારબાદ સ્પેશિયલ ઇકોનોમિક ઝોન (જીઊણ) ના નિર્માણ માટેનો પ્રોજેક્ટ સત્તાવાર રીતે ચીનને સોંપ્યો છે. આ પગલાને ભારત માટે એક મોટો વ્યૂહાત્મક ફટકો માનવામાં આવી રહ્યો છે, કારણ કે આ જમીન અગાઉ ભારતને ફાળવવામાં આવી હતી.

બાંગ્લાદેશના વડા પ્રધાન તારિક રહેમાને ચીનને તેમના પ્રથમ વિદેશ સ્થળ તરીકે પસંદ કર્યું. તેમણે શુક્રવારે ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગ સાથેની તેમની પાંચ દિવસીય મુલાકાત પૂર્ણ કરી. આ મુલાકાત દરમિયાન, બંને દેશોએ મોંગલા બંદર નજીક જીઊણ વિકસાવવા માટે એક ઐતિહાસિક કરાર પર હસ્તાક્ષર કર્યા. તેઓ ગ્રીન ડેવલપમેન્ટ, અઈ અને ડિજિટલ અર્થતંત્રમાં સહયોગ વધારવા માટે પણ સંમત થયા. ભારત લાંબા સમયથી મોંગલા બંદરના વ્યૂહાત્મક મહત્વને ઓળખતું હતું. પ્રોજેક્ટ ભારતમાંથી ચીનમાં કેવી રીતે સ્થળાંતર થયો તેની વાર્તા નીચે મુજબ છે.

ચીન ફક્ત બંદરો સુધી જ અટક્યું નથી. ભારત અને બાંગ્લાદેશ ૫૪ નદીઓ વહેંચે છે, જેમાંથી સૌથી મહત્વપૂર્ણ તિસ્તા છે. ચીને હવે તિસ્તા નદી વ્યવસ્થાપન અને પુનઃસ્થાપન પ્રોજેક્ટ માટે બાંગ્લાદેશને સમર્થન આપવાનું વચન આપ્યું છે, જેને ભારત સીધો રાજદ્વારી હસ્તક્ષેપ માને છે. વધુમાં, ચીન-મ્યાનમાર-બાંગ્લાદેશ આર્થિક કોરિડોરને ઝડપી બનાવવા માટે એક કરાર થયો છે. બાંગ્લાદેશ ભારત સાથેની તેની સૌથી લાંબી સરહદ અને ચીન સાથેના તેના આર્થિક સંબંધોને કેવી રીતે સંતુલિત કરે છે તે જોવાનું મહત્વપૂર્ણ રહેશે.

બાંગ્લાદેશે તેના બીજા સૌથી મોટા મોંગલા બંદર માટે આધુનિકીકરણ અને સ્પેશિયલ ઇકોનોમિક ઝોન (જીઊણ) પ્રોજેક્ટ ચીનને સોંપ્યો છે. આને ભારત માટે એક મોટો વ્યૂહાત્મક આંચકો માનવામાં આવી રહ્યો છે. મોંગલા બંદરનું સ્થાન, ચીનની સ્ટ્રિંગ ઓફ પર્લ્સ વ્યૂહરચના પર તેની અસર અને ભારતના ઉત્તરપૂર્વીય રાજ્યોમાં પરિવહન માર્ગોએ સુરક્ષા ચિંતાઓ ઉભી કરી છે.

તત્કાલીન વડા પ્રધાન શેખ હસીનાના કાર્યકાળ દરમિયાન, ભારત અને બાંગ્લાદેશે મોંગલા અને મીર સરાઈ, ચિત્તાગોંગમાં બે સ્પેશિયલ ઇકોનોમિક ઝોન (જીઊણ) વિકસાવવા માટે એક સમજૂતી કરાર પર હસ્તાક્ષર કર્યા હતા. ભારતે આ માટે ક્રેડિટ લાઇન પૂરી પાડવાની હતી. ૨૦૧૮ માં, ભારત સરકારે મોંગલામાં જમીન વિકસાવવા માટે હિરાનંદાની ગ્રુપની પસંદગી કરી. ચાર વર્ષ પછી, ૨૦૨૨ માં, બાંગ્લાદેશ આર્થિક ઝોન ઓથોરિટી (ઇઊણઅ) સાથે એક કરાર પર હસ્તાક્ષર કરવામાં આવ્યા.

૨૦૨૪ માં, હિંસક વિદ્યાર્થીઓના વિરોધ પ્રદર્શનોએ શેખ હસીનાને રાજીનામું આપવાની ફરજ પાડી અને તેમણે ભારતમાં આશ્રય લીધો. ત્યારબાદ, મુહમ્મદ યુનુસના નેતૃત્વ હેઠળની વચગાળાની સરકાર દરમિયાન બાંગ્લાદેશમાં ભારત વિરોધી ભાવનાઓ ચરમસીમાએ પહોંચી. ૨૦૨૫ માં, યુનુસ સરકારે ભારતને આ પ્રોજેક્ટમાંથી બાકાત રાખ્યું, અને દાવો કર્યો કે ભારતીય કંપની બે વર્ષમાં કામ શરૂ કરવામાં નિષ્ફળ ગઈ છે. આ તકનો લાભ લેતા, ઢાકામાં ચીની દૂતાવાસે યુનુસ સરકારને તે જ ૧૧૦ એકર જમીન પર ચીની સેઝ બનાવવાનો પ્રસ્તાવ મૂક્યો, જેને હવે નવી સરકારે અંતિમ સ્વરૂપ આપ્યું છે.

આસામના તિનસુકિયામાં કાવતરું નિષ્ફળ

દારૂગોળા સાથે બે ખતરનાક ઉલ્ફા-I સભ્યોની ધરપકડ

નવીદિલ્હી, તા.૨૭

આસામના તિનસુકિયા જિલ્લામાં, પોલીસ અને કેન્દ્રીય સુરક્ષા એજન્સીઓએ સંયુક્ત કાર્યવાહી હાથ ધરીને એક મોટા આતંકવાદી હુમલાને નિષ્ફળ બનાવ્યો. ગુપ્ત માહિતીના આધારે, પોલીસે જગુન વિસ્તારમાંથી પ્રતિબંધિત યુનાઇટેડ લિબરેશન ફ્રન્ટ ઓફ આસામ-ઇન્ડિપેન્ડન્ટ (ઝકઋઅ-ઈ) ના બે સક્રિય સભ્યોની ધરપકડ કરી. પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર, ધરપકડ કરાયેલા આતંકવાદીઓની ઓળખ સિઓર આસોમ ઉર્ફે હ્યુમનજ્યોતિ બરુઆ (૨૭) અને મનોજ આસોમ ઉર્ફે પપુ મોરન (૩૦) તરીકે થઈ છે. હ્યુમનજ્યોતિ બરુઆ તિનસુકિયાના પાનીટોલાનો રહેવાસી છે, જ્યારે પપુ મોરન બાઘજાન વિસ્તારનો છે. બંને કથિત રીતે ઉલ્ફા (ઈ) સંગઠનના સક્રિય સભ્યો હતા.

પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે ઉલ્ફા (ઈ) એ બંને આરોપીઓને તિનસુકિયા શહેરમાં વિનાશ મચાવવાનું કામ સોંપ્યું હતું. તેમનો મુખ્ય ઉદ્દેશ્ય શહેરના ભીડવાળા વિસ્તારોમાં નિર્દોષ નાગરિકો પર આડેધડ હુમલો કરવાનો, તેમની હત્યા કરવાનો અને લોકોના હૃદયમાં આતંક ફેલાવવાનો હતો. તપાસ એજન્સીઓ માને છે કે આ કાવતરામાં પ્રદેશને અસ્થિર કરવાની અને બાહ્ય દળોના સંભવિત પ્રભાવને વધારવાની વ્યાપક વ્યૂહરચના સામેલ છે. પોલીસે બંને આરોપીઓ પાસેથી મોટી માત્રામાં હથિયારો અને અન્ય સામગ્રી જપ્ત કરી છે. જપ્ત કરાયેલી વસ્તુઓમાં બે અઊં-૫૬ રાઈફલ, ૧૭૨ જીવંત કારતૂસ, બે હેન્ડ ગ્રેનેડ, એક મેડિકલ કીટ, સિરીંજ, ઓપીઓઈડ, જંગલમાં લાંબા સમય સુધી ટકી રહેવા માટેની જોગવાઈઓ, બેકપેક્સ અને અન્ય યુદ્ધ સંબંધિત સામગ્રીનો સમાવેશ થાય છે. જપ્ત કરાયેલા શસ્ત્રો અને વિસ્ફોટકોના આધારે, સુરક્ષા એજન્સીઓ માને છે કે મોટા હુમલાની તૈયારી ચાલી રહી હતી.

આ ઘટના બાદ, સુરક્ષા એજન્સીઓએ તિનસુકિયા અને તેની આસપાસના સંવેદનશીલ વિસ્તારોમાં સતર્કતા વધારી દીધી છે. પોલીસનું કહેવું છે કે ધરપકડ કરાયેલા આરોપીઓની પૂછપરછ ચાલુ છે, અને તેમના નેટવર્ક, સહયોગીઓ અને સંભવિત અન્ય છુપાયેલા સ્થળોને ઓળખવા માટે કાર્યવાહી ચાલી રહી છે.

હાલમાં સમગ્ર નેટવર્કની સંપૂર્ણ તપાસ ચાલી રહી છે. અધિકારીઓએ જણાવ્યું હતું કે આ ધરપકડોએ ઉપલા આસામમાં ઘણા લોકોના જીવ બચાવ્યા છે. અધિકારીઓનું કહેવું છે કે તપાસ પૂર્ણ થયા પછી સમગ્ર કાવતરું અને તેમાં સામેલ અન્ય વ્યક્તિઓ વિશે વિગતવાર માહિતી શેર કરવામાં આવશે. સુરક્ષા એજન્સીઓ આ કાર્યવાહીને પ્રદેશમાં શાંતિ અને સુરક્ષા જાળવવામાં મોટી સફળતા માની રહી છે.

આસામના તિનસુકિયામાં પોલીસ અને કેન્દ્રીય સુરક્ષા એજન્સીઓએ એક મોટા આતંકવાદી હુમલાને નિષ્ફળ બનાવ્યો છે. ઉલ્ફા-ઈ ના બે સક્રિય સભ્યોની અઊં-૫૬ રાઈફલ, ગ્રેનેડ અને મોટી માત્રામાં દારૂગોળો સાથે ધરપકડ કરવામાં આવી છે. તેમનો ઉદ્દેશ્ય ભીડવાળા વિસ્તારોમાં તબાહી મચાવવાનો હતો.

TET પેપર લીક

૬ લાખ ઉમેદવારો TET પરીક્ષા આપવાના હતા, પેપર લીક પછી હવે શું?



નવીદિલ્હી, તા. ૨૭

રવિવાર ૨૯ જૂનના રોજ યોજાનારી પરીક્ષાના ૨૪ કલાક પહેલા મહારાષ્ટ્ર શિક્ષક પાત્રતા પરીક્ષા (ઝઊઝ) નું પ્રશ્નપત્ર લીક થયું હતું. આ પરીક્ષા રદ થવાથી રાજ્યનો રાજકીય માહોલ ગરમાયો છે. વિપક્ષ સતત સરકાર પર હુમલો કરી રહ્યો છે. દરમિયાન, પોલીસે પેપર લીક ગેંગ સામે કાર્યવાહી કરી છે અને ભિવંડીમાં ત્રણ આરોપીઓની અટકાયત કરી છે. દરમિયાન, મહારાષ્ટ્ર રાજ્ય પરીક્ષા બોર્ડના ડેપ્યુટી કમિશનર પ્રિયા શિંદેએ જણાવ્યું હતું કે પેપર લીક થવાને કારણે ૨૮ જૂન, ૨૦૨૬ ના રોજ યોજાનારી શિક્ષક પાત્રતા પરીક્ષા (ઝઊઝ) મુલતવી રાખવામાં આવી છે. રાજ્યભરમાં ૩૭ પરીક્ષા કેન્દ્ર વિસ્તારોમાં કુલ ૧,૭૨૮ પરીક્ષા કેન્દ્રો સ્થાપિત કરવામાં આવ્યા હતા. ગઊઊઝ ૨૦૨૬ ની પરીક્ષા દરમિયાન થયેલી ગેરરીતિઓને ધ્યાનમાં રાખીને, મહારાષ્ટ્ર રાજ્ય પરીક્ષા બોર્ડે તમામ સુરક્ષા પગલાં અમલમાં મૂક્યા હતા. ૧૮,૦૦૦ અઈ-આધારિત ઈઈઝટ કેમેરા લગાવવામાં આવ્યા હતા. દરેક કેન્દ્ર પર રાજ્ય અને જિલ્લા નિયંત્રણ રૂમ દ્વારા દેખરેખ રાખવામાં આવી હતી. ઉમેદવારો માટે બાયોમેટ્રિક અને ચહેરાની ઓળખ સિસ્ટમો ગોઠવવામાં આવી હતી.

આ પરીક્ષા આશરે ૬,૧૨૫ ઉમેદવારો માટે યોજાવાની હતી, પરંતુ પેપર લીકની ઘટના બાદ, પરીક્ષા મુલતવી રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો. શિંદેએ જણાવ્યું હતું કે ટૂંક સમયમાં નવી પરીક્ષાની તારીખ જાહેર કરવામાં આવશે. મહારાષ્ટ્ર રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા જારી કરાયેલા લેખિત નિવેદનમાં જણાવાયું છે કે શિક્ષક પાત્રતા પરીક્ષા સંપૂર્ણ પારદર્શિતા સાથે યોજવી એ બોર્ડની ટોચની પ્રાથમિકતા છે. પેપર લીકની સંપૂર્ણ તપાસની જરૂરિયાતને કારણે ૨૮ જૂને યોજાનારી પરીક્ષા મુલતવી રાખવામાં આવી છે.

દરમિયાન, વિપક્ષે શાસક સરકાર પર પ્રશ્નપત્રો લીક કરવાનો આરોપ લગાવ્યો છે, પહેલા ગઊઊઝ પરીક્ષામાં અને હવે ઝઊઝ પરીક્ષામાં. વિપક્ષે આ સરકારને પ્રશ્નપત્રો લીક કરનાર ગણાવી છે. વિપક્ષનું કહેવું છે કે તે આ મુદ્દો ગૃહમાં ઉઠાવશે. દરમિયાન, પોલીસે ભિવંડીમાં કાર્યવાહી કરી છે અને ત્રણ લોકોની અટકાયત કરી છે. પોલીસ હાલમાં સમગ્ર પેપર લીક રેકેટ અને તેમાં સામેલ અન્ય લોકોની ભૂમિકાની તપાસ કરી રહી છે. પેપર લીક બાદ રવિવાર, ૨૮ જૂને મહારાષ્ટ્રમાં યોજાનારી શિક્ષક પાત્રતા પરીક્ષા (ઝઊઝ) રદ કરવામાં આવી છે. મહારાષ્ટ્ર રાજ્ય પરીક્ષા બોર્ડે આ વાતની પુષ્ટિ કરી છે. આશરે ૬,૧૨૫ ઉમેદવારો પરીક્ષા આપવાના હતા, પરંતુ પેપર લીક થવાને કારણે તેને રદ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો. ઉમેદવારો માટે આ એક મોટો આંચકો છે.

શબ્દ બ્રહ્મ

સદગુરૂ કૃપા હી કેવલમ્...

વાંચન વિશેષ

૩૦ જૂન વર્લ્ડ એસ્ટ્રોઈડ ડે! શું છે એસ્ટ્રોઈડ? અને એનાથી આપણને શું નુકશાન થઈ શકે?

રવિવારનાં લેખ માટે શું લખવું એ વિચારતી હતી! જેઠ મહિનાનાં તહેવારો વિષે લખું! કે કોઈ ખાસ દિવસ આવે છે કે નહીં એનું સર્ચ કર્યું, અને એક વિશેષ વિષય મળી ગયો! ૩૦ જૂન એસ્ટ્રોઈડ દિવસ! એ શું છે એ આપણે પછી જોઈએ! પરંતુ હિન્દુ સંસ્કૃતિમાં જેને સૌથી વધુ મહત્વ અપાયું હોય તો એ ખગોળ શાસ્ત્ર છે! અને ગ્રહ નક્ષત્રનાં સ્થાન મુજબ વાર, તિથિ, અને મહિનાઓની તેમજ સૂર્ય વર્ષ, કે ચંદ્ર વર્ષ એમ ગણતરી કરવામાં આવે છે, અને જેને આપણે પંચાંગ કહીએ છીએ! નાસા અને ઈસરોની સ્થાપના પણ નહોતી થઈ, ત્યારથી આપણી સંસ્કૃતિનાં ઋષિઓના બહોળા જ્ઞાનને કારણે ખગોળિય ઘટનાઓ વિશે એટલે સૂર્ય ચંદ્ર ગ્રહણ, ચોઘડિયા, ગ્રહ નક્ષત્રની ગોઠવણી મુજબ રાશિ, તિથિનો ક્ષય કે એક તિથિ બે વાર વગેરેની એડવાન્સ ગણતરી કરી આખાં વર્ષનું પંચાંગ બહાર પડે છે! આ ગ્રહ લઘુગ્રહ કે ઉલ્કા પિંડ આ બધું જ આપણા જીવનને કેટલું પ્રભાવિત કરે છે! એની માટે જ જ્યોતિષશાસ્ત્ર છે! પરંતુ હાલ આગ્રહ નિગ્રહ માંથી જ જાણે માનવી નામનો વિગ્રહ બન્યો હોય એવું એનું વ્યક્તિત્વ થતું જાય છે, બાકી અવકાશનાં ગ્રહો એટલાં નથી નડતાં જેટલાં ખુદનાં આગ્રહો નડે છે.

પણ આ એસ્ટ્રોઇડ છે શું? આપણે સૌ જાણીએ છીએ કે પૃથ્વી સહિતના આ ગ્રહો અવકાશ ગંગામાં તરે છે! પૃથ્વી પણ તરે છે, અને પોતાની ધરી પર ફરે છે, અને સૂર્ય આસપાસ પણ ફરે છે એટલે દિવસ રાત થાય છે! પણ આ નવ ગ્રહ એટલે સોમ, મંગળ, બુધ, ગુરુ, શુક્ર, શનિ, રવિ એટલે કે સૂર્ય અને પ્લુટો! તેમજ પૃથ્વી. બ્રહ્માંડની ઉત્પત્તિ થઈ ત્યારે આ ગ્રહ બન્યાં, અને પછી જે ખડક કે ધાતું ઓનો કાટમાળ બચ્યો એ છે, એસ્ટ્રોઈડ એટલે કે લઘુગ્રહો! જે મોટેભાગે ગુરુત્વાકર્ષણ નાં કારણે સૂર્યના ગ્રહની આસપાસ તરતા હોય છે! પરંતુ જો ગુરુત્વાકર્ષણનાં મુખ્ય પરિબળમા વધઘટ થાય તો એ ગ્રહ સાથે અથડાય છે! અને બહુ મોટાં પ્રલય જેવી ઘટના ઘટે છે,જે જ્યાં ટકરાય ત્યાં મોટા પ્રમાણમાં વિનાશ થાય છે! તેનું કોઈ નિશ્ચિત સ્થાન નથી, પરંતુ મોટાભાગના એસ્ટ્રોઇડ મંગળ અને ગુરુ ગ્રહની વચ્ચે આવેલા એસ્ટ્રોઇડ બેલ્ટમાં જોવાં મળે છે. ચોરસ, ત્રિકોણ કે ષટકોણ એવો કોઈ નિશ્ચિત આકાર નથી હોતો, તે અનિયમિત આકારનાં હોય છે, અને તેનું કદ થોડા મીટરથી લઈને સેંકડો કિલોમીટર સુધીનું હોઈ શકે છે. તેનું અસ્તિત્વ ભલે ગ્રહની રીતે અનામી છે, પરંતુ એ અન્ય ગ્રહોની જેમ સૂર્યની આસપાસ જ ફરે છે. હાલના પ્રાકૃતિક પ્રદૂષણનાં પ્રતાપે ગુરુત્વાકર્ષણ વધી જાય તો અમુક એસ્ટ્રોઈડ પોતાની ભ્રમણ કક્ષા છોડી પૃથ્વી નજીક આવી જાય છે! જે સંભવિત ખતરો છે.

૩૦ જૂન એ એસ્ટ્રોઇડ દિવસ ઉજવવાનું કારણ એ છે કે ૧૯૦૮ ની ૩૦ જૂનના રોજ સાઈબેરિયા એટલે રશિયાના પતુન્ગુસ્કામા લઘુગ્રહ એટલે એસ્ટ્રોઈડ ટકરાવાની ઘટના બની હતી. આ ઈતિહાસની સૌથી મોટી નોંધાયેલી લઘુગ્રહની અસર હતી, જેના કારણે આશરે ૮૦૦ ચોરસ માઈલ વિસ્તારમાં કરોડો વૃક્ષો નાશ પામ્યા હતા. આ વિનાશક ઘટનાની યાદમાં જ સંયુક્ત રાષ્ટ્ર દ્વારા ૨૦૧૬ માં આ દિવસને અધિકૃત રીતે ઉજવવાની ઘોષણા કરવામાં આવી હતી, કે આ રીતે આવાં સંભવિત લઘુગ્રહો પૃથ્વી પર ટકરાઈ શકે છે, અને એનાથી બચવાની જાગૃતિ માટે શું કરવું? આ ઉપરાંત ભૂતકાળમાં આવી બે ત્રણ ઘટનાનો ઈતિહાસ એની ભયંકરતા બતાવે છે. જેમ કે પૃથ્વી પરથી ડાયનાસોરની પ્રજાતિનો નાશ આવી એક દુર્ઘટનાનું કારણ છે. આશરે ૬.૬ કરોડ વર્ષ પહેલાં ચિક્સલબ નામનો એસ્ટ્રોઈડ પૃથ્વી સાથે ટકરાયો હતો. તે વર્તમાન મેક્સિકો દેશના યુકાટન દ્વીપ પાસે સમુદ્રમાં ટકરાયો હતો.આ એસ્ટેરોઇડ લગભગ ૧૦ થી ૧૫ કિલોમીટર મોટો હતો. તેના ટકરાવાથી વાતાવરણમાં એટલી મોટી માત્રામાં ધૂળ અને સલ્ફરના વાદળો છવાઈ ગયાં, કે સૂર્યપ્રકાશ પૃથ્વી સુધી પહોંચતો બંધ થઈ ગયો. આના કારણે પૃથ્વી પર વર્ષો સુધી લાંબો શિયાળો રહ્યો અને ખોરાકની અછતને લીધે ડાયનાસોર સહિત પૃથ્વી પરનાં આશરે ૭૫% સજીવો નાશ પામ્યા. આવી દુર્ઘટના ઘટે નહીં માટે નાસા અને જાપાનની સ્પેસ એજન્સીઓએ એસ્ટેરોઇડ પર સ્પેસક્રાફ્ટ મોકલીને ત્યાંથી ધૂળ અને પથ્થરોનાં સેમ્પલ પૃથ્વી પર સફળતાપૂર્વક લાવ્યાં છે. ભારત પણ ૨૦૨૯ માં ઈસરો દ્વારા એસ્ટ્રોઈડ પર સંશોધન કરવાની તૈયારી કરી રહ્યું છે! આ ઉપરાંત વૈજ્ઞાનિકો આવાં લઘુગ્રહોની તસ્વીર કલેક્ટ કરીને ત્યાં પ્લેટિનમ, સોનું, ચાંદી, લોખંડ જેવી કિંમતી ધાતુઓ હોય તો એને પૃથ્વી પર લાવી આર્થિક ફાયદો મેળવવાં પણ મથે છે. આ ઉપરાંત આ મોટાં મોટાં એસ્ટ્રોઇડ પર અન્ય ગ્રહની કેવી અસર છે? અને શું ત્યાં માનવ રહેવાસ શક્ય છે કે નહીં! હવામાન અને પાણી છે કે નહીં એનું સંશોધન પણ થાય છે.

વૈજ્ઞાનિકોએ એસ્ટેરોઈડનાં બંધારણ પરથી તેનાં મુખ્ય ત્રણ પ્રકારો બતાવ્યા છે.

**ઈ-પ્રકાર એટલે કે કાર્બોનેસિયસ આ પ્રકાર સૌથી સામાન્ય છે, આકાશ ગંગામાં અને ૭૫% જેટલા એસ્ટ્રોઇડ છે, જે ઘેરા રંગના હોય છે અને કાર્બનથી બનેલા હોય છે.

**જ-પ્રકાર એટલે કે જે સિલિકેટની બનેલ છે, આ એસ્ટ્રોઇડ પથ્થર અને આયર્ન મેગ્નેશિયમ ધાતુઓનાં બનેલા હોય છે.

**ખ-પ્રકાર એટલે કે મેટાલિક એસ્ટ્રોઈડ,જે શુદ્ધ ધાતુઓ મોટે ભાગે લોખંડ અને નિકલનાં બનેલાં હોય છે.

આપણને પ્રશ્ન થાય કે, આટલી વૈજ્ઞાનિક શોધો થઈ છે, તો શું આવાં અકસ્માત રોકવા માટે ખગોળીય વૈજ્ઞાનિકો કંઈ જ કરી શકે નહીં? અત્યારે એ જ મિશન પર નાસા અને ઈસરોના વૈજ્ઞાનિકો કામ કરી રહ્યાં છે, અને તેઓ સંભવિત અકસ્માત રોકવા એક સ્પેસક્રાફ્ટને એસ્ટેરોઇડ સાથે અથડાવીને તેની ભ્રમણકક્ષા સફળતાપૂર્વક બદલવામાં આવે અને ભૂતકાળમાં આવાં પ્રયોગ સફળ પણ થયા છે.

આપણા સૌરમંડળનો સૌથી મોટો એસ્ટ્રોઈડ સેરેસ છે, તેનું કદ વ્યાસમાં આશરે ૯૪૦ થી ૯૫૦ કિલોમીટર જેટલો છે, અને જે ચંદ્ર ગ્રહનાં ચોથા ભાગ જેટલું છે! અને તેને વામન ગ્રહ નામ આપ્યું છે. ગોળાકાર ન્હોય એવાં એસ્ટ્રોઈડની વાત કરીએ તો વેસ્ટા સૌથી મોટો ગ્રહ છે, જેનો વ્યાસ આશરે ૫૨૫ કિલોમીટર છે.

ભારતની ઈસરો ટીમના ચીફ ડો. એસ. સોમનાથના જણાવ્યા અનુસાર, ભવિષ્યમાં પૃથ્વીને બચાવવા માટે એસ્ટ્રોઇડ પર લેન્ડિંગ કરવું અને તેને ડિફ્લેક્ટ એટલે માર્ગ બદલવાની ક્ષમતા વિકસાવવી એ ભારતની ભવિષ્યની મહતવની યોજનાઓમાં સામેલ છે. આ ઉપરાંત ઈસરો અને દેશના વૈજ્ઞાનિકો અન્ય એસ્ટ્રોઇડની શોધ, મોનિટરિંગ અને ગ્રહ સંરક્ષણ ક્ષેત્રે સક્રિય રીતે સંકળાયેલા છે.

પૃથ્વીની એકદમ નજીક અને સંભવિત જોખમી ગણાતા વિશાળ એસ્ટ્રોઇડ એપોફિસ પર ઇસરો ખાસ નજર રાખી રહ્યું છે. તેનાં અભ્યાસ માટે ઇસરો આંતરરાષ્ટ્રીય મિશનમાં ભાગ લેવા પણ ઉત્સુક છે. ઇસરોએ અવકાશમાં રહેલા જોખમી પદાર્થો પર નજર રાખવા માટે નેત્રા નામની સિસ્ટમ વિકસાવી છે.

ભારતના વૈજ્ઞાનિકો ગ્રોથ ઈન્ડિયા ટેલિસ્કોપ જેવા અદ્યતન સાધનોની મદદથી અવકાશમાં એસ્ટ્રોઇડની ગતિવિધિઓ ટ્રેક કરે છે. એક અભ્યાસ યોજના અંતર્ગત ગુજરાતનાં સુરતની બે વિદ્યાર્થીનીઓએ એક નવા એસ્ટરોઇડની શોધ કરી હતી, આની પરથી સાબિત થાય છે કે ભારત મિશન મંગલ પછી આદિત્ય અગિયાર અને આવી અનેક ચેલેન્જ ને સફળતા પૂર્વક પાર કરીને વિશ્વ ને પોતાની ક્ષમતા બતાવી રહ્યું છે! કે જ્યાં ગઈકાલ સુધી દૂર દૂર સુધી એવી શક્યતા દેખાતી નહોતી! ટૂંકમાં ક્ષેત્ર કે વિષય ગમે તે હોય! ભારત મુકાબલો કરવામાં હવે પાછી પાની કરશે નહીં અને પોતાની યોગ્યતા પૂરવાર કરીને રહેશે! જય હિન્દ.

લી ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

કોઠારીયાના યુવાને એલ્યુમિનિયમ સેક્સશના ધંધો વિકસસાવા પ્રયાસ કર્યો અને ફસાયો

વ્યાજખોરે ધોકો બતાવી કહ્યું પોલીસ પણ તારી ફરિયાદ નહિ લે!

વીસ ટકે દોઢ લાખ લઈ યુવાને નિયમીત વ્યાજ ભર્યુઃ ધંધો ન ચાલતાં વ્યાજ ન ભરી શકતાં ઓફિસે બોલાવી ધમકાવ્યો, લાફા માર્યા, હોન્ડા અને કોરા ચેક પડાવી લીધાઃ આજીડેમ પોલીસે દાખલ કરી એફઆઈઆર

રાજકોટ, તા. ૨૭

વ્યાજંકવાદની વધુ એક ચોકાંવનારી ઘટના સામે આવી છે જેમાં કોઠારીયા વિસ્તારના એલ્યુમિનિયમ સેક્શનના કારીગરે ધંધા માટે મવડી વિસ્તારના ગેરેજ સંચાલક પાસેથી વીસ ટકા વ્યાજે દોઢ લાખ લીધા હોઇ તેનું નિયમીત વ્યાજ ચુકવ્યા બાદ ધંધો મંદ પડી જતાં વ્યાજ ન ચુકવી શકતાં પઠાણી ઉઘરાણી ચાલુ કરી વ્યાજ મુદ્દલ સહિત બે લાખ સાંઇઠ હજાર માંગી યુવાનનું હોન્ડા અને બે કોરા ચેક પડાવી લઇ તેમજ વ્યાજની સતત ઉઘરાણી ચાલુ રાખી પોલીસ પણ તારી ફરિયાદ નહિ નોંધે તેમ કહી તેના ઘરના ફોટા પાડી વ્હોટ્સએપમાં મોકલી યુવાન અને તેના આખા પરિવારને મારી નાંખવાની ધમકી આપતાં વ્યાજખોરીનો ગુનો આજીડેમ પોલીસે દાખલ કરી તપાસ શરૂ કરી હતી.

વિગતો જોઇએ તો કોઠારીયા વિસ્તારમાં રહેતાં એલ્યુમિનિયમ સેક્શનના કારીગરે ધંધા માટે વ્યાજે લીધેલા એક લાખ પચાસ હજારસામે વીસ ટકા વ્યાજે લઇ વ્યાજ ભર્યા પછી ધંધામાં મંદી આવતાં વ્યાજ ન ભરી શકતાં મવડી વિસ્તારમાં ગેરજ ચલાવતાં શખ્સે વ્યાજની પઠાણી ઉઘરાણી કરી ધાકધમકી આપી હોન્ડા, સહી કરેલા કોરા ચેક પડાવી લઇ વધુ ૨.૬૦ લાખની ઉઘરાણી કરી તેના ઘરનો ફોટો વ્હોટસએપમાં મોકલી આખા ઘરને પતાવી દેવાની ધમકી આપતાં અંતે યુવાને ફરિયાદ નોંધાવી હતી. આ બનાવમાં આજીડેમ પોલીસે કોઠારીયાર સોલવન્ટ પાછળ સિતારામ સોસાયટી નજીક ઓમનગર-૨ મકાન નં. ૧૩૦માં રહેતાં પચ્ચીસ વર્ષના પ્રજાપતિ જય ખુશાલભાઇ રાખસીયાની ફરિયાદ પરથી મવડી બાપા સિતારામ ચોક પાસે રહેતાં સ્મીત પટેલ વિરૂધ્ધ વ્યાજખોરી અને ધમકી અંગેનો ગુનો નોંધ્યો હતો.

વધુ માહિતી અનુસાર જય રાખસીયા એલ્યુમિનિયમ સેક્શનનું મજૂરી કામ કરે છે. તેણે ફરિયાદમા જણાવ્યું છે કે ચારેક મહિના પહેલા મને મારા શેઠે મવડી બાપા સિતારામ ચોકમાં જે.કે. મોટર ગેરેજ ચલાવતાં સ્મીત પટેલને ત્યાં એલ્યુમિનિયમ સેક્સનનું કામ કરવા મોકલ્યો હતો. ત્યારે સ્મીતે કહ્યું હતું કે મોટર ગેરેજના કામની સાથે સાથે સાઇડમાં વ્યાજનું કામ પણ તે કરે છે અને વ્યાજે પૈસાની જરૂર હોય તો જણાવજો. આ પછી જય કામ પુરૂ કરીને નીકળી ગયો હતો. બાદમાં જયએ એલ્યુનિયમ સેક્શનનો પોતાનો ધંધા ચાલુ કર્યો હોઇ તેના માટે રૂપિયાની જરૂર પડતાં સ્મીતની ઓફિસે જઇ રૂપિયા ૫૦ હજાર માંગતા તેણે ૧૦ ટકા વ્યાજે આપ્યા હતાં.

આ રૂપિયા પંદર દિવસ પુરતા લીધા હતાં. આ રકમ વ્યાજ સહિત ચુકવી દીધી હતી. બાદમાં ધંધા માટે વધુ રૂપિયાની જરૂર પડતાં ફરીથી ૨૭/૩/૨૬ના રોજ સ્મીતની ઓફિસે જઇ વધુ ૧,૫૦,૦૦૦ માંગતા આ વખતે સ્મીતે ૨૦ ટકા વ્યાજ થશે તેમ કહી રકમ આપી હતી. તેને વ્યાજ ઓછુ કરવા કહેલુ પણ તે માન્યો નહોતો અને જો વ્યાજ ચુકવવામાં મોડુ થશે તો પેનલ્ટી ભરવી પડશે તેમ પણ કહ્યું હતું. દોઢ લાખ વ્યાજે લઇ ધંધાના કામમાં વાપરી નાંખ્યા હતાં.

બાદમાં ધંધામાં મંદી આવી જતાં વ્યાજ કે રકમ ચુકવી શક્યો નહોતો. આ પછી સ્મીતે વારંવાર વ્યાજની ઉઘરાણી ચાલુ કરી હતી. જેથી એક વખત રૂા. ૫૦૦૦ ઓનલાઇન ટ્રાન્સફર કર્યા હતાં. થોડા દિવસ પછી સ્મીતે જયને ફોન કરી તું ક્યાં છો? કેમ વ્યાજ પહોંચાડતો નથી, અત્યારે જ મારી ઓફિસે આવી જા. તેમ કહેતાં જય ત્યાં પોતાનું સ્પલેન્ડર બાઇક લને ગયો હતો. સ્મીત ગેરેજની બહાર જ ઉભો હોઇ તેણે તું કેમ ફોન ઉપાડતો નથી, કેમ પૈસા દેવા આવતો નથી તેમ ફરીથી કહેતાં જયએ ધંધો ચાલતો નથી, તમારા પૈસા થોડા સમયમાં આપી દઇશ તેમ કહેતાં સ્મીતે ઉશ્કેરાઇ ગયો હતો.

ક્રોધીત સ્મીતે બે ત્રણ ફડાકા મારી દઇ પતાવી દેવાની ધમકી આપી હતી અને ૨૦ હજારની કિંમતનું જયનું હોન્ડા પડાવી લીધુ હતું. તેમજ કહ્યું હતું કે તારે મુદ્દલ, વ્યાજ, પેનલ્ટી મળી હવે રૂા. ૨,૬૦,૦૦૦ આપવા પડશે. જો તું અત્યારે જ પૈસા નહિ દે તો તને જીવતો નહિ જવા દઉ. આથી ગભરાઇ ગયેલા જયએ આજીજી કરી હતી અને ગમે તેમ કરીને પૈસા આપી દેશે તેમક હેતાં સ્મીતે બે સહી કરેલા કોરા ચેક અને બાઇક આપવા પડશે તેમ કહી બાઇક અને ચેક પડાવી લીધા હતાં.

આ ચેક જયએ પોતાના ભાઇ પાસેથી લઇને સ્મીતને આપ્યા હતાં. જય ચેક આપવા સ્મીતની ઓફિસે ગયો ત્યારે ફરીથી સ્મીતે ધમકી આપી હતી કે બાઇક વ્યાજની પેનલ્ટીમાં આવે છે, તારે હજુ દર મહિને વ્યાજ અને પેનલ્ટી ચુકવવા પડશે. જો નહિ ચુકવે તો ચેકમાં ચાર ગણી રકમ ભરી કોર્ટના કેસમાં ફીટ કરી દઇશ. આ પછી જય પૈસા કમાવવા માણેકવાડા ગામે મકાનનું કામ રાખ્યું હોઇ ત્યાં ગયો હતો. ત્યાં પણ સ્મીત તેને ફોન કરી વ્યાજની સતત ઉઘરાણી કરી ગાળો દઇ ધમકાવતો હતો.

દરમિયાન ગત પાંચમી તારીખના રોજ જય માણેકવાડા કામની સાઇટ પર હતો ત્યારે સ્મીતે વ્હોટ્સએપમાં જયના ઘરનો ફોટો મોકલી મેસેજ કર્યો હતો કે તું ક્યાં છો, મેં તારુ ઘર ગોતી લીધુ છે. તારે પૈસા આપવા જ પડશે નહિતર તારા આખા પરિવારને પતાવી દઇશ તેવી ધમકી આપી હતી. જતાં જતાં સ્મીતે જયના પિતાજીને પણ ધમકી આપી કહ્યું હતું કે સાંજ સુધીમાં તમારા દિકરાને મારી ઓફિસે મોકલજો નહિતર આખા પરિવારને પુરો કરી નાંખીશ. આવી ધમકીથી જય સતત ગભરાઇ ગયો હતો.

એ દરમિયાન ફરીથી તેણે સ્મીતને ફોન કરી તે તેની ઓફિસે ગયો હતો અને હેરાન નહિ કરવાની વિનંતી કરી પોતે પૈસા આપી દેશે તેમ કહેતાં સ્મીતે ઉશ્કેરાઇ જઇ મા બહેન સમી ગાળો દીધી હતી અને ત્યાં પડેલો ધોકો બતાવી ધમકી દીધી હતી કે બે લાખ સાંઇઠ હજાર તારે આપવા જ પડશે, તારી ફરિયાદ પણ કોઇ પોલીસવાળા નહિ લે. જયએ આ વખતે વાતચીતનું રેકોર્ડિંગ કરી લઇ અંતે હિમ્મત કરી પોલીસને જાણ કરી હતી. આજીડેમ પીઆઇ એચ. એન. પટેલના માર્ગદર્શનમાં એએસઆઇ એચ. વી. મોરવાણીયાએ ગુનો દાખલ કર્યો હતો. આમ વ્યાજંકવાદનો વધુ એક કિસ્સો પોલીસ સુધી પહોંચ્યો હતો.

અગાસી પરથી પટકાતાં યુવાનની જિંદગી ખતમ

રાજકોટ, તા. ૨૭

અપમૃત્યુની વધુ એક ઘટના સામે આવી હતી. જેમાં અગાસી પરથી પડી જતાં યુવાનનું મોત થયું હતું. શહેરના બંસીધર પાર્કમાં એકલવાયું જીવન જીવતા એક યુવાન ઘરે અગાસી ઉપર હતા ત્યારે અચાનક ચક્કર આવી જતાં મકાનની પાછળ આવેલા પ્લોટમાં પડી જતાં ગંભીર ઈજા થતાં મૃત્યુ થતાં પરિવારમાં શોક છવાઇ ગયો હતો. વિગતો અનુસાર બંસીધરપાર્ક-૨માં આવેલા પરશુરામ મારબલ નજીક રહેતાં મનદીપભાઇ જગદીશભાઈ દવે કે જેમની ઉમર ઓગણચાલીસ વર્ષની હતી તેઓ પોતાના ઘરે ધાબા ઉપર એકલા હતા ત્યારે અચાનક ચક્કર આવી જતા ધાબા પરથી મકાન પાછળ આવેલા કોમન પ્લોટમાં પટકાતા માથામાં અને પગે ગંભીર ઈજાઓ પહોચી હતી. બનાવની જાણ થતાં પાડોશીએ તેમને સારવાર માટે ખસેડ્યા હતાં. પરંતુ મૃત્યુ થયું હતું. યુનિવર્સિટી પોલીસ સ્ટેશનના હેડકોન્સ. ગિરીરાજસિંહ ઝાલાએ જરૂરી કાર્યાવહી કરી હતી. મૃત્યુ પામનાર મનદીપભાઇ બે ભાઇમાં મોટા અને અપરિણીત હતાં અને એકલવાયુ જીવન જીવતાં હતાં. ઘટનાથી સ્વજનો, પાડોશીઓમાં શોક છવાઇ ગયો હતો.

લક્ષ્મીનગરના આધેડે કૂવામાં કૂદી જિંદગી ટુંકાવી

આપઘાતના વધુ એક બનાવમાં આધેડે કૂવામાં પડતું મુકી જીવ આપ્યો હતો. શહેરના નાના મવા રોડ પર લક્ષ્મીનગર-૬માં ભાડાના મકાનમાં રહેતાં પિસ્તાલીસ વર્ષના વિનોદભાઇ ગણેશભાઇ પરમાર નામના આધેડ કાલાવડ રોડ પર એ. જી. ચોક પાછળ કૂવામાં પડી જતાં મોત થયું હતું. તેઓ બે ભાઇમાં મોટા અને અપરિણીત હતાં. તેમજ પાનની કેબીન ચલાવતાં હતાં. એકલવાયા જીવનથી કંટાળીને પગલુ ભર્યાનું પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું હતું. બનાવની જાણ થતાં તાલુકા પોલીસે જરૂરી કાર્યવાહી કરી મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે ખસેડ્યો હતો.

સામુ જોવા મામલે હૂમલો

પરશુરામ મદિર નજીક નેસડામાં પાડોશીને પાડોશીએ ફટકારતાં પોલીસ ફરિયાદ

રાજકોટ, તા. ૨૭

મારામારીના સતત બની રહેલા બનાવો વચ્ચે સામુ જોવા જેવી વાતે એક યુવાનને પાડોશીએ લાકડીથી ફટકારતાં હથેળીમાં આઠ ટાંકા લેવા પડ્યા હતાં. નવા ૧૫૦ ફુટ રીંગ રોડ પર પરશુરામ મંદિર પાસે ચારણના નેસડામાં રહેતાં યુવાન પર સામુ જોવા મામલે પાડોશમાં જ રહેતાં શખ્સે ઝઘડો કરી લાકડીથી હુમલો કરી માથા, હાથમાં ઈજાઓ પહોંચાડી લોહીલુહાણ કરી નાખ્યો હતો. આ બનાવમાં યુનિવર્સિટી પોલીસે પરશુરામ મંદિર નજીક નેસડામાં રહેતાં અને છુટક ડ્રાઈવીંગ કરી ગુજરાન ચલાવતાં અજમલ ઉગાભાઈ માલાણીની ફરિયાદ પરથી તેના પાડોશમાં રહેતાં ગોપાલ વાલાભાઇ બાબ્મા વિરૂધ્ધ ગુનો નોંધ્યો છે. રાત્રે આશરે સાડા દશેક વાગ્યે અજમલ પોતાના ઘર પાસે આવેલી ખુલ્લી જગ્યામાં પાણીના કેરબામાંથી પાણી લઈને નહાઈ રહ્યો હતો તે સમયે પાડોશમાં રહેતો ગોપાલ બામ્બા પોતાનું મોટરસાયકલ લઈને ત્યાંથી પસાર થયો અને થોડે આગળ જઈ બાઈક ભું રાખીને અજમલને તું કેમ મારી સામે જોવે છે? તેમ કહેતાં અજમલે હું તારી સામે જોતો જ નથી તેમ કહેતાં ગોપાલ ઉશ્કેરાઇ ગયો હતો. તે ગાળો બોલવા માંડતા અજમલે ગાળો નહિ બોલવાનું કહેતાં તે વધુ ઉશ્કેરાયો હતો અને લાકડી ઉપાડી હુમલો કરી માથામાં ફટકો મારતાં અજમલને લોહી નીકળવા લાગ્યા હતાં. બીજો ઘા પણ મારતાં અજમલે હાથ આડો રાખતા હથેળીમાં ઈજા થઈ હતી. આ પછી ઢીકાપાટુ પણ માર્યા હતાં. આ હુમલા દરમિયાન અજમલના મોટા બાપુજીના દીકરા કરણભાઈ સાદુરભાઈ લાખાણી ત્યાં દોડી આવતા હુમલાખોર ગોપાલ ત્યાંથી બાઈક લઈને ભાગી છૂટ્યો હતો. કરણભાઈએ તાત્કાલિક લોહીલુહાણ હાલતમાં અજમલને મોટરસાયકલ પર રાજકોટ સિવિલ હોસ્પિટલ ખાતે સારવાર માટે ખસેડ્યો હતો. જ્યાં તબીબે અજમલના જમણા હાથની હથેળીના ભાગે આશરે આઠ જેટલા ટાંકા લીધા હતાં. યુનિવર્સિટી પોલીસ મથકના હેડકોન્સ. પુષ્પરાજસિંહે ગુનો નોંધ્યો હતો.

તસ્કરીયાઓ ગમે ત્યાં ગમે ત્યારે ત્રાટકે છેઃ જે મળે તેની ઉઠાંતરી

બાંધકામ સાઈટ પરથી દસ લાખની પ્લેટો ચોરાઇ

નવા દોઢસો ફુટ રીંગ રોડ પર સ્કાયલાઇન પ્રોજેટક્ટની સાઈટ પર બનાવઃ એન્જિનીયરે તાલુકા પોલીસમાં જાણ કરતાં સીસીટીવી ફૂટેજને આધારે તપાસ

રાજકોટ, તા. ૨૭

ચોરટાઓ તક મળતાં જ હાથફેરા કરી જાય છે. નાની મોટી જે ચીજવસ્તુ મળે તે ચોરી જાય છે. તાજેતરમાં રૈયા રોડ લીં બુડીવાડીના રસ્તે ઓફિસમાંથી ચોર આખી વીસ કિલોની તીજોરી ચોરી ગયા હતાં. જો કે આ ગુનો ગાંધીગ્રામ પોલીસે ઉકેલી નાંખી બે ઉઠાવગીરને પકડી લીધા હતાં. ત્યાં હવે નવા દોઢસો ફુટ રીંગ રોડ પર બાંધકામની સાઇટ પરથી લાખો રૂપિયાની કિંમતની એલ્યુમિનીયમ પ્લેટોની ચોરી થઇ ગઇ છે. આ બનાવમાં શકમદ તસ્કરો સીસીટીવી કેમેરામાં કેદ થયા હોઇ પોલીસે તેના આધારે તપાસનું પગેરૂ દબાવ્યું છે. વિગતો પર નજર કરીએ તો શહેરમાં બાંધકામની વધુ એક સાઇટ પર ચોરીનો બનાવ બન્યો છે. નવા૧૫૦ ફુટ રીંગ રોડ પર ચાલતાં એક હાઇરાઇઝ પ્રોજેક્ટની સાઇટ પરથી અજાણ્યા તસ્કરો રૂપિયા ૧૦.૧૧ લાખની કિંમતની ૬૯ નંગ એલ્યુમિનિયમની પ્લેટો ચોરી જવામાં આવી હતી. આ બનાવ અંગે જુના એરપોર્ટ રોડ પર વંદન વાટીકા-૩ બ્લોક નં. ૪૪માં રહેતાં ધવલભાઇ જીતેન્દ્રભાઇ સોલંકીએ તાલુકા પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી. ધવલભાઇ જે.જે. ઇ.પી.સી. પ્રા.લી. કન્સ્ટ્રક્શન કંપનીમાં એન્જિનિયર તરીકે ફરજ બજાવે છે. હાલ કંપનીની સાઇટ નવા ૧૫૦ ફુટ રીંગ રોડ પર પરસાણા ચોક ખાતે સ્કાયલાઇન પ્રોજેક્ટના નામથી ચાલી રહી છે. ધવલભાઇ આ સાઇટ પર સુપરવિઝન કરી રહ્યા છે.

આ સાઇટ પર બાંધકામના શટરિંગ કામ માટે અલગ અલગ સાઇઝની કુલ ૪૫૯ એલ્યુમિનિયમની પ્લેટો મંગાવવામાં આવી હતી. દરમિયાન ૨૫/૬ના સવારે સાડા નવ વાગ્યાની આસપાસ જ્યારે એન્જિનિયર ધવલભાઈ સાઇટ પર હાજર હતાં ત્યારે ત્યાં કામ કરતા મજૂરોએ જણાવ્યું હતું કે શટરિંગ માટે વપરાતા માઇવન મટિરિયલમાં એલ્યુમિનિયમની પ્લેટો ઘટે છે. આ સાંભળીને તેઓ તાત્કાલિક મટિરિયલ જ્યાં રાખવામાં આવ્યું હતુ ત્યાં પહોંચ્યા હતાં. પ્બરાથમિક નજરે જ પ્લેટો ઓછી જણાતા સાઇટની આસપાસ અને સિક્યુરિટી ગાર્ડની સઘન પુછપરછ કરવામાં આવી હતી.

પરંતુ કોઈ પત્તો મળ્યો નહોતો. અંતે મજૂરો પાસે તમામ પ્લેટોની ચોક્કસ ગણતરી કરાવતાં કુલ ૪૫૯ પ્લેટોમાંથી ૬૯ પ્લેટો ઓછી હોવાનું સામે આવ્યું હતું. ચોરી થયેલી એલ્યુમિનિયમ પ્લેટો અલગ અલગ માપની હતી. બજાર કિંમત મુજબ એક ચોરસ મીટર એલ્યુમિનિયમ પ્લેટની કિંમત આશરે રૂપિયા ૧૧,૦૦૦ જેટલી થાય છે. આ હિસાબે સાઇટ પરથી ગાયબ થયેલી કુલ ૬૯ પ્લેટોની અંદાજિત કિંમત રૂપિયા ૧૦,૧૧,૦૦૦ જેટલી થવા જાય છે. ચોરીની જાણ ગાંધીગ્રામ પોલીસમાં કરતાં પીઆઇ એસ. આર. મેઘાણીની રાહબરીમાં હેડકોન્સ. કે. એમ. અજાગીયાએ ધવલભાઇની ફરિયાદ પરથી ગુનો નોંધ્યો છે. અજાણ્યા શકમંદો સીસીટીવીમાં કેદ થયા હોઇ તેના આધારે પોલીસે ભેદ ઉકેલવા તપાસ શરૂ કરી હતી. તસ્કરો ઝડપથી હાથમાં આવી જવાની શક્યતા છે.

જેને કામ શીખવ્યું એ અલગથી ધંધો લઇને બેસી ગયો અને ઓછા ભાવે માલ વેંચી ગ્રાહકો ખેંચવા માંડતાં શરૂ થયેલી તકરાર જીવલેણ બની

ધંધાખાર લોહીયાળ: પરિવારનો આધારસ્તંભ છીનાવયો

શીવાજીનગરમાં ફોટાફ્રેમના ધંધાના ડખ્ખામાં થયેલા હીચકારા હુમલામાં ઘાયલ બત્રીસ વર્ષના યુવાનનું મોત થતાં થોરાળા પોલીસે હત્યાની કલમ ઉમેરી: બે સંતાને પિતાનું છત્ર ગુમાવતાં શોકની કાલીમા

રાજકોટ, તા. ૨૭

ધંધાખારને કારણે મારામારી ધાકધમકીની ઘટનાઓ અવાર-નવાર બનતી રહે છે. પણ શહેરમાં આવી એક ઘટનામાં અક યુવાનની હત્યા થઇ જતાં એક પરિવારનો માળો વેરણછેરણ થઇ ગયો છે. હત્યાની આ ઘટનાથી બે સંતાને પિતાનું છત્ર ગુમાવી દીધુ છે. દૂધ સાગર રોડ પર શિવાજીનગરમાં રહેતાં અને ફોટોફ્રેમનો ધંધો કરતાં યુવાન અને તેના કાકા પર રાતે ધંધાખારને કારણે શિવાજીનગરમાં રહેતાં બે સગા ભાઇઓ, તેના પિતા, કાકા, માતાએ મંડળી રચી છરી-ધોકાથી હુમલો કરી ગંભીર ઇજાઓ પહોંચાડતાં કાકા-ભત્રીજાને સારવાર માટે દાખલ કરવામાં આવ્યા હતાં. જેમાંથી ભત્રીજાનું મોત થતાં આ માથાકુટ હત્યામાં પલ્ટાઇ ગઇ છે. થોરાળા પોલીસે હત્યાની કોશિષનો ગુનો દાખલ કર્યો હતો તેમાં હત્યાની કલમ ઉમેરવા તજવીજ કરી હતી. સામા પક્ષે આરોપીએ પણ પોતાના પર હુમલો થયાની વળતી એફઆઇઆર દાખલ કરાવી હતી.

વિગતો પર નજર કરીએ તો દુધસાગર રોડ પર શિવાજીનગર-૭માં રહેતાં બત્રીસ વર્ષના કોળી યુવાન ગોપાલ ઉર્ફે પ્રકાશ દેવજીભાઇ જાદવ અને અને તેના કાકા ચાલીસ વર્ષના વિજયભાઇ નાથાભાઇ જાદવ પર ગુરૂવારની રાતે શિવાજીનગરમાં અનિલ, સુનિલ, સહિતનાએ છરી-ધોકાથી હુમલો કરી ગંભીર ઇજા પહોંચાડતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાતાં થોરાળા પોલીસને જાણ કરવામાં આવી હતી. આ બનાવમાં થોરાળા પોલીસે ગંભીર ઇજાગ્રસ્ત ગોપાલના નાના ભાઇ દૂધ સાગર રોડ પર શિવાજીનગર-૭માં રહેતાં અને ફોટો ફ્રેમનો વેપારધંધો કરતાં રાહુલ દેવજીભાઇ જાદવ-કોળીની ફરિયાદ પરથી ગેરકાયદેસર મંડળી રચી હુમલો કરી હત્યાનો પ્રયાસ કરવાનો ગુનો દાખલ કરવામાં આવ્યો હતો.

આ મામલે થોરાળા પોલીસે આ વિસ્તારમાં જ રહેતાં સુનિલ પરમાર, અનિલ પરમાર આ બંનેના પિતા રમેશભાઇ, માત હંસાબેન અને કાકા ભરતભાઇ વિરૂધ્ધ ગેરકાયદે મંડળી

રચી છરી, ધોકાથી હુમલો કરી રાહુલના ભાઇ ગોપાલ દેવજીભાઇ જાદવને પેટમાં ઘા મારી હત્યાની કોશિષ કરવાનો અને ગોપાલના કાકા વિજયભાઇ નાથાભાઇ જાદવને પણ ઇજાઓ પહોંચાડવાનો અને ધમકી આપવાનો ગુનો નોંધ્યો હતો. દરમિયાન હીચકારા હુમલાની આ ઘટનામાં મોડી રાતે સારવારમાં ગોપાલ ઉર્ફે પ્રકાશ દેવજીભાઇ જાદવનું મૃત્યુ થતાં બનાવ હત્યામાં પલ્ટાતાં પરિવારમાં શોક છવાઇ ગયો છે. પોલીસે હત્યાની કલમનો ઉમેરો કર્યો હતો. આ બનાવમાં રાહુલ જાદવે ફરિયાદમાં હતું તે અને મોટા ભાઇ ગોપાલભાઇ ફોટો ફ્રેમનો વેપાર ધંધો કરતાં હોઇ તેમની સાથે સગામાં થતો અનિલ પરમાર પણ અગાઉ ફોટોફ્રેમનું કામ કરતો હતો.

પરંતુ અનિલે કામ શીખી લીધા પછી તે હવે અલગથી ફોટોફ્રેમનો ધંધો કરે છે અને રાહુલ તથા ગોપાલના ગ્રાહકોને ઓછા ભાવે માલ આપી ગ્રાહકો તોડતો હોઇ આ બાબતે ગોપાલ અને અનિલ વચ્ચે અવાર-નવાર બોલાચાલી થઇ હતી. આ બાબતનું સમાધાન કરવા ગોપાલ અન તેના કાકા વિજયભાઇ જાદવ ગુરૂવારે રાતે અનિલ પરમારના ઘરે જતાં અનિલ, તેના ભાઇ સુનિલ, પિતા રમેશભાઇ, કાકા ભરતભાઇ, માતા હંસાબેન સહિતે ટોળકી રચી છરી-ધોકાથી હુમલો કર્યો હતો. આ હુમલામાં ગોપાલ ઉર્ફે પ્રકાશ જાદવ અને તેના કાકા વિજયભાઇ જાદવને ગંભીર ઇજાઓ થતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. થોરાળા પોલીસે હત્યાની કોશિષનો ગુનો અનિલ, સુનિલ સહિત પાંચ વિરૂધ્ધ દાખલ કર્યો હતો. જેમાં ગોપાલનું મોત થતાં બનાવ હત્યામાં પલ્ટાયો છે.

હત્યાનો ભોગ બનનાર ગોપાલ બે ભાઇ અને એક બહેનમાં મોટો હતો. સંતાનમાં એક દિકરો અને એક દિકરી છે. યુવાન આધારસ્તંભની હત્યાથી જાદવ પરિવારમાં શોક વ્યાપી ગયો હતો. આ મારામારીમાં સામા પક્ષે હુમલાખોર અનિલ, સુનિલના પિતા રમેશભાઇ નાનજીભાઇ પરમાર અને કાકા ભરતભાઇ નાનજીભાઇ પરમારને પણ ઇજા પહોંચી હોઇ પોલીસે અનિલ રમેશભાઇ પરમાની ફરિયાદ પરથી ગોપાલ ઉર્ફે પ્રકાશ જાદવ અને તેના કાકા વિજયભાઇ જાદવ વિરૂધ્ધ પણ ગુનો નોંધ્યો હતો. અનિલે ફરિયાદમાં જણાવ્યું હતું કે તે ફોટોફ્રેમનો ધંધો કરતો હોઇ અને બજારથી નીચા ભાવે વેંચાણ કરતો હોઇ જે બાબતે ગોપાલ અને તેના કાકા વિજયભાઇએ ઝઘડો કરી ગાળોદઇ પાઇપ-ધોકાથી હુમલો કરતાં પોતાને અને તેના પિતા તથા કાકાને ઇજા થઇ હતી. થોરાળા પોલીસ સ્ટેશનના ઇન્સપેકટર એસ. પી. સોઢા અને ટીમે હત્યાની કલમ ઉમેરી આરોપીઓને હસ્તગત કરી વિશેષ કાર્યવાહી કરી હતી. આમ ધંધાખાર લોહીયાળ બની ગયો હતો અને એક પવિરારનો આધારસ્તંભ છીનવાઇ જતાં શીવાજીનગર વિસ્તારમાં પણ શોક છવાઇ ગયો હતો.

લફંગાઓ સોશિયલ મિડીયા પર નજર માંડીને જ બેઠા હોય છે: ચેતતા રહો આવા તત્વોથી

લવરે કોલેજીયન છાત્રાને કરી બ્લેકમેઇલ

મિત્રતા અને પછી પ્રેમના નામે ખેલ પાડ્યો: ફોટા-વિડીયો પાડી લીધા: ખોટી શંકા કરતો હોઇ યુવતિએ સંબંધ કટ કરતાં છેલ્લી પાટલીએ બેસી ગયો: અંતે કરવામાં આવી પોલીસ ફરિયાદ

રાજકોટ, તા. ૨૭

સોશિયલ મિડીયા પર અનેક લેભાગુઓ નજર રાખીને જ બેઠા હોય છે. અહિ જરા અમથી ભુલ થઇ કે તરત જ સગીરા, યુવતિઓ, પરિણીતાઓ આવા લેભાગુઓની કહેવાતી મિત્રતા કે પછી પ્રેમની જાળમાં ફસાઇ જાય છે અને પોતાની જિંદગીને દોજખમાં ધકેલી દે છે. રોજબરોજ સોશિયલ મિડીયાથી બનતા કહેવાતા પ્રેમીઓ શોષણ કરી બાદમાં તરછોડી દેતાં હોવાના કિસ્સા સામે આવતા જ રહે છે. આ માધ્યમ પર લેભાગુ તત્વોની જાળમાં અનેક યુવતિઓ ફસાઇ ચુકી છે. વધુ એક આવો લાલબત્તી સમાન બનાવ સામે આવ્યો છે જેમાં કોલેજીયન યુવતિને સોશિયલ મિડીયાના માધ્યમથી ફસાવી પ્રેમનું નાટક કરી ત્રણ વર્ષ સુધી શોષણ કર્યા બાદ તેણીને બ્લેકમેઇલ કરવાનું ચાલુ થતાં વાત પોલીસ સુધી પહોંચી હતી.

બીજી ઘટનામાં પચાસ વર્ષના પ્રેમીએ પરણેલી પ્રેમિકા રિસાઇ જતાં દાઝ રાખી તેણીની માસુમ દિકરીનું કર્યુ અપહરણ!

વિગતો પર નજર કરીએ તો અમદાવાદ શહેરના બાપુનગરમાં રહેતી એક કોલેજિયન યુવતીને સોશિયલ મીડિયાના માધ્યમથી યુવક સાથે પ્રેમ કરવો ભારે પડ્યો હતો. આશરે ત્રણ વર્ષ પહેલાં ઇન્સ્ટાગ્રામ પર મેસેજ આવ્યા બાદ બંને વચ્ચે મિત્રતા થઈ હતી અને ત્યારબાદ તે પ્રમ સંબંધમાં પરિણમી હતી. આમ છતાં યુવક અવારનવાર યુવતી પર શંકા કરતો હોવાથી યુવતીએ આ સંબંધ તોડી નાખ્યો હતો. સંબંધ તૂટ્યા બાદ અગાઉ સાથે ફરવા ગયા ત્યારે પાડેલા ફોટા અને વીડિયો યુવકે યુવતીના સગા-સંબંધીઓ તેમજ મિત્રોને આઠ મહિના સુધી મોકલીને તેને પરેશાન કરી હતી. તેમજ તાજેતરમાં આ ફોટા અને વીડિયો સોશિયલ મીડિયા પર અપલોડ કરી દેવાની અને જિંદગી બરબાદ કરવાની ધમકી પણ આપી હતી.

આ બનાવ અંગે બાપુનગર પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરવામાં આવી હતી. વાડજમાં રહેતા આ યુવક સામે બાપુનગર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવનાર યુવતી એકવીસ વર્ષની છે અને કોલેજમાં અભ્યાસ કરે છે. યુવતીના જણાવ્યા મુજબ આરોપીએ ઇન્સ્ટાગ્રામ આઇડી પર ફ્રેન્ડ રિકવેસ્ટ મોકલી હતી, જે એક્સેપ્ટ કર્યા બાદ બંને વચ્ચે મેસેજ અને ફોન પર વાતચીત શરૂ થઈ હતી. પ્રેમ સંબંધ દરમિયાન બંને જ્યારે ફરવા જતા, ત્યારે યુવકે યુવતી સાથે ફોટા પાડ્યા હતા અને વીડિયો પણ બનાવ્યા હતા. સંબંધ કટ કર્યા પછી પણ યુવકની હેરાનગતિ ચાલુ રહી હતી.

તેણે ધમકી આપી હતી કે જો તું મારી સાથે વાત નહીં કરે અને સંબંધ નહીં રાખે, તો તારા ફોટા-વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ કરી દઈશ. યુવતીએ યુવકની માતાને પણ આ અંગે રજૂઆત કરી હતી, તેમ છતાં તે માનતો ન હતો. જેથી પરિવારે આખરે કંટાળીને પોલીસમાં ફરિયાદ કરી હતી. આમ સોશિયલ મિડીયા થકી મળેલા કહેવાતા મિત્ર-પ્રેમી સાથે લવ કરનાર યુવતિની જિંદગી ગોટાળે ચડી ગઇ હતી.

અન્ય એક લવ લફરાની ઘટના અજોઇએ તો બારડોલી તાલુકાના એક ગામમાં રહેતી વિધવા મહિલાને ગામના જ પચાસ વર્ષીય વિધુર ઝીણા રાઠોડ સાથે સંબંધ બંધાયો હતો. જોકે, અવારનવાર થતા ઝઘડા અને બોલાચાલીથી કંટાળીને મહિલા ત્રણ મહિના પહેલાં પોતાની આઠ વર્ષની દીકરી સાથે પિયર પિતાના ઘરે રહેવા આવી ગઈ હતી. પોતાની પ્રેમિકા રિસાઈને ચાલી જતાં માઠું લાગી આવતા પ્રેમી ઝીણો રાત્રે જ્યારે મહિલાનો પરિવાર મકાનમાં સૂતો હતો ત્યારે છાનોમાનો ઘસી ગયો હતો. તેણે ઘમાં માતા સાથે સૂતેલી આઠ વર્ષની માસૂમ બાળકીનું અપહરણ કરી અંધારામાં ફરાર થઈ ગયો હતો.

બાળકી ગાયબ હોવાની જાણ થતાં જ ગભરાયેલી વિધવા માતાએ તાત્કાલિક બારડોલી રૂરલ પોલીસનો સંપર્ક કર્યો હતો. જેથી સતર્ક બનેલી પોલીસે ગણતરીના કલાકોમાં જ આરોપી ઝીણા રાઠોડને સગીરા સાથે ઝડપી પાડવામાં આવ્યો હતો. પોલીસે માસૂમ બાળકીને હેમખેમ બચાવી માતાની ગોદમાં પરત સોંપતા પરિવારે હાશકારો અનુભવ્યો હતો. ઝીણાને પોલીસે કાયદાની ભાષામાં બરાબરનો સમજાવ્યો હતો.

તાજીયામાં હુલ લેતી વખતે છાતીમાં છરી લાગી જતાં પ્રૌઢનું મોત

રાજકોટ, તા. ૨૭

મુસ્લિમ સમાજના માતમના પર્વ મહોર્રમમાં મોરબીમાં એક કરૂણ ઘટના બની હતી. જેમાં રાતે તાજીયાના ઝુલુસમાં હુલ લેતી વખતે એક ફકીર પ્રૌઢને છાતીમાં છરીના ઘા લાગી જતાં ગંભીર ઇજાઓ થતાં તેમનું મોત નિપજ્યું હતું. વિગતો અનુસાર મોરબી ભોંયવાડામાં ઉસ્માનીયા મસ્જીદ પાસે રહેતાં પંચાવન વર્ષના અબ્દુલશા હાસમશા શાહમદાર રાતે સાડા બારેક વાગ્યે મોરબી ગ્રીન ચોક નહેરૂ બજાર પાસે તાજીયાના ઝુલુસમાં હતાં ત્યારે છરીથી હુલ લેતાં હતાં તે વખતે પોતાની જાતે છાતીમાં ત્રણેક ઘા લાગી જતાં ગંભીર ઇજાઓ થતાં લોહીલુહાણ થઇ પડી ગયા હતાં. સમાજના લોકોએ તેમને તાકીદે મોરબી હોસ્પિટલમાં ખસેડ્યા હતાં. બનાવને પગલે સગા પરિવારજનોને જાણ થતાં તેઓ પણ પહોંચ્યા હતાં અને અબ્દુલશાને વધુ સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડતાં હોસ્પિટલ ચોકીના સ્ટાફે મોરબી એ-ડિવીઝન પોલીસને જાણ કરી હતી. જો કે અહિ સારવાર દરમિયાન અબ્દુલશાનું મૃત્યુ નિપજતાં પરિવારમાં માતમ છવાઇ ગયો હતો. મૃત્યુ પામનાર અબ્દુલશા છુટક મજુરી કરતાં હતાં અને ત્રણ બહેન તથા પાંચ ભાઇમાં નાના હતાં. તેમને સંતાનમાં બે દિકરી અને એક દિકરો છે. મોરબી પોલીસે આકસ્મિક મૃત્યુની નોંધ કરી મૃતદેહનું ચોક્કસ કારણ જાણવા પોસ્ટમોર્ટમ કરાવ્યું હતું.

મહોર્રમ નિમીતે એક કુટુંબના સદસ્યો તાજીયાના જુલુસ વખતે સ્ટોલ રાખી બટાટા-પકોડાનો સ્ટોલ રાખી પ્રસાદી વિતરણ કરતાં હતાં ત્યારે અચાનક ઘા થયા

માતમના પર્વમાં લોહી રેડાયુ: હાથના અંગુઠા, કાંડા કપાયા

આઠ જણાએ તમે એક વર્ષથી દાદાગીરી કરો છો કહી છરી-તલવારના ઘા માર્યા: છને ઇજા: બે સગા ભાઇઓને સારવાર માટે રાજકોટ ખસેડાયા: રાયોટીંગ-હત્યાની કોશિષનો ગુનો દાખલ

રાજકોટ, તા. ૨૭

સૌરાષ્ટ્રભરમાં મુસ્લિમ સમાજ દ્વારા મહોર્રમમાં તાજીયાના જુલુસ યોજીને માતમ મનાવાયો હતો. આ અંતર્ગત ઠેકઠેકાણે શેરી મહોલ્લામાં શબીલ ઉભા કરી પ્રસાદી વિતરણનું આયોજન પણ કરાયું હતું. જો કે તાજીયાના ઝુલુસ વખતે પોરબંદરના કીર્તિમંદિર પોલીસ સ્ટેશન હેઠળના વિસ્તારમાં પ્રસાદીનો સ્ટોલ રાખી પ્રસાદી વિતરણ કરી રહેલા એક કટુંબના છ લોકો ઉપર પોરબંદરના જ એક જુથના આઠેક લોકો તાજીયામાં ધમાલ લેતાં લેતાં એકાએક તલવાર છરીઓ સહિતના હથીયારો સાથે ઘસી આવી ઓચીંતા હુમલો કરી તૂટી પડતાં છને ઇજાઓ થઇ હતી. જેમાં એક યુવાનનો હાથનો અંગુઠો કપાઇ ગયો હતો અને તેના ભાઇના હાથનું કાંડુ કપાઇ ગયું હતું. એક વર્ષ જૂની અદાવતનું મનદુઃખ રાખીને આઠ શખસોની ટોળકીએ તમે બહુ પકતાઇ કરો છો, એક વર્ષથી પકતાઇ કરતા આવો છો એવા હાકલા પડકારા કરીને તૂટી પડતાં નાસભાગ મચી ગઇ હતી.

આ ઘટનામાં અચાનક તાજીયાના ચાલુ ઝૂલુસમાં તલવાર અને છરી જેવા પ્રાણઘાતક હથિયારો સાથે એક પરિવાર પર જીવલેણ હુમલો કર્યો હોવાની સનસનાટીભરી ઘટના સામે આવી છે. આ હુમલામાં બ ભાઇઓના હાથના અંગૂઠા અને કાંડા કપાઈ ગયા છે, જ્યારે અન્ય ચાર લોકોને ઇજાઓ પહોંચતા તમામ ૬ ઇજાગ્રસ્તોને સારવાર અર્થે સરકારી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. જેમાંથી બે ભાઇઓને રાજકોટ સિવિલમાં ખસેડાયા હતાં. આ બનાવ અંગે કીર્તિમંદિર પોલીસે હત્યાના પ્રયાસ સહિતની ગંભીર કલમો હેઠળ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે. જાણવા મળ્યા મુજબ લાતી બજાર મચ્છી માર્કેટ પાસે રહેતા અને મચ્છીનો વેપાર

કરતા ચાલીસ વર્ષના નજીર મુસાભાઇ રાવકુડાએ કીર્તિમંદિર પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી.

આ ફરિયાદની વિગત અનુસાર શુક્રવારે મહોર્રમ નિમિત્તે તેમના પરિવારે સંધી જમાતખાના પાસે પકોડા અને બટેટાની પ્રસાદીનો સ્ટોલ રાખ્યો હતો. રાત્રીના આશરે સાડા દસેક વાગ્યાના સુમારે તેઓ પરિવારના સભ્યો સાથે પ્રસાદીનું વિતરણ કરી રહ્યા હતા, ત્યારે તાજીયામાં ધમાલ લેતા લેતા આરોપીઓ અજીમ યુનુસ કાદરી, યુનુસ કાદરી, સમીર યુનુસ કાદરી, શકીલ યુનુસ કાદરી, ઈમ્તીયાજ સિપાઈ, એજાજ નાલબંધ, ફારૂક મુરૂ અને યુસુફ ફારૂક મુરૂ હાથમાં તલવારો તથા છરીઓ લઇને ત્યાં ઘસી આવ્યા હતા. આ બધાએ તમે છેલ્લા એક વર્ષથી બહુ પક્તાઇ મારો છો તેમ કહી જૂની અદાવત અંગે ગાળો ભાંડી હતી અને તલવાર-છરીથી હુમલો કરી દીધો હતો.

અજીમે તલવારનો ઘા નજીરભાઇના માથાના પાછળના ભાગે ઝીંકી દીધો હતો, તેમજ બીજો ઘા રોકવા જતાં નજીરભાઇના ડાબા હાથનો અંગુઠો કપાઈ ગયો હતો. આ દરમિયાન તલવાર અને છરીઓ સાથે તૂટી પડેલા અન્ય હુમલાખોરોએ આડેધડ ઘા મારવાનું શરૂ રાખતા નજીરભાઇના ભાઇ રફીક મુસાભાઇના ડાબા હાથનું કાંડું કપાઈને અલગ પડી ગયું હતું. જ્યારે બીજા ભાઇ હુસેનને જમણા હાથના પોંચા પર ગંભીર ઈજા થઇ હતી. આ ઉપરાંત ભત્રીજા સાહીલ રફીકને જમણા પગ, ડાબા હાથ અને ગળા પર તેમજ મિત્ર સીરાજ સલીમ સમાને ડાબા હાથના કાંડા પર અને સમીર યુસુફને જમણા પગના ગોઠણ તેમજ કપાળના ભાગે ગંભીર ઈજાઓ પહોંચાડી આરોપીઓ નાસી છૂટ્યા હતા.

લોહીલુહાણ હાલતમાં તમામ ઇજાગ્રસ્તોને તાત્કાલિક સગા-સંબંધીઓ દ્વારા સ્કૂટર પર પોરબંદરની સરકારી હોસ્પિટલે ખસેડાયા હતા. કીર્તિમંદિર પોલીસ સ્ટેશનના પી.આઇ. કે. વી. પરમારે હોસ્પિટલ પહોંચી નજીર મુસાભાઇ રાવકુડાની ફરિયાદ પરથી અજીમ યુનુસભાઇ કાદરી, યુનુસ કાદરી, સમીર યુનુસ કાદરી, શકીલ યુનુસ કાદરી, ઇમ્તિયાઝ સિપાહી, એઝાઝ નાલબંધ, ફારૂક મુરૂ અને યુસુફ ફારૂક મુરૂ વિરૂધ્ધ ગેરકાયદે મંડળી રચી હત્યાનો પ્રયાસ કરવા અંગે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.હુમલામાં ગંભીર ઇજાગ્રસ્ત હુસેનભાઇ મુસાભાઇ રાવકુડા અને નજીરભાઇ મુસાભાઇ રાવકુડા ને રાજકોટ ખસેડાયા છે. આ ઘટનાને પગલે વિસ્તારમાં પોલીસ બંદોબસ્ત મુકવો પડ્યો હતો. આમ માતમના પર્વમાં તાજીયાના ઝુલુસ વખતે લોહી રેડાતાં પોરબંદર મુસ્લિમ સમાજમાં ચકચાર મચી ગઇ હતી.

છેતરી લેવાની વધુ ત્રણ ઘટનાઓ સામે આવીઃ એકમાં વૃધ્ધના લાખો બચ્યા

લેતીદેતીના નામે ૪૦ લાખના કાગળના બંડલ મોકલ્યા!

આંગડીયાના હવાલાના કામમાં નફો લેવા જતાં ઠગાઈઃ બીજી ઘટનામાં રોકાણના નામે મહિલાને સાડા તેર લાખનો ચૂનોઃ ત્રીજી ઘટનામાં વૃધ્ધને ડીજીટલ એરેસ્ટ કરાયાઃ બેંક મેનેજરની સતર્કતાથી લાખો બચી ગયા

રાજકોટ, તા. ૨૭

નફાની લાલચ આપી લોકોને ખંખેરી લેવાના કિસ્સામાં રોજ રોજ નવા નવા શિકાર ગઠીયાઓ શોધતા રહે છે. વધુ બે બનાવમાં એક વેપારીને આંગડીયાના હવાલમાં રૂપિયા પહોંચડવાના કામમાં નફાની લાલચ આપી ચાલીસ લાખનો ચુનો લગાડી દેવાયો હતો. ચલણી નોટોને બદલે કાગળના બંડલ મોકલી ઠગાઇ કરવામાં આવી હતી. બીજી ઘટનામાં એક મહિલાને રોકાણ પર નફાની લાલચ આપી સાડા તેર લાખનો ચુનો લગાવી દેવાયો હતો. આ બંને ઘટના પોલીસ સુધી પહોંચતા તપાસ શરૂ કરવામાં આવી હતી.

વિગતો પર નજર કરીએ તો સુરતમાં આ બનાવો બન્યા છે. મહિધરપુરા પોલીસમાં નોંધાયેલી ફરિયાદ મુજબ અડાજણના વેપારી મહેન્દ્રકુમાર બાબુલાલ શાહને ભાવેશ આંગડિયા નામના વ્યક્તિએ હવાલા મારફતે બેંગલુરૂમાં ચાલીસ લાખ રૂપિયા પહોંચાડવાનો વિશ્વાસ આપ્યો હતો. આરોપીએ કહ્યું હતું કે બેંગલુરુમાં રકમ મળ્યા બાદ સુરતમાં પેમેન્ટ કરવાનું રહેશે. આ વાત પર મહેન્દ્રકુમાર શાહ અને તેમના પરિચિત કમલેશભાઈએ ભરોસો કર્યો હતો. ફરિયાદ મુજબે બેંગલુરુમાં હાજર ફરિયાદીના જમાઈ રાહુલભાઈને આરોપીના બે સાગરીતોએ આઠ બંડલ આપ્યા હતા.

ત્યારબાદ આ બંડલોમાં ઉપર અને નીચે અસલી નોટો રાખવામાં આવી હતી, જ્યારે વચ્ચે કોરા કાગળ ભરેલા હતા. આ દરમિયાન મહિધરપુરાના ગલેમંડી રોડ સ્થિત વિધિ આંગડિયાની ઓફિસ પાસે ખેત્રપાલ નામના વ્યક્તિએ ફરિયાદી પાસેથી ચાલીસ લાખ રૂપિયા રોકડા લઈ લીધા હતા. બાદમાં રકમની તપાસ કરતા છેતરપિંડીનો પર્દાફાશ થયો હતો. પોલીસે ભાવેશ આંગડિયા, ખેત્રપાલ અને બેંગલુરુમાં રકમ આપનાર બે અજાણ્યા આરોપીઓ સામે છેતરપિંડીનો નોંધી તપાસ શરૂ કરી હતી.

બીજી ઘટના જોઇએ તો સૈયદપુરાની મારિયા સુલતાના શેખ પાસેથી સૈયદપુરાના ગુલામ સાબિર સાયકલવાલાએ ચા નફાની લાલચ આપી ૧૩.૪૦ લાખ લીધા હતા. આરોપીએ ન તો નફો આપ્યો કે ન તો મૂળ રકમ પરત કરી હતી.જ્યારે પૈસાની માંગણી કરવામાં આવી, ત્યારે આરોપીએ અલગ-અલગ તારીખો પર રકમ પરત કર્યાનો દાવો કરતા કાગળો રજૂ કર્યા હતા. તપાસમાં આ દસ્તાવેજો બનાવટી નીકળ્યા હતા અને રકમ પરત કરાઇ ન હતી. આ અંગે મારિયા શેખે ગુલામ સાબિર સામે લાલગેટ પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી. આમ વધુ બે કિસ્સામાં ગઠીયાઓ લાખો રૂપિયા લોકોને છેતરીને ઉસેડી ગયા હતાં.

અન્ય એક ઘટના જોઇએ તો અમદાવાદ શહેરમાં ડિજિટલ અરેસ્ટના વધતા બનાવો વચ્ચે સાયબર ક્રાઈમ બ્રાન્ચ અને નવરંગપુરા પોલીસે વધુ એક મહત્વપૂર્ણ રેસ્કયૂ ઓપરેશન પાર પાડી સિનિયર સિટિઝનને લાખો રૂપિયાની સાયબર છેતરપિંડીનો ભોગ બનતા બચાવ્યો છે. ઠગોએ પોતાને મુંબઈ પોલીસ, ક્રાઈમ બ્રાન્ચ અને સીબીઆઈના ઉચ્ચ અધિકારીઓ તરીકે ઓળખાવી વૃદ્ધને એટલા ભયભીત કરી દીધા હતા કે તેઓ ઓફિસમાંથી કોઈને જાણ કર્યા વગર સીધા ઘરે પહોંચી ગયા હતાં અને કલાકો સુધી વીડિયો કોલ પર ડિજિટલ અરેસ્ટમાં રહ્યા હતા. જોકે સમયસર પોલીસ પહોંચી જતા વૃદ્ધને બચાવ્યા હતા.

વૃદ્ધને જણાવાયું હતું કે, તેમના વિરુદ્ધ ગંભીર તપાસ ચાલી રહી છે અને તેમને તાત્કાલિક ડિજિટલ અરેસ્ટ કરવામાં આવે છે. ઠગોએ વૃદ્ધને ઓફિસ છોડીને સીધા ઘરે જવાની સૂચના આપી હતી. સાથે જ વીડિયો કોલ બંધ નહીં કરવા, કોઈ પરિવારજનો કે સહકર્મચારીને જાણ નહીં કરવાની અને ફોન સતત ચાલુ રાખવાની કડક ચેતવણી આપી હતી. જો વાત બહાર જશે તો તરત જ જેલમાં મોકલી દેવામાં આવશે, તેવી ધમકી પણ આપવામાં આવી હતી. ઠગોએ નકલી સીબીઆઈ વોરંટ, નકલી કોર્ટ નોટિસ, નકલી જજના હસ્તાક્ષરવાળા દસ્તાવેજો અને તપાસના કાગળો મોકલી વિશ્વાસ ઉભો કરવાનો -યાસ કર્યો હતો. સતત માનસિક દબાણ અને ભયના કારણે વૃદ્ધ તેમની વાતોમાં આવી ગયા હતા. દરમિયાન કંપનીના મેનેજર વિશાલ દરજીને સિનિયર કર્મચારીનું વર્તન શંકાસ્પદ લાગ્યું હતું.

સામાન્ય રીતે ઓફિસમાં સક્રિય રહેતા કર્મચારી અચાનક કોઈને જાણ કર્યા વગર નીકળી ગયા હતા. મેનેજરે ફોન પર સંપર્ક કરતાં વૃદ્ધે કહ્યું હતું કે મારો નંબર રેકોર્ડ થઈ રહ્યો છે અને સીબીઆઇ મારી ઉપર નજર રાખી રહી છે. હું હાલ કંઈ કહી શકતો નથી. આ વાત સાંભળતા જ મેનેજરને ડિજિટલ અરેસ્ટની શંકા ગઈ હતી અને તેમણે સમય ગુમાવ્યા વગર ૧૯૩૦ સાયબર હેલ્પલાઈન પર સંપર્ક કર્યો હતો. ફરિયાદ મળતાં જ માહિતી અમદાવાદ પોલીસ કંટ્રોલ રૂમ, સાયબર ક્રાઈમ બ્રાન્ચ અને નવરંગપુરા પોલીસ સ્ટેશન સુધી પહોંચાડવામાં આવી હતી.નવરંગપુરા પોલીસના અધિકારીઓ અને સાયબર ક્રાઈમ બ્રાન્ચની ટીમ તાત્કાલિક વૃદ્ધના ઘરે પહોંચી હતી. ત્યાં પહોંચતા વૃદ્ધ મોબાઈલ ફોન સામે ગભરાયેલા હાલતમાં બેઠેલા જોવા મળ્યા હતા. મોબાઈલની સ્ક્રીન પરનો વ્યક્તિ પોતાને સીબીઆઈ ડિરેક્ટર તરીકે ઓળખાવી રહ્યો હતો અને સતત ધમકીઓ આપી રહ્યો હતો. પોલીસ અધિકારીઓએ તરત જ પોતાનો પરિચય આપ્યો અને સ્ક્રીન પર હાજર ઠગને પડકાર્યો હતો. ત્યારબાદ વૃદ્ધને સમજાવવામાં આવ્યું કે, ભારતમાં ડિજિટલ અરેસ્ટ નામની કોઈ કાયદાકીય જોગવાઈ જ નથી અને તેઓ સાયબર ઠગોના જાળમાં ફસાઈ રહ્યા છે. પોલીસની સમજાવટ બાદ વૃદ્ધને રાહત થઈ હતી અને તેમને સુરક્ષિત રીતે નવરંગપુરા પોલીસ સ્ટેશન લઈ જવામાં આવ્યા હતા. આમ બેંક મેનેજર, પોલીસની સતર્કતાથી વૃધ્ધના લાખો રૂપિયા બચી ગયા હતાં.

રોજબરોજ સર્જાતા રહે છે વાહન અકસ્માતના બનાવઃ ક્યારેક બની જાય છે જીવલેણ

કારખાનેથી જવું'તું ઘરે પણ પહોંચી ગયા પરલોક

મોટરસાઈકલને કારચાલકે ઉલાળતાં વૃધ્ધનું મોતઃ અન્ય ત્રણ ઘટનામાં બેભાન હાલતમાં બે આધેડ અને એક વૃધ્ધાએ લીધા અંતિમશ્વાસ

રાજકોટ, તા. ૨૭

રોજબરોજ બની રહેલી વાહન અકસ્માતની ઘટનાઓમાં કોઇને કોઇ પરિવારના સ્વજન, દિકરા, મોભીને ગંભીર ઇજાઓ પહોંચતા હોસ્પિટલના ખાટલે પહોંચવાની નોબત આવે છે. તો ઘણીવાર આવા બનાવ જીવલેણ પણ બની જાય છે.

વધુ એક આવી ઘટના સામે આવી છે જેમાં એક પરિવારના મોભી પોતાના મોટરસાઇકલ સહિત કારની ઠોકરે આવી જતાં ગંભીર ઇજાઓ થતાં જીવ નીકળી ગયો હતો. બીજીત્રણ ઘટનાઓમાં બેભાન હાલતમાં બે આધેડના અને એક વૃધ્ધાના મૃત્યુ થયા હતાં.

પ્રથમ બનાવ જોઇએ તો જેતપુરમાં એક જીવલેણ વાહન અકસ્માત સર્જાયો છે. જેમાં કારની ઠોકરે બાઇક ચડી જતાં બાઇકચાલક વૃધ્ધનું ગંભીર ઇજા થવાથી મૃત્યુ થયું છે. દિકરાના કારખાનેથી ઘરે જવા નીકળ્યા ત્યારે રસ્તામાં સરદાર ચોકમાં આ બનાવ બન્યો હતો. ગંભીર ઇજાગ્રસ્ત વૃધ્ધને સારવાર માટે રાજકોટ ખસેડાયા હતાં. પરંતુ અહિ તેમણે અંતિમશ્વાસ લઇ લીધા હતાં. વધુ માહિતી અનુસાર જેતપુર રાજેશ્વરી સોસાયટીમાં રહેતાં બોંતેર વર્ષના ધીરજલાલ જીવરાજભાઇ વડોદરીયા નામના વૃધ્ધ બપોરે મોટરસાઇકલ હંકારીને જેતપુરના સરદાર ચોકમાંથી પસાર થઇ રહ્યા હતા.

ત્યારે એક કારની ઠોકરે ચડી જતાં રોડ પર ફેંકાઇ જતાં ગંભીર ઇજાઓ થઇ હતી. બનાવને પગલે લોકો એકઠા થઇ જતાં કોઇએ ૧૦૮ બોલાવી હતી. ધીરજલાલને સારવાર માટે જેતપુર હોસ્પિટલમાં

ખસેડાયા હતાં. સગા કુટુંબીઓને જાણ થતાં તેઓ પણ હોસ્પિટલે પહોંચ્યા હતાં.

ઇજાઓ ગંભીર હોઇ રાજકોટ સારવાર માટે ખસેડવાનું જણાવાતાં ધીરજલાલને રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ તેમણે અંતિમ શ્વાસ લઇ લેતાં પરિવારમાં શોક છવાઇ ગયો હતો.

સિવિલ હોસ્પિટલ ચોકીના સ્ટાફે જેતપુર સીટી પોલીસને જાણ કરી હતી. મૃત્યુ પામનાર ધીરજલાલ પાંચ ભાઇ અને ત્રણ બહેનમાં ત્રીજા હતાં. સંતાનમાં બે દિકરા અને એક દિકરી છે. પોતે હાલ નિવૃત જીવન જીવતાં હતાં.

દિકરાને કારખાનુ હોઇ ત્યાં બેસીને બપોરે ઘરે જમવા માટે જતાં હતાં ત્યારે આ બનાવ બન્યો હતો. કારચાલક સામે પોલીસે જરૂરી કાર્યવાહી કરી હતી.

અપમૃત્યુના અન્ય બનાવો જોઇએ તો ભાવનગર રોડ પાંજરાપોળ પાસે રહેતાં પિસ્તાલીસ વર્ષના વિજયભાઇ વાઘજીભાઇ અઘેરા અને ચુનારાવાડ લાખાજીરાજ ઉદ્યોગનગરમાં રહેતાં ચુમાલીસ વર્ષના નરેશભાઇ છગનભાઇ મકવાણા ઘરે બેભાન થઇ જતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાતાં બંનેના સારવાર દરમિયાન મૃત્યુ થતાં બી-ડિવીઝન અને થોરાળા પોલીસને જાણ કરવામાં આવી હતી.

વ્જિયભાઇ છુટક મજુરી કરતાં હતાં. સંતાનમાં ચાર દિકરી અને એક દિકરો છે. કેન્સરની બિમારી હોવાનું સગાએ કહ્યું હતું. જ્યારે નરેશભાઇનું પણ બિમારીથી મોત થયાનું ખુલ્યું હતું. અન્ય એક બનાવમાં મોરબી રોડ પર ઇન્દ્રપ્રસ્થનગર-૨ શેરી નં. ૨માં રહેતાં ભાનુબેન ચુનીલાલ ચુડાસમા નામના બોંતેર વર્ષના વૃધ્ધા ઘરે બેભાન થઇ જતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ દમ તોડી દેતાં પરિવારમાં શોક છવાઇ ગયો હતો. બનાવ અંગે બી-ડિવીઝન પોલીસે કાર્યવાહી કરી હતી.

શેરીમાંથી નીકળતો તેમાં નજર મળી અને વાત આગળ વધી

પરણેલાએ કુંવારો હોવાનું કહી યુવતિને ફસાવીઃ દૂષ્કર્મ

રાજકોટ, તા. ૨૭

લેભાગુ રોડછાપ રોમીયાઓ ગમે તેવી રીતે સગીરા, યુવતિઓ, પરિણીતાઓને મોહજાળમાં ફસાવી દેહ પીંખી પછી તરછોડી દેતાં હોય છે. સોશિયલ મિડીયાથી કે પછી બીજી કોઇ રીતે આવા શખ્સો મિત્રતા અને પ્રેમની જાળ રચી પછી લગ્નની લાલચ આપીને અને ક્યારેક બ્લેકમેઇલ કરીને દેહ પીં ખતા હોય છે. આવી જ એક ઘટના સામે આવી છે જેમાં બે સંતાનના બાપે પોતે કુંવારો હોવાની વાત કરી એક યુવતિને પ્રેમજાળમાં ફસાવી હોટેલોમાં લઇ જઇ વારંવાર દેહસંબંધ બાંધી લીધો હતો. આ પછી યુવતિને જ્યારે હકિકતની ખબર પડી ત્યારે તેના પગ તળેથી ધરતી ખસી ગઇ હતી. લગ્ન કરવાની આ ઢગાએ બાદમાં ના પાડી દેતાં યુવતિ પોલીસ પાસે પહોંચી હતી. આ કિસ્સામાં ઢગો અવાર-નવાર યુવતિના ઘર પાસેથી કાર લઇ નીકળતો હોઇ બંનેની નજર એક થઇ હતી અને બાદમાં વાત આગળ વધી હતી. જેમાં યુવતિ પ્રેમના નામે શોષણનો ભોગ બની હતી.વિગતો પર નજર કરીએ તો અમદાવાદ દસક્રોઇની આ ઘટના છે. બે સંતાનનો પિતા હોવા છતાં લગ્ન કરવાનું વચન આપી જેતલપુરની હોટલમા યુવતી સાથે અગિયાર વાર શરીર સબંધ બાંધ્યાના આક્ષેપ સાથર નારોલના પરિણીત યુવાન વિરૂધ્ધ નારોલમાં જ રહેતી યુવતીએ અસલાલી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ દાખલ કરી હતી. ફરિયાદ મુજબ મૂળ ઉત્તરપ્રદેશની પરંતુ નારોલમાં રહેતી યુવતીને નારોલમાં જ રહેતા નારોલના યુવાન સાથે પાચ માસ પહેલા નારોલ યુવતીના ઘર પાસે કાર લઇ નીકળતા યુવતીને સ્માઈલ આપતા મિત્રતા થઈ બાદમાં એકબીજાના મોબાઈલ નંબર આપતા શરૂઆતમાં બંને વચ્ચે મોબાઈલ ફોન અને સોશિયલ મીડિયા મારફતે વાતચીત શરૂ થઈ હતી. સમય જતાં બંને વચ્ચે પ્રેમ સંબંધ બંધાયો હોવાનું ફરિયાદમાં જણાવાયું છે.યુવતીની ફરિયાદ અનુસાર પરિણીત યુવાન તેને વિવિધ સ્થળોએ તેમજ મંદિરોમાં ફરવા લઈ જતો હતો અને લગ્ન કરવાની ખાતરી આપતો હતો. બાદમાં આરોપી તેને જેતલપુર ખાતે આવેલી એક હોટલમાં લઈ ગયો હતો. ત્યાં લગ્ન કરવાની ખાતરી આપી વિશ્વાસમાં લઈ પ્રથમ વખત શારીરિક સંબંધ બાંધ્યો હતો. ત્યારબાદ પણ અનેક વખત બંને વચ્ચે શારીરિક સંબંધો બંધાયા હોવાનું ફરિયાદમાં ઉલ્લેખ કરવામાં

યુવતિને હકિકતની ખબર પડતાં કહ્યું હું મારી ઘરવાળીને છુટાછેડા આપી દઈશઃ છેલ્લે દગો દઈ ભાગી ગયો

આવ્યો હતો. વીસ વર્ષીય યુવતી નારોલમાં તેના ઘર નજીકથી જતી હતી ત્યારે યુવાન પરિણીત આરોપી સ્કોરપીયો ગાડી લઈને યુવતીની બાજુમાંથી નીકળેલો અને યુવતીને સ્માઈલ આપતા,યુવતીએ હાથનો ઈશારો કરતા ગાડી ઉભી રખાવી હતી.આ પછી યુવતીએ તુને મેરે સામને દીખકે સ્માઈલ યુ દીયા ઔર ગાડી લેકે વાપીસ ક્યુ આયા તેવુ પૂછતા યુવાને સરનામું માંગી યુવતિને મોબાઈલ નંબર આપતા યુવતીએ પણ તેના મોબાઈલથી મીસ કોલ કરી નંબર આપેલ. પરિણીત યુવાને અગાઉ લગ્ન કરેલા છે તેમજ બે બાળાકનો પિતા છે તે બાબતની જાણ થતા યુવતીએ યુવાન મિત્રને પૂછતા યુવાન જણાવતો કે મારા માતા-પિતાએ મારી મરજી વિરૂધ્ધ લગ્ન કરેલા છે અને હું મારી પત્નીને છુટાછેડા આપી દેવાનો છું અને હું તારી સાથે જ લગ્ન કરીશ તેવા આશ્વાસન આપી મળવા માટે બોલાવતો યુવતી તેને મળવા માટે જતી અને બન્નેએ એકબીજાની મરજીથી જેટલપુરની હોટલ ખાતે આશરે દશથી અગિયાર વખ ત શરીર સબંધ બાંધી લીધો હતો. છેલ્લે પોતે પરણેલો હોવાનો ભાંડો ફૂટતાં લગ્નની ના પાડી દીધી હતી. અંતે યુવતિએ દૂષ્કર્મની ફરિયાદ નોંધાવી હતી.

પ્રેમી પંખીડાઓ-દંપતિઓ વચ્ચે સ્નેહ સમજદારીનો અભાવ હોય તો આવે ગંભીર પરિણામ

લિવ ઇન રિલેશનશીપમાં પ્રેમિની હત્યા

પ્રેમી ગાળો દઇ માર મારવા દોડતાં પ્રેમીકાએ જ વળતો પ્રહાર કરી છરીના ઘા મારી મોતને ઘાટ ઉતાર્યોઃ પોલીસ સમક્ષ પ્રેમીકાએ ગુનો પણ કબુલી લીધો

રાજકોટ, તા. ૨૭

ફ્રેન્ડશીપ-લવલફરામાં અને લિવ ઇન રીલેશનમાં ડખ્ખાની વારંવાર ઘટનાઓ બનતી રહે છે. દરમિયાન એક કિસ્સામાં લિવ ઇનમાં રહેતાં યુવક-યુવતિ વચ્ચે ડખ્ખો થતાં પ્રેમીકાએ બટાટા છોલવાના ચાકાથી હુમલો કરી પોતાના પ્રેમીને મોતને ઘાટ ઉતારી દીધો હતો. બંને વચ્ચે ઝઘડો થતાં પ્રેમી ગાળો દઇ મારવા દોડતાં પ્રેમિકાએ જ વળતો પ્રહાર કરી દીધો હતો જેના કારણે પ્રેમીના રામ રમી ગયા હતાં.

હત્યાની આ ઘટના પર નજર કરીએ તો સુરતના ઇચ્છાપોર પોલીસ સ્ટેશન વિસ્તાર હેઠળના ભાઠા ગામની ઝૂંપડપટ્ટીમાં લિવ-ઈન રિલેશનશિપમાં રહેતા ેમી-- ેમિકા વચ્ચેના સંબંધોનો લોહિયાળ અંત આવ્યો છે. રોજબરોજના ઝઘડા અને ઘરમાં કોઈ કાયમી કામધંધો ન હોવાના કારણે થતા કંકાસથી કંટાળીને એક મહિલાએ પોતાના જ પાર્ટનરની બટાકા છોલવાના ચપ્પુના ઘા ઝીંકીને ૨૩ જૂને ઘાતકી હત્યા કરી નાખી હતી. શરૂઆતમાં આ મામલો ઇજા કે અકસ્માતનો લાગતો હતો. પરંતુ ફોરેન્સિક પોસ્ટમોર્ટમ રિપોર્ટ આવતા જ સમગ્ર હત્યાનો ભેદ ઉકેલાઈ ગયો હતો.

ઘટનાની ગંભીરતાને જોતા ઇચ્છાપોર પોલીસે કાર્યવાહી કરીને હત્યારી મહિલાની ધરપકડ કરી લીધી હતી. પોલીસ સુત્રોએ જણાવ્યું કે મૃતક રાજરત ઉર્ફે રાજુભાઈ યાદવ અને આરોપી મનીષાબેન છેલ્લા આઠ વર્ષથી ભાઠા વિસ્તારની ઝૂંપડપટ્ટીમાં એકસાથે રહેતા હતા. મૃતક રાજુ કોઈ કાયમી કામધંધો કરતો ન હતો. તે ગુજરાન ચલાવવા માટે છૂટક મજૂરી ખેતમજૂરી કે આજુબાજુ કોઈ પતરા સરખા કરવાનું નાનું-મોટું કામ મળી જાય તો કરતો હતો બાકી મોટાભાગે તે બેકાર જ રહેતો હતો.

આ આર્થિક તંગી અને બેકારીના કારણે બંને વચ્ચે અવારનવાર નાની-નાની વાતોમાં પુષ્કળ ઝઘડા થતા હતા. બે દિવસ પહેલા સાંજના સમયે બંને વચ્ચે ફરી એકવાર કોઈ વાતને લઈને ઉગ્ર બોલાચાલી થઈ હતી. આ બોલાચાલી જોતજોતામાં હિંસક ઝઘડામાં ફેરવાઈ ગઈ હતી. રોજની આદત મુજબ રાજુભાઈએ મનીષાબેન સાથે ગાળાગાળી શરૂ કરી દીધી હતી અને તેને જાનથી મારી નાખવાની ધમકીઓ આપવા લાગ્યા હતા. વાત આટલેથી ન અટકતા રાજુએ મનીષાબેન પર હુમલો કરી પુષ્કળ મારપીટ શરૂ કરી દીધી હતી.

ઘરની અંદર થઈ રહેલા આ આક્રમણથી બચવા માટે મનીષાબેન દોડીને પોતાના ઝૂંપડાના પાછળના ભાગે આવેલી ચોકડી તરફ ભાગ્યા હતા. આરોપી મહિલા પોતાનો જીવ બચાવવા ચોકડી તરફ ભાગી હોવા છતાં, ગુસ્સામાં અંધ બનેલા રાજુએ તેનો પીછો છોડ્યો ન હતો. તે પણ પાછળ દોડી ગયો હતો અને ત્યાં ફરીથી મનીષાબેન સાથે મારઝૂડ ચાલુ રાખી હતી. આ ઝપાઝપી દરમિયાન મનીષાબેનનો હાથ ત્યાં વાસણોની વચ્ચે પડેલા બટાકા છોલવાના ચપ્પુ પર પડ્યો હતો.

પોતાના બચાવમાં અને ગુસ્સાના અતિરેકમાં મનીષાબેને એ જ ચપ્પુ રાજુભાઈના શરીરમાં હુલાવી દીધું હતું. ચપ્પુનો જીવલેણ ઘા વાગતાની સાથે જ રાજુભાઈ લોહીલુહાણ હાલતમાં ત્યાં જ ઢળી પડ્યો હતો. એસીપી શ્વેતા ડેનિયલે જણાવ્યું હતું કે, શરૂઆતમાં એડી દાખલ કરીને તપાસ ચાલુ કરાઈ હતી. પરંતુ મૃત્યુ બાબતે થોડી શંકા જતાં અમે ફોરેન્સિક પીએમ કરાવ્યું હતું. આસપાસના પડોશીઓની પૂછપરછમાં સામે આવ્યું કે મનીષા અને રાજુ છેલ્લા આઠ વર્ષથી સાથે રહેતા હતા અને તેમની વચ્ચે રોજ ઝઘડો થતો હતો, જેમાં રાજુભાઈ મનીષાબેનને રોજ ખૂબ માર મારતા હતા. સાંજે પણ રાજુએ પીછો કરીને મારજૂડ કરતા મનીષાબેને ત્યાં પડેલા વાસણોમાંથી બટાટા છોલવાનું ચપ્પુ લઈને રાજુને મારી દીધું હતું,

જેથી લોહીલુહાણ થતાં તેનું મોત નીપજ્યું હતું. ઝૂંપડામાંથી ચીસાચીસ અને બૂમાબૂમનો અવાજ સાંભળીને આસપાસના પડોશીઓ અને સ્થાનિક લોકો દોડી આવ્યા હતા. લોહીના ખાબોચિયામાં પડેલા રાજુભાઈને જોઈને લોકોએ તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સને કોલ કરીને બોલાવી હતી. રાજુને ગંભીર હાલતમાં સારવાર માટે સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતો, પરંતુ ત્યાં હાજર તબીબોએ તપાસ બાદ તેમને મૃત જાહેર કર્યા હતા. ઘટનાની જાણ થતાં જ ઈચ્છાપોર પોલીસનો કાફલો હોસ્પિટલ અને ઘટનાસ્થળે પહોંચી ગયો હતો અને શરૂઆતમાં અકસ્માત મોતનો ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. આમ લિવ ઇન પાર્ટનર વચ્ચેની લડાઇ લોહીયાળ બની હતી અને પ્રેમીનો ભોગ લેવાયો હતો. મનિષાએ પોતાનો ગુનો પણ કબુલી લીધો હતો.

વિકાસશીલ પ્રોજેક્ટ માટે મનપાને મળશે નિશુલ્ક કન્સલ્ટેશન

પારદર્શક કામગીરીની નેમ

આ તમામ પગલાં પાછળનું મુખ્ય કારણ એ જ છે કે મહાનગરપાલિકાનો વ્યવહાર પારદર્શક બને અને મનપા તંત્રની જે છબી ખરડાઈ છે તેમાંથી પણ તેને મુક્તિ મળે અને ખાસ લોકો મહાનગરપાલિકાની કામગીરી ઉપર ભરોસો પણ રાખી શકે. કોર્પો. હસ્તકના અલગ-અલગ ક્ષેત્રના, પ્રગતિ હેઠળના માળખાકિય પ્રોજેક્ટ્સ બાબતે જે તે ક્ષેત્રના વિષય નિષ્ણાંતોના સલાહ સૂચનો લઈ તેના પર વિચાર વિમર્શ કરી, ગહન ચર્ચા વિચારણાના અંતે યોગ્ય નિર્ણયો લેવામાં આવે તે સુચારૂ વહીવટ માટે ઈચ્છનીય છે. ધી જી.પી.એમ.સી.એક્ટની ક.૩૧ અન્વયે મળેલ સત્તાની રૂએ, કોર્પો. હસ્તકના જુદા જુદા પ્રોજેક્ટ્સ માટે જુદા જુદા વિષયોના નિષ્ણાંત તજજ્ઞો(એક્સપર્ટસ)ની એક સમિતિની રચના કરવા મેયરે વિચાર મુકયો છે.આ સમિતિનું નામ તજજ્ઞ સલાહકાર સમિતિ(એક્સપર્ટસ એડવાઈઝરી કમિટી) રાખવાનું ઠરાવવામાં આવ્યું છે. સમિતિના સભ્યોની સંખ્યા નિયત કરવા માટે, સમિતિના સભ્યોની મુદ્દત નિયત કરવા માટે, આ સમિતિમાં જે તે વિષયના નિષ્ણાત(આમંત્રિત તજજ્ઞ)ની સભ્ય તરીકે નિમણૂક કરવા માટે તથા જરૂરિયાત મુજબ આ સમિતિની બેઠક બોલાવવા માટે આ સમિતિના અધ્યક્ષ(મેયર)ને અધિકૃત કરવાનું ઠરાવવામાં આવ્યું છે. જેની મીટીંગ પણ આવતા સપ્તાહથી શરૂ થઈ જશે.

મેયરે એક્સપર્ટ એડવાઈઝરી કમિટીનું કર્યું ગઠનઃ વિવિધ ક્ષેત્રના તજજ્ઞોની લેવાશે માનદ સેવા

રાજકોટ, તા. ૨૭

રાજકોટ મહાનગરપાલિકામાં નવનિયુક્ત હોદ્દેદારોની વરણી થતા જ કામગીરી અને કાર્યપ્રણાલીમાં ખૂબ મોટું પરિવર્તન દેખાઈ રહ્યું છે. ભૂતકાળમાં મહાનગરપાલિકા દ્વારા જે પણ મોટા પ્રોજેક્ટ અમલી બનાવવામાં આવતા હોય તેના માટે થર્ડ પાર્ટી એટલે કે કન્સલ્ટેશન કંપની ને જવાબદારી સોંપવામાં આવતી હોય છે જેથી તેઓ પ્રોજેક્ટનો ડીટેલ રિપોર્ટ આપી શકે અને પ્રોજેક્ટ કેટલો કામયાબ થશે અને શું પ્રશ્નો ઊભા થશે આ મુદ્દે માહિતી મેળવી શકાય પરંતુ આ પ્રોજેક્ટ અત્યંત ખર્ચાળ પુરવાર થતો હતો જેને હવે રદ કરવામાં આવ્યો હોવાનું પણ જાણવા મળ્યું છે.

મેયર નેહલ શુકલ દ્વારા વિષય નિષ્ણાંતો નું માર્ગદર્શન લેવા અને ચર્ચા વિચારણા કરવા માટે હાલ પહેલ શરૂ કરી છે. સર્વ પથમ વોર્ડ નંબર ૧૪ ના પારડી રોડ ઉપર ના સ્પોર્ટ્સ સંકુલ પ્રોજેક્ટ માટે ચર્ચા વિચારણા કરવામાં આવશે. મુખ્યત્વે નિર્ણય જે લેવાયો છે તેમાં વિવિધ વિષયોના તજજ્ઞોની માનદ સેવા લેવામાં આવશે કે જેવો ખાસ પ્રોજેક્ટ અંગે અભ્યાસ કરી માહિતી પૂરી પાડશે જેથી મહાનગરપાલિકાનો ખર્ચ પણ ઘટશે. બે દિવસ પહેલા મળેલા જનરલ બોર્ડમાં અધ્યક્ષ સ્થાનેથી અરજન્ટ દરખાસ્ત મુકીને ઠરાવ કરવામાં આવતા હવે આ એકસપર્ટ કમીટી કોર્પો.ના જુદા જુદા કામોનો એક હિસ્સો બનશે. કોઇ પણ કામો અને યોજનાઓમાં તે જ વિષયના નિષ્ણાંતોની સલાહ લેવાથી કામના વધુ સારા પરિણામ મળશે. વર્ષોથી મનપા મોટા કામો માટે મોટા ખર્ચ કરીને કન્સલ્ટન્ટ રોકે છે. પરંતુ મેયરે સામાજીક જવાબદારી તરીકે પણ યોગદાન આપવા માંગતા નિષ્ણાંતોને નિમંત્રણ આપ્યું છે.

યોજાયેલી જનરલ બોર્ડમાં મેયરે અધ્યક્ષ સ્થાનેથી ખાસ એક્સપર્ટ એડવાઈઝરી કમિટીની રચનાનો નિર્ણય અને ઠરાવ કર્યો છે જેમાં વિવિધ ક્ષેત્રોના નિષ્ણાંતોને આમંત્રિત કરવામાં આવશે અને તેમની નિમણૂક કરાશે. હાલ જે વિગતો મળી રહી છે તેને ધ્યાને લેતા વિવિધ વિકાસલક્ષી પ્રોજેક્ટ ના સુમેળ અને સુદ્રઢ આયોજન માટે આ નિર્ણય લેવામાં આવ્યો હોવાનું પણ હાલ જાણકાર વર્તુળો જણાવી રહ્યા છે. સમિતિ પ્રોજેક્ટ સંબંધિત ટેક્નિકલ સલાહ અને માર્ગદર્શન આપશે તેમજ જરૂરીયાત મુજબ બેઠક બોલાવવાની સત્તા સમિતિના અધ્યક્ષ (મેયર)ને આપવામાં આવશે. આ વ્યવસ્થાથી મનપાના વિકાસકાર્યો વધુ ગુણવત્તાસભર અને સમયમર્યાદામાં પૂર્ણ કરવામાં મદદ મળશે અને તેના રીપોર્ટ પણ જાહેર કરવામાં આવશે.

મહાનગરપાલિકાનો મુખ્ય હેતુ અને લક્ષ્ય જ એ છે કે રાજકોટ વાસીઓને પૂરતી સુખ સુવિધા મળતી રહે અને વિકાસ પણ તે જ ગતિએ થાય હાલ જે પણ પ્રોજેક્ટ મહાનગરપાલિકા દ્વારા અમલી બનાવવામાં આવતા હોય છે તે ખૂબ લાંબા સમય સુધી ચાલે છે અને નિયત સમય મર્યાદામાં તે પૂર્ણ પણ થતા નથી સામે લોકોને હેરાનગતિ અને બીજી તરફ ખર્ચમાં પણ વૃદ્ધિ થતી હોય છે આ તમામ બાબતોને ગંભીરતાને ધ્યાને લઈ હાલ એક્સપર્ટ એડવાઈઝરી કમિટીનું ગઠન કરવામાં આવ્યું છે જે આ તમામ જવાબદારીઓ માનદ સેવામાં સ્વીકારશે. પ્રગતિ હેઠળના પ્રોજેક્ટ્સમાં જુદી જુદી કામગીરીની ગુણવત્તા જાળવવા માટે તેમજ પ્રોજેક્ટ્સ સમય મર્યાદામાં પૂર્ણ કરવા માટે જુદા જુદા વિષયોના નિષ્ણાંત તજજ્ઞો(એક્સપર્ટસ)ની માનદ્(ઓનરરી) સેવાઓ લેવામાં આવે તો તજજ્ઞોના જ્ઞાન, અનુભવ અને આવડતનો પુરતો લાભ રાજકોટને મળી રહે તેમ છે.

કરકસર માટે મનપાની મથામણ

મનપાનો ખર્ચ ૧૦ ટકા ઘટાડવા સત્તાધિશો મેદાને

સ્થગિત કરેલા ૯૮ કામોનું રીવ્યુ શરૂઃ સરકારી ગ્રાન્ટ લેપ્સ ન થાય તે વાતની ગંભીરતાને ધ્યાને લઈ પ્રોજેક્ટને લીલી ઝંડી અપાય તેવી સંભાવના

રાજકોટ, તા. ૨૭

મહાનગરપાલિકાના હોદ્દેદારોની વરણી થતા જ ગત ટર્મના સ્ટેન્ડિંગ ચેરમેન દ્વારા જે મંજૂર કરેલા કામો હતા અને તેમાં જે કામો ૨૦% કે તેનાથી ઓછી પ્રગતિ થઈ હોય તેવા કામોને સ્થગિત કરી દેવાનું નિર્ણય મેયર અને સ્ટેન્ડિંગ ચેરમેન દ્વારા લેવામાં આવ્યો હતો. હાલ આ અંગે અનેકવિધ ચર્ચા એ જોર પકડ્યું છે અને ફરી વખત મેયર દ્વારા તથા સ્ટેન્ડિંગ ચેરમેન દ્વારા આ અંગે રીવ્યુ બેઠકનું પણ આયોજન કરવામાં આવી રહ્યું છે અને કયા પ્રોજેક્ટને પ્રાયોરિટી ના આધારે ફરી શરૂ કરવામાં આવે તે અંગે પણ હાલ ચર્ચા વિચારણા ચાલી રહી છે. મહાનગરપાલિકાના સૂત્રોના જણાવ્યા અનુસાર અત્યારે મેયર તથા સ્ટેન્ડિંગ ચેરમેન દ્વારા જે વિગતો મળી છે તેમાં મહાનગરપાલિકા નો ખર્ચ ૧૦% જેટલો ઘટે તે માટે હાલ એસી જેટલા પ્રોજેક્ટને આગામી વર્ષ સુધી મુલતવી રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો હોય તેવું પણ જાણવા મળ્યું છે.

સત્તા સંભાળતાની સાથે જ ૯૮ જેટલા કામ સ્થગિત કરી દેવામાં આવ્યા હતા. અને હાલ તે પ્રોજેક્ટનું રીવ્યુ પ્રેઝન્ટેશન પણ ચાલી રહ્યું છે. તેમાંથી ઓછામાં ઓછા ૯૦થી વધુ કામને પેન્ડિંગ રાખવામાં આવશે જેથી વધુ પડતો ખર્ચ અટકી શકે તે દિશામાં હાલ પગલા લેવાશે. મહાનગરપાલિકા દ્વારા અગાઉ હાથ ધરવામાં આવેલા કામોને ધ્યાને લઇ જે સ્થગિત કરવામાં આવ્યા છે અને તેમાં પણ જ્યારે સરકારી ગ્રાન્ટનો પ્રશ્ન ઉભો થતો હોય તે કિસ્સામાં ગ્રાન્ટ પરતનો સરકાર ખેંચે તે વાતની ગંભીરતાને ધ્યાને લઈ એ તમામ પ્રોજેક્ટને શરૂ કરવામાં આવે તેવી પણ અટકળો તેજ બની છે. મહાનગરપાલિકા દ્વારા આશરે ૧૦૦ કરોડ જેટલો ખર્ચ ઓછો થાય તે દિશામાં હાલ પગલાં લેવામાં આવી રહ્યા છે અને તે વાતની ગંભીરતાને ધ્યાને લઈને જ પ્રોજેક્ટને નિર્ધારિત કરવામાં આવશે અને તેની અમલવારી કરાશે.

હાલ મહાનગરપાલિકા માટે જુબેલી શાકમાર્કેટ રીનોવેશન તથા નવા ગાર્ડન જેવા કામ અમલી બનાવવામાં આવ્યા છે પરંતુ તે કામોનું હાલ પ્રેઝન્ટેશન પણ ચાલી રહ્યું છે અને રીવ્યુ પણ થઈ રહ્યો છે. ત્યારે કુલ ખર્ચમાં ૧૦% જેટલો કાપ મૂકવામાં આવે તેવી સંભાવના વ્યક્ત થઈ રહી છે. સૂત્રોના જણાવ્યા અનુસાર હાલ કોઈપણ કાર્ય સંપૂર્ણપણે અટકાવવામાં આવ્યું નથી પરંતુ તે અંગેનું રીવ્યુ હાલ થઈ રહ્યું છે.

મેયરે વ્યકિતગત સ્તરે કોઇપણ કામ અટકાવ્યા નથી. માત્ર ૦ થી ૨૦ ટકા ભૌતિક પ્રગતિ ધરાવતા પ્રોજેકટના રીવ્યુ ચાલી રહ્યા છે. તાત્કાલીક અગ્રતા ન ધરાવતા હોય તેવા કામોનો વિગતવાર અહેવાલ બનાવાઇ રહ્યો છે. સમીક્ષા બાદ આગળના નિર્ણય કરાશે. આથી મેયરે કેટલા પ્રોજેકટસ અટકાવ્યા છે તે પ્રશ્ન તથ્ય સંગત જ નથી તેવું સામાન્ય સભાને અધિકારીઓએ જણાવ્યું હતું. હાલ જે વિગતો મળી રહી છે તેને ધ્યાને લઈ મેયર દ્વારા રાજકોટ શહેરનો પૂર્ણતઃ વિકાસ થાય અને કોઈ પણ પ્રકારની હેરાનગતિનો સામનો રાજકોટ વાસીઓએ ન કરવો પડે સાથોસાથ મહાનગરપાલિકાની તિજોરીને પણ અસર ન પહોંચે તે પ્રકારે હાલ આયોજન હાથ ધરવાનો નિર્ણય લીધો છે અને જેના ભાગરૂપે જ ૨૦% કે તેનાથી ઓછી પ્રગતિ થયેલ કામોને મુલતવી રાખી દેવામાં આવ્યા હતા.

અગાઉની ટર્મમાં ઘણા ખરા પ્રોજેક્ટને સૈદ્ધાંતિક મંજૂરી આપી દેવામાં આવી હતી અને કામગીરી પણ શરૂ કરી દેવાઈ હતી જેમાં રીવ્યુ હાલ થઈ રહ્યા છે અને ઘણા ખરા પ્રોજેક્ટમાં વધુ ખર્ચ આવતો હોવાના કારણે તેને આગામી વર્ષ માટે મૂકવા માટેની પણ તૈયારીઓ તંત્ર દ્વારા કરવામાં આવી રહી છે. ભૂતકાળમાં આ પ્રકાર ની કામગીરી પર રોકટોક મુકવામાં આવી ન હતી જેના કારણે ઘણા ખરા પ્રશ્નો પણ ઉભા થયા હતા ત્યારે આ વખતે હવે તંત્ર યોગ્ય પગલા લેવા માટે હાલ ચર્ચા વિચારણા ચાલુ કરી દીધી છે. ત્યારે બાકી પ્રોજેક્ટના રીવ્યુ થયા બાદ ક્યા પ્રોજેક્ટને અમલી બનાવવામાં આવે અને પ્રોજેક્ટ ફરી શરૂ કરાય તે દિશામાં નિર્ણય લેવાશે.

સ્વચ્છતા પરમો સેવા !

દર મહિનાના પ્રથમ રવિવારે સ્વચ્છતા ઝુંબેશ

મેયરની જાહેરાત, મ્યુનિસિપલ કમિશનરને સોપાઈ જવાબદારી, માઈક્રો પ્લાનિંગ કર્યા બાદ ઝુંબેશનો થશે પ્રારંભ

રાજકોટ, તા. ૨૭

કોઈપણ દેશનો વિકાસ ત્યારે જે શક્ય બને કે જ્યારે માળખાગત સુવિધાઓની સાથોસાથ લોકોનું શૈક્ષણિક તથા સ્વાસ્થ્ય ખૂબ જ સારું હોય જે માટે સ્વચ્છતા પણ એટલી જ આવશ્યક છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા સ્વચ્છ ભારત મિશનને ભૂતકાળમાં જ અમલી બનાવી દીધું હતું જેનો હેતુ એ છે કે વૈશ્વિક ફલક ઉપર ભારતનું એક આગવું સ્થાન સુનિશ્ચિત થાય. જે વાતને ધ્યાને લઈ રાજકોટ સહિત રાજ્યના તમામ શહેરોમાં સ્વચ્છતા ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી વિશેષ દિવસે તો ખાસ ડ્રાઈવ પણ સ્વચ્છતા અંગે ચલાવવામાં આવી રહી છે. આ વાતની ગંભીર તારે ધ્યાને લઈ રાજકોટ મહાનગરપાલિકા દ્વારા જુદા જુદા વિસ્તારમાં હાલ જે સફાઈ કામગીરી કરવામાં આવી રહી છે તેને વધુ શુદ્રઢ બનાવવા માટેનો નિર્ણય લેવાયો છે જે અંગે મ્યુનિસિપલ કમિશનરને ખાસ જવાબદારી પણ સોંપવામાં આવી હોવાનું મહાનગરપાલિકાના સૂત્રો દ્વારા જણાવવામાં આવ્યું છે. સ્વચ્છતા ઝુંબેશને વેગવંતી બનાવવા માટે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા બુથવાઈઝ અભિયાન શરૂ કરાશે તેમ મેયર ડો.નેહલ શુકલએ કહ્યું હતું.

દર મહિનાના પહેલા રવિવારે શહેરના તમામ વોર્ડમાં સવારે ૭ થી ૮ કલાક દરમિયાન પ્રત્યેક વોર્ડ દીઠ એક બુથ(હાલમાં કુલ ૧૮) એ મુજબ, બુથ હેઠળ આવતા રસ્તા, શેરી, ખુલ્લા પ્લોટ, વોંકળા, બાગ-બગીચા, સરકારી મિલકતો સહિતના તમામ વિસ્તારમાં ઘનિષ્ઠ સફાઈ કામગીરી કરવાની રહેશે. મહાનગરપાલિકાના સંબંધિત વોર્ડના સફાઇ કામદાર સહિત સંબંધિત વોર્ડના તમામ શાખાના અધિકારી/કર્મચારીઓએ હાજર રહી, ઘનિષ્ઠ સફાઇ કામગીરી કરવાની રહેશે. આ ઘનિષ્ઠ સફાઇ કામગીરી કાર્યક્ષમ અને અસરકારક બની રહે તે માટે માઇક્રો લેવલ પ્લાનિંગ સહિતની આગળની તમામ કાર્યવાહી કમિશનરે કરવાની રહેશે.

વોર્ડની બુથની સંખ્યામાં ભવિષ્યમાં ફેરફાર થાય તો તે મુજબ ઘનિષ્ઠ સફાઇ કામગીરીનું આયોજન કરવાનુ રહેશે. આ રીતે ચૂંટાયેલા લોકો અને અધિકારીઓને પણ આ સફાઇ અભિયાનમાં મેયર જોડવાના છે.

હાલ આ બાબતની જાહેરાત મેયરના અધ્યક્ષ સ્થાને થઈ ચૂકી છે પરંતુ આ કામગીરી માત્ર એક બે રવિવાર પૂરતી જ સીમિત ન રહી જાય તે હેતુસર માઇક્રો પ્લાનિંગ કરવામાં આવશે અને તેની જવાબદારી મ્યુનિસિપલ કમિશનરને સોંપવામાં આવેલી છે. આ ઝુંબેશ કેટલી સાર્થક નિવડે છે તે જોવાનું રહ્યું પરંતુ ખરી વાસ્તવિકતા એ છે કે હાલ રાજકોટના લોકોને જે સ્વયંશિસ્ત આવવું જોઈએ તે હજુ સુધી દેખાયું નથી અને વિવિધ સ્થાન પર ગંદકીના ગંજ જોવા મળી રહ્યા છે.

જિલ્લા પંચાયતની ૯ મીએ સામાન્ય સભા

અગત્યની સમિતિઓની પણ રચના થાય તેવી શક્યતા

રાજકોટ, તા. ૨૭

મહાનગરપાલિકાની જનરલ બોર્ડની બેઠક પૂર્ણ થઈ ચૂકી છે ત્યારે હવે રાજકોટ જિલ્લા પંચાયતની ચૂંટણી પણ પૂર્ણ થઈ ગઈ છે અને હાલ કામગીરી પણ નવનિયુક્ત હોદ્દેદારોએ શરૂ કરી દીધી છે. ત્યારે આગામી ૯ જુલાઈના રોજ જિલ્લા પંચાયતની સામાન્ય સભા મળવાની છે અને ખાસ અગત્યની સમિતિઓની પણ રચના થશે.રાજકોટ જિલ્લા પંચાયતની ચૂંટણી પૂર્ણ થયાના એક મહિના બાદ હવે વહીવટી પ્રક્રિયાએ વેગ પકડ્યો છે. આગામી ૯મી તારીખના રોજ જિલ્લા પંચાયતની સામાન્ય સભાનું આયોજન કરવામાં આવ્યું છે, જેમાં જિલ્લા પંચાયતની તમામ અગત્યની સમિતિઓની વિધિવત રચના કરવામાં આવશે. હાલ જિલ્લા પંચાયત હેઠળ ઘણાખરા કાર્યો જે ભૂતકાળમાં થયેલા હોય તેની યોગ્ય સમીક્ષા પણ નવનિયુક્ત હોદ્દેદારો દ્વારા કરાશે તેવું હાલ જિલ્લા પંચાયતના સૂત્રો જણાવી રહ્યા છે.જિલ્લા પંચાયતમાં પ્રમુખ અને ઉપપ્રમુખની વરણી પહેલેથી જ થઈ ચૂકી છે, પરંતુ વિવિધ સમિતિઓના ચેરમેન અને સભ્યોની વરણી હજુ સુધી બાકી હતી. વહીવટી કામગીરીને સુચારુ રૂપ આપવા માટે આગામી ૯ તારીખે બોલાવવામાં આવેલી આ સામાન્ય સભામાં રાજકોટ જિલ્લા પંચાયતની કુલ ૮ જેટલી સમિતિઓની રચના કરવામાં આવશે.

જિલ્લા પંચાયતની મહત્વની સમિતિઓમાં (જેમ કે કારોબારી, બાંધકામ, આરોગ્ય વગેરે) સ્થાન મેળવવા માટે ચૂંટાયેલા સભ્યો દ્વારા અત્યારથી જ પડદા પાછળની ગતિવિધિઓ તેજ કરી દેવામાં આવી છે. સૂત્રોના જણાવ્યા અનુસાર સમિતિઓમાં ચેરમેનપદ કે સભ્યપદ મેળવવા માટે સભ્યોએ ભાજપના ઉચ્ચ નેતાઓ અને સંગઠનના આગેવાનોનો સંપર્ક સાધીને ધમધોકાર લોબિંગ શરૂ કરી દીધું છે. પદ મેળવવા માટે ચૂંટાયેલા નેતાઓ પોતાના ક્ષેત્ર (વિસ્તાર) અને જ્ઞાતિ આધારિત સમીકરણોને આગળ ધરીને દાવેદારી નોંધાવી રહ્યા છે.વિવિધ મહત્વની ગણાતી સમિતિઓ માટે લોબિંગ પણ હાલ શરૂ કરી દેવામાં આવ્યું હોવાનું જાણવા મળ્યું છે ત્યારે પ્રદેશ ભાજપ કઈ રીતે અને કોને તક આપશે તે હવે જોવાનું રહ્યું. મળતી માહિતી મુજબ હાલ મહાનગરપાલિકાની વિવિધ સમિતિઓના ચેરમેનની નિમણૂક પણ પ્રદેશ ભાજપ દ્વારા કરવામાં આવી હતી ત્યારે જિલ્લા પંચાયતની વિવિધ સમિતિઓની રચના પણ પ્રદેશ ભાજપના વડપણ હેઠળ જ કરવામાં આવશે. ત્યારે હવે જોવાનું એ રહ્યું કે જે લોબિંગ આગેવાનો દ્વારા કરવામાં આવ્યા તે કેટલા અસરકારક નીવડશે. નવનિયુક્ત હોદ્દેદારોની નિમણૂક થતા જ પ્રમુખ સંજય પીપળીયાના પુત્ર વિવાદમાં ઘેરાયા હતા ત્યારે શું કામગીરી જિલ્લા પંચાયત દ્વારા આવનારા દિવસોમાં કરવામાં આવશે તે અંગે પણ ઘણા ખરા પ્રશ્નો ઊભા થયા છે. હાલ છે વિગતો મળી રહી છે તેને ધ્યાને લેવામાં આવે તો જિલ્લા પંચાયતની ભૂતકાળથી કામગીરી અંગે લોકોમાં નારાજગી જોવા મળી હતી અને કામગીરી અંગે પણ ઘણા ખરા સવાલો ઉભા થયા હતા. હાલ સમિતિઓની રચના અંગે પણ ઘણા પ્રશ્નો ઊભા થઈ રહ્યા છે જેનું તાકીદે નિવારણ આવશે એવું જણાઈ રહ્યું છે.